MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૯-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 કોહલી ૫ કરોડ ફોલોઅર્સ ધરાવનાર પ્રથમ ભારતીય, પ્રિયંકા બીજા સ્થાને

5 પરાજય નિશ્ચિત હતો પણ પ્રેમિકા અડીખમ સાથે ઊભી રહીને પરીણામ બદલાઇ ગયુ

7 એલઆરડી ભરતી મામલે સરકારે કહ્યું: ૧ ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રનો અમલ નહીં થાય

10 પાનોલી જીઆઇડીસીની જય-મહાકાલી કેમિકલ કંપનીમાં તપાસનો રેલો

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **9999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

૬ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયા હતા

સચિન જીઆઈડીસીમાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી

સુરત

સુરતમાં દિવસે અને દિવસે આગના બનાવો વધતા રહે છે અને તંત્ર દ્વારા પણ કડક પગલાં ભરવામાં આવતા હોવા છતાંયે ક્યાંક નહીંને ક્યાંક ફાયર ફાયર સેફટીમાં ચૂક રહી જવાથી આગના બનાવો સર્જાતા રહે છે. મંગળવારના રોજ સુરતના સચિન વિસ્તારમાં આવેલી જીઆઈડીસીમાં ભીષણ આગ લાગવામાં પામી હતી. ૬ ફાયર ફાઈટર ઘટના સ્થળે આગ બુઝાવવા પહોંચી ગયા



હતા.પ્રાથમિક માહિતી અનુસાર આગ પ્લાસ્ટિકના ગોડાઉનમાં લાગી હોવાથી વિકરાળ રૂપ ધારણ કરી લીધું છે. પ્લાસ્ટિક સળગ્યું હોવાના લીધે આગના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા હતા. સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને આગને કાબુમાં લેવાના પ્રયત્નો કરી રહ્યા છે. જાન હાનિનો બનાવ હજુ સુધી ચોપડે નોંધાયો નથી.

સરકારી કચેરીની આસપાસ ઉપવાસ કે ધરણા કરવા નહીં

નવસારી

ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની દુર્ઘટનાઓ વારંવાર બનવા પામી છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંદ્વચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગે પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે.

નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોદ્વચે અને લોકોમાં સંવાદિતા જળવાય તે હેતુસર નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.જે.રાઠોડે એક જાહેરનામા ધ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી કલેકટર અને મેજીસ્ટ્રેટની કચેરી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી નવસારી કચેરી તથા પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તથા તાલુકા ખાતે આવેલી તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજ્યાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થવા સભા/સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી તા.૨૬/૦૨/૨૦૨૦ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર સજાને પાત્ર થશે.



ચોમાસામાં સતત બે કાંઠે વહેતી તાપી નદી હાલ પાણીના અભાવે સૂકી ભટ્ટ ભાષે છે. ઉનાળાની શરૂઆત થતા નદી પટમાં દરિયાના પાણીના કારણે મીઠાની સપાટી બાજી જતા નદી પટ સફેદ દેખાઈ રહ્યો છે. પાણીના અભાવે લગભગ મેદાન બની ગયેલી તાપી નદીના પટની આ તસ્વીર છે.

ચપ્પુની અણીએ રીક્ષામાં જતા ત્રણ મુસાફરો પાસેથી મોબાઈલ ઝૂંટવી લૂંટારું ફરાર

સુરત

મૂળ રાજસ્થાનનો વતની અને સુરતમાં ગોડાદરા નહેર ગીતાંજલી સ્કુલ પાસે શિવપાર્ક સોસાયટી ઘર નં.૧૫૬,૧૫૭માં રહેતો ૧૯ વર્ષીય જીતેન્દ્ર પારસમલ સોલંકી રીંગરોડ ઋષભ માર્કેટમાં એક દુકાનમાં નોકરી કરે છે. ગત રાત્રે નોકરી પૂરી કરી નવ વાગ્યાના અરસામાં તે રઘુકુળ માર્કેટથી રીક્ષામાં ઘરે જવા નીકળ્યો હતો.

રીક્ષામાં તેની સાથે બીજા પાંચ મુસાફરો હતા. દરમિયાન, રીક્ષા નારાયણનગર બ્રીજ મીઠીખાડી બાયપાસ રોડ પાસે પહોંચી ત્યારે સફેદ રંગની એક મોટરસાયકલ ઉપર ત્રણ અજાણ્યાએ આવી રીક્ષાની આગળ મોપેડ ઉભું રાખી રીક્ષા અટકાવી હતી. હાથમાં તલવાર અને ચપ્પુ સાથે ત્રણેય રીક્ષા પાસે આવ્યા હતા અને જીતેન્દ્ર ઉપરાંત અન્ય બે મુસાફર જયશંકર ઉપાધ્યાય અને દીપકકુમાર યાદવ પાસેથી રૂ.૨૦,૦૦૦ની કિમતના ત્રણ મોબાઈલ ફોન લુંટી મોપેડ ઉપર ફરાર થઈ ગયા હતા.

જીતેન્દ્રને જાણ હતી કે થોડે દુર પોલીસ પોઈન્ટ છે. આથી તમામ ત્યાં પહોંચ્યા હતા અને બનાવની જાણ કરી પોલીસને સ્થળ ઉપર લાવ્યા હતા. પોલીસે આજુબાજુના વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ લુંટારુઓ હાથ લાગ્યા ન હતા.

બનાવ અંગે જીતેન્દ્રએ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ગતરાતે બનેલી આ ઘટનાને પગલે સ્પષ્ટ થયું છે કે લીંબાયત વિસ્તારમાં અસામાજીક તત્વોને પોલીસની કોઈ ધાક જ નથી. ઉપરાછાપરી હત્યાના બનાવો બાદ અસામાજીક તત્વો પોલીસ પોઈન્ટ નજીક લુંટફાટ કરતા ખચકાતા નથી. તે પોલીસની નિષ્ક્રિયતા છતી કરે છે.

વલસાડ કોલેજમાં એન્જીનિયરિંગ વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાયો

વલસાડ

વલસાડની સરકારી ઈજનેરી કૉલેજ ખાતે રૂસા અંર્તગત એન્જીનિયરિંગના વિદ્યાર્થીઓ માટે 'એન્હેંસિંગ સ્ટુડન્ટસ પર્ફોમન્સ્ થ્રુ લાઈફ સ્કિએલ્સા' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને જીવનના વિવિધ કૌશલ્યો અને સકારાત્મક અભિગમ દ્વારા અભ્યાસ તેમજ જીવનમાં કેવી રીતે સફળતા મેળવી શકાય તે અંગે એલ.ડી કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. એચ.વી.ત્રિવેદીએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. બધા વિદ્યાર્થીઓ દ્વારા 'ડોન્ટ્ સ્વેટ ધ સ્મોલ સ્ટફ' પુસ્તક વિશે ગ્રૂપચર્ચા કરવામાં આવી. આચાર્ય ડૉ.વી.એસ. પુરાણીએ વિદ્યાર્થીઓને જીવનમાં અભ્યાસ સાથે વિવિધ કૌશલ્યો કેળવવાની પ્રેરણા આપી હતી. પ્રો.ભાવેશ રાણાએ વર્કશોપનું સંકલન કર્યું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહીને ઉત્સાહભેર ભાગ લીધો હતો.

દક્ષિણ ગુજરાત કક્ષાનો કલા મહાકુંભ એરૂની ઈન્ટરનેશનલ શાળામાં યોજાયો

સ્પર્ધકોની પસંદગી માટે ૨૧ નિર્ણાયકોએ સેવા આપી

નવસારી

નવસારી-એરૂ ખાતે આવેલી શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ પ્રેરિત તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ આયોજીત તથા યુવા વિકાસ અધિકારી અને રમતગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષાનો કલા મહાકુંભ ૨૦૧૯-૨૦ ઉત્સાહભેર યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, કલા એ પછી કોઈપણ સ્વરૂપમાં હોય અંતરનો અવાજ બુલંદ કરે છે. અંતરનો અવાજ સાંભળી આત્મશ્રધ્ધા વધારે છે. જા આત્મશ્રધ્ધા હોય તો કોઈપણ વિપરીત પરિસ્થિતિમાં પણ વ્યકિત આગળ આવી શકે છે.

આ પ્રસંગે ભકતાશ્રમ શાળાના નિયામક અને શિક્ષણવિદ શ્રી ધર્મેશ કાપડીયાએ જણાવ્યું હતું કે, ભારતીય સાહિત્ય, કલા, સંગીત, નૃત્ય, નાટય જેવી પ્રવૃત્તિથી માનવીય મૂલ્યનું આરોપણ થાય છે. માણસમાં પ્રેમ, કરૂણા, સંવેદના અને વિશ્વ નાગરિકની ભાવના ખીલે છે. ભારતીય સાંસ્કૃતિક વારસાની જતન અને સંવર્ધન માટે કલા-મહાકુંભ જેવા આયોજન ખૂબ જ અગત્યતા ધરાવે છે.

દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષામાં આ કલા મહાકુંભ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, સુરત શહેર, સુરત ગ્રામ્ય, નવસારી, વલસાડ, અને ડાંગ જિલ્લાના ૬૦૬ જેટલા જિલ્લાકક્ષાના વિજેતાઓ ગિટાર, શાસ્ત્રીય કંઠય, સંગીત સ્કુલ બેન્ડ, કાવ્યલેખન, ગઝલ શાયરી, મોહિની અટટમ, સમૂહગીત જેવા સ્પર્ધાત્મકો ઉપસ્થિત રહયાં હતાં. તેમનું મુલ્યાંકન કરવા માટે ગુજરાતભરમાંથી ૨૧ જેટલા વિવિધક્ષેત્રના તજજ્ઞ નિર્ણાયકોએ સેવા આપી હતી.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિરેનભાઈ પટોડીયાએ પ્રાસંગિક પ્રવચન કરી મહેમાનોને આવકાર્યા હતાં.

આ પ્રસંગે શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કુલના આચાર્ય શ્રી પ્રફુલ્લભાઈ ગોદ્વડલીયા, જિલ્લા રમતગમત અધિકારી શ્રી જી.જી.વળવી, પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી વિરલભાઈ ચૌધરી, સ્કુલના ઉપાચાર્ય શ્રી હિરેનભાઈ, શ્રી ઉમેશ મહેતા ઉપસ્થિત રહયાં હતાં.

ફાયર સેફ્ટી અંગે કમલા ટેક્સટાઈલ માર્કેટ અને સીટી સેન્ટર કોમ્પ્લેક્ષ સીલ

યોગી ચોકના કોમ્પ્લેક્ષની ૧૨૨ દુકાનોને સીલ મારી દેવાયા

સુરત

તક્ષશિલા અગ્નિકાંડ અને રઘુવીર માર્કેટમાં લાગેલી આગ બાદ ફાયર વિભાગ દોડતું થયું છે. સુરતમાં ફાયર બ્રિગેડ વિભાગે અપૂરતી ફાયર સુવિધાવાળી મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં રિંગરોડ ખાતે આવેલી કમલા ટેક્સટાઈલ માર્કેટ અને યોગીચોક ખાતે સીટી સેન્ટર કોમ્પલેક્ષને સીલી મારવામાં આવ્યું છે.

તક્ષાશિલા અગ્નિકાંડે દેશભરમાં ચકચાર જગાવી હતી અને આ ઘટના બાદ આવી ઘટના બીજી વખત ન બને તે માટે ફાયર વિભાગ સફાળું જાગ્યું છે. સુરતમાં ફાયર વિભાગે સર્વે હાથ ધર્યો છે અને અપૂરતી ફાયર સુવિધાવાળી મિલકતોને નોટીસ આપવામાં આવી રહી છે અને નોટિસની અવગણના થતા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં મોડી રાત્રીથી સવાર સુધીમાં ફાયર વિભાગ દ્વારા રિંગરોડ ખાતે આવેલી કમલા ટેક્સટાઈલમાર્કેટની ૭૦ જેટલી દુકાન, યોગી ચોક ખાતે આવેલા સીટી સેન્ટર કોમ્પલેક્ષની ૧૨૨ દુકાન અને દિલ્હી ગેટ ખાતે આવેલા અમિત ફેશન નામની મોલ શોપને સીલ કરવામાં આવી છે.

શહેરમાં અલગ અલગ વિસ્તારમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટ સહિતની ઈમારતોમાં આવેલી દુકાનોમાં પણ અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૨૨,૬૯૨ જેટલી દુકાનોને સીલ કરવામાં આવી છે. સાથે જ ફાયરબ્રિગેડ દ્વારા સર્વે અને સિલિંગની કામગીરી કમિશનર સાહેબના આદેશ મુજબ સતત કરવામાં આવી રહી છે. જયાં પણ ફાયર સેફ્ટીની અપૂરતિ સુવિધા સામે આવે ત્યાં નોટિસ ફટકાર્યાના દિવસોમાં કામગીરી ન થાય ત્યાં સિલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

બોર્ડ પરીક્ષા માટે નિ:શુલ્ક તાલીમ વર્ગોનું આયોજન

વલસાડ

શ્રીમતિ સુશીલાદેવી ગુપ્તા ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૧૨ વર્ષથી સમાજના વિવિધ ક્ષેત્રે કાર્યરત છે. તેઓ સ્ત્રીઓના આર્થિક વિકાસ માટે સિવણ, બ્યુટી પાર્લર વિગેરે જેવા કાર્યો કરી સ્ત્રીઓને મદદરૂપ થાય છે.

કન્ટ્રી ફર્સ્ટ પ્રા.લી. અને શ્રીમતિ સુશીલાદેવી ગુપ્તા ચેરીટેબલ ટ્રસ્ટ ધો-૧૦ અને ધો-૧૨ના બોર્ડના વિદ્યાર્થી માટે પરીક્ષાની છેવટની તૈયારી માટે મફત તાલીમ વર્ગોનું આયોજન કરે છે. વહેલા તે પહેલાના ધોરણે એડમીશન આપવામાં આવશે. નામ નોંધાવ્યા બાદ બેચ પ્રમાણે કલાસીસનો સમય જણાવવામાં આવશે. આ માટે વધુ માહિતી માટે વિશાલ ગુપ્તા મો.નં-૭૫૬૭૫૭૪૭૭૫/૬૩૫૬૩૩૬૬૬૦ અથવા ૯એ, સિધ્ધ શીલા-૨, લોટસ હોસ્પિટલની સામે, વલસાડનો સંપર્ક કરવા શ્રીમતિ સુશીલાદેવી ગુપ્તા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

વેસુમાં રહેતી ૨૧ વર્ષની યુવતી પ્રિયંકાબેન ખત્રી ગુમ

સુરત શહેરના ઉમરા પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૭/૦૨/૨૦૨૦ ના રોજ ઘર નં. ૪૬૮, હેડગેવાર નગર, સુડા, વેસુ (મૂળ વતનઃ ગાઉનગર જી.ઔરંગાબાદ બિહાર) સુરત ખાતે રહેતા શિવકુમાર મહાવીર પ્રસાદ ખત્રીની ૨૧ વર્ષીય પુત્રી પ્રિયંકાબેનને કોઈ અજાણ્યા દ્વારા અમપરણ થયાની ફરિયાદ નોંધાય છે. જે શરીરે પાતળા બાંધાના, રંગે ગોરા વર્ણ તથા ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે એ.વી.પી સ્કૂલનો લીલા કલરનો ટોપ અને સફેદ ચેક્સ વાળો ટુકી બાયનો શર્ટ પહેર્યો છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પો. સ્ટેશન અથવા ઉમરા પો.સ્ટેશનમાં જાણ કરવા જણાવાયું છે.

પૂણાની યુવતી રૂપલબેન પાનસુરિયા એકાએક ગુમ

સુરત શહેરના પુણા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૧૦/૦૨/૨૦૨૦ ના રોજ નંદનવન સોસાયટી, પુણાગામ (મૂળ વતનઃ રાણશીકી તાઃ ગોંડલ જી.રાજકોટ) ખાતે રહેતા પ્રવીણભાઈ નાગજીભાઈ પાનસુરીયાની ૨૦ વર્ષીય પુત્રી પારુલબેન પોતાના ઘરેથી કોઈને કઈ કહ્યા વગર ચાલી ગયા છે. તે શરીરે મધ્યમ બાંધાના, રંગે ગોરા વર્ણ તથા ઉંચાઈ ૫.૪ ફૂટ છે. તેમણે પીળા અને કાળા રંગની કુર્તી અને કાળા રંગની લેગીજ પહેરી છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવાયું છે.

ટર્મની છેલ્લી સામાન્ય સભામાં બોલવા માટે પણ કોર્પોરેટરને રિહર્સલ કરવું પડે..!!

સુરત

સુરત મ્યુનિ.ની આ ટર્મની છેલ્લી સામાન્ય સભા હોવા છતાં પણ ભાજપના કોર્પોરેટરોએ સામાન્ય સભામાં છવાઈ જવાની ઘેલછાના કારણે હાસ્યાસ્પદ બની રહ્યાં છે. ભાજપના એક કોર્પોરેટર સામાન્ય સભાની શરૂઆત પહેલાં જ આવી ગયાં અને સભામાં બજેટની ચર્ચા માટે રિહર્સલ કરતાં જોવા મળ્યા હતા.

મ્યુનિ.ના આ ટર્મની છેલ્લી સામાન્ય સભાના બીજા દિવસે સભાની કામગીરી શરૂ થાય તે પહેલાં માત્ર ૩૦ કોર્પોરેટર જ હાજર હતા. વંદેમારતના ગાન પછી ભાજપ- કોંગ્રેસના કોર્પોરેટર આવ્યા હતા.

ભાજપના કોર્પોરેટર વિજય ચૌમલ બીજા દિવસની સામાન્ય સભાની કાર્યવાહી શરૂ થાય તેનો ઘણો સમય પહેલા જ આવી ગયાં હતા. સભા હોલ ખાલી હતો ત્યારે ભાજપના કોર્પોરેટર ચૌમલ પોતાની જગ્યા પર ઉભા રહી ગયાં હતા.

પોતે બોલવાના હોય તેનું રિહર્સલ કરતાં જોવા મળ્યા હતા. સભા ખંડમાં ડાયસ ખાલી અને કોર્પોરેટરો પણ હાજર ન હોવાથી વિજય ચૌમલને રિહર્સલ કરતાં જોય હાજર લોકોમાં આશ્ચર્ય સાથે હાસ્ય ફેલાયું હતું. રિહર્સલ બાદ વિજય ચૌમલે સુરતના પર્યાવરણ અંગે પોતાનું વકતવ્ય આપ્યું હતું.

બોર્ડ પરીક્ષા કેન્દ્રોની સુરક્ષા માટે પ્રતિબંધક હુકમો

પરીક્ષા કેન્દ્ર પાસે શાંતિભંગ થાય તેવું કોઈ કૃત્ય કરાયું

નવસારી

કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસસી) દ્વારા તાત્કાલિક અસરથી તા.૩૦/૦૩/૨૦૨૦ દરમિયાન ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આદ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધારે વ્યકિતઓને ભેગા થવા, સભા ભરવા, સરઘસ કાઢવા, કોઈપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ સ્માર્ટ બેન્ડ લઈ જવા ઉપર કે લાઉડ સ્પીકર વગાડવા કે અવાજ મોટો કરવાનું કોઈ યંત્ર વગાડવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/ફેકસ સેન્ટરો પર તાત્કાલિક અસરથી તા.૨૯/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૭-૦૦ થી ૧૯-૦૦ કલાક દરમિયાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૯-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

અમેરિકન થીંક ટેક દ્વારા જાહેર કરાયો ટોપ ટેન દેશોનો આર્થિક રિપોર્ટ

ભારતે પાંચમી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશ તરીકેનું સ્થાન મેળવ્યું



દેશની જીડીપી ૨૦૯ લાખ કરોડ રૂપિયા, સરકારે ૨૦૨૫ સુધી ૩૫૫ લાખ કરોડનું લક્ષ્ય નક્કી કર્યું છે, ભારતનું સર્વિસ સેકટર વિશ્વની ઝડપથી વધતા સેકટરમાં સામેલ

બ્રિટન અને ફ્રાન્સને પછાડી ભારતે સાતમેથી પાંચમા ક્રમે સ્થાન મેળવ્યું, જીડીપીનો વાર્ષિક ગ્રોથ ૫ ટકા રહેવાનું અનુમાન

ન્યુ દિલ્હી

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત પહેલા ભારતે આર્થિક મોરચે એક સિધ્ધિ મેળવી છે. અર્થવ્યવસ્થામાં વિશ્વના ટોપ ૧૦ દેશોમાં સાતમા સ્થાને રહેનાર ભારતે બ્રિટન અને ફ્રાન્સને પછાડીને હવે વિશ્વમાં પાંચમી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશ તરીકેનું સ્થાન મેળવ્યું છે. જેને મોદી સરકારની એક સફળતા માનવામાં આવી રહી છે. ૨૦૧૯માં ભારત ૨૦૯ લાખ કરોડની જીડીપી સાથે પાંચમા ક્રમનું સૌથી મોટુ અર્થવ્યવસ્થા ધરાવનાર દેશ બનતા અર્થતંત્રને લઈને થઈ રહેલી મોદી સરકારની આલોચના કરનારાઓ માટે બાબત તેમની આલોચનાના જવાબ સમાન હોઈ શકે એમ સૂત્રો માની રહ્યાં છે. અમેરિકાની થિંક ટેક વર્લ્ડ પોપ્યુલેશનના રિવ્યુનો રિપોર્ટ જાહેર થયો છે. જેમાં- ભારતની નીતિઓ હવે ગ્લોબલ ઈકોનોમી મુજબ અમલમાં ચાલી રહી છે એમ જણાવીને ભારતની જીડીપી ૨૦૯ લાખ કરોડ રૂપિયા હોવાનું જાહેર કર્યું છે. જો કે મોદી સરકારે ૨૦૨૫ સુધી ૩૫૫ લાખ કરોડનું એટલે કે ૫ ટ્રીલીયન ડોલરની અર્થવ્યવસ્થાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળો દેશ બની ગયો છે. ૨.૯૪ ટ્રિલિયન ડૉલરની ઈકોનૉમી સાથે ભારત વર્ષ ૨૦૧૯માં બ્રિટન અને ફ્રાન્સ કરતા આગળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવનાર પાંચ વર્ષની અંદર ભારતે ૫ ટ્રિલિયન ડૉલરની ઈકોનૉમી બનાવવાનું લક્ષ્ય રાખ્યુ છે.

અમેરિકાની શોધ સંસ્થાન વર્લ્ડ પૉપ્યુલેશન રિવ્યુએ પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે આત્મનિર્ભર બનવાની પૂર્વની નીતિથી ભારત હવે આગળ વધતા એક ખુલ્લી બજારવાળી અર્થવ્યવસ્થાના રૂપમાં વિકસિત થઈ રહ્યુ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જીડીપીના મામલે ભારત ૨.૯૪ લાખ કરોડ ડૉલરની સાથે દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળુ દેશ બની ગયુ છે. આ મામલે તેમને ૨૦૧૯માં બ્રિટન તથા ફ્રાન્સને પાછળ છોડી દીધુ. બ્રિટનની અર્થવ્યવસ્થા ૨.૮૩ ટ્રિલિયન ડૉલર છે જ્યારે ફ્રાન્સનું ૨.૭ ટ્રિલિયન ડૉલર છે. પીપીપીના આધારે ભારતનું જીડીપી ૧૦.૫૧ ટ્રિલિયન ડૉલર છે અને આ જાપાન તથા જર્મનીથી આગળ છે.

રિપોર્ટમાં કોંગ્રેસના શાસન સમયે શરૂ કરવામાં આવેલા ઉદારીકરણના વખાણ કરવામાં આવ્યા છે. ભારતમાં આર્થિક ઉદારીકરણ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં થયું છે. ઉદ્યોગોને છૂટ આપવામાં આવી અને વિદેશી વેપાર અને રોકાણ પર પણ અંકુશ ઓછો કરવામાં આવ્યો. આ સાથે જ સરકારી કંપનીઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું. આ ઉપાયોથી આર્થિક વૃદ્ધિ તેજ કરવામાં મદદ મળી છે. રિપોર્ટ રજૂ કરનાર અમેરિકીના વર્લ્ડ પૉપ્યુલેશન રિવ્યૂ એક સ્વતંત્ર સંગઠન છે.

ઉલ્લેખનીય છે કે, જીડીપી ગ્રોથ મામલે ભારતીય અર્થ વ્યવસ્થાની સ્થિતિ સારી નથી.

અનુસંધાન પાના નં. ૪

કોરોના વાયરસની ભારત પર પણ અસર, પીએમઓને જાણ કરશે નાણામંત્રી

નાણામંત્રીની કબૂલાત : કોરોનાની અસર ભારતમાં ઉદ્યોગ ક્ષેત્રે પણ પડી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસથી ચીનમાં પાયમાલી થઈ છે, જેની અસર હવે ભારતીય અર્થવ્યવસ્થા પર જોવા મળી રહી છે. કારણ કે ભારતમાં ચીનમાંથી ઉત્પાદનોની આયાત મોટા પાયે કરવામાં આવે છે. કોરોના વાયરસથી ચીનમાં ઉત્પાદન પ્રભાવિત થયું છે અને ભારતમાં માંગ ઓછી થઈ છે. હકીકતમાં, ભારતીય અર્થવ્યવસ્થા પર કોરોના વાયરસની અસર વચ્ચે, મંગળવારે, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. બેઠકમાં કોરોના વાયરસની અસર વિશે ચર્ચા થઈ હતી.



નાણામંત્રીએ મહત્વના ઉદ્યોગકારો સાથે બેઠક યોજીને સમીક્ષા હાથ ધરી

આ બેઠકમાં નિર્મલા સીતારમણ ઉપરાંત નાણાં સચિવ અને તમામ મોટા ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં નાણાં પ્રધાને કહ્યું કે કોરોના વાયરસને કારણે ભારતીય અર્થવ્યવસ્થા પણ દબાણ હેઠળ છે અને આ જ અસર તમામ ક્ષેત્રોમાં જોવા મળી છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સાથેની બેઠકમાં ઓટો, ટેલિકોમ, ઈલેક્ટ્રોનિક, કાપડ, ફાર્મા અને કેમિકલ ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. નાણાં પ્રધાને કહ્યું કે કોરોના વાયરસને કારણે આયાત-નિકાસને અસર થઈ છે અને ખાસ કરીને આ ક્ષેત્ર દબાણ હેઠળ છે. તેમણે કહ્યું કે, જરૂર પડે તો સરકાર મોટા પગલા ભરવા તૈયાર છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, નિર્મલા સીતારામન આજે આ મામલે વડા પ્રધાન

અનુસંધાન પાના નં. ૪

સીએએ મુદ્દે શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે મતભેદ સર્જાયો



મુંબઈ

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની સરકાર બન્યાને હજુ ૩ મહિના પણ નથી થયા અને "મહા વિકાસ અઘાડી" ગઠબંધનમાં મતભેદો સપાટી પર આવવા લાગ્યા છે. અગાઉ ભીમા-કોરેગાંવ હિંસાની તપાસ એનઆઈએએ સોંપવાના નિર્ણયને લઈને અને હવે સીએએ-એનપીઆર મામલે ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર વચ્ચે મતભેદો જોવા મળી રહ્યાં છે. આ જોતા પ્રથમ વખત મુખ્યમંત્રી બનેલા ઉદ્ધવ ઠાકરે પોતાની ખુરશી બચાવી શકશે કે કેમ? તેના પર પણ સવાલ ઉભા થવા લાગ્યા છે.

એક તરફ એનસીપી અને કોંગ્રેસ સીએએ-એનપીઆર અને એનઆરસીનો ઉગ્ર વિરોધ કરી રહ્યાં છે. બીજી તરફ શિવસેના શાસિત મહારાષ્ટ્ર સરકાર રાજ્યમાં એનપીઆર અંતર્ગત વસ્તી ગણતરી માટે અધિસૂચના

અનુસંધાન પાના નં. ૪

ટ્રસ્ટની આ બેઠક દિલ્હીના ગ્રેટર કૈલાશમાં હિન્દુ પક્ષ તરફથી વકીલ રહેલા કે. પરાસરનના ઘરે થશે

રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની આજે પ્રથમ બેઠક, મંદિર નિર્માણ મુહૂર્ત પર ચર્ચા થશે

લોકો દ્વારા મળતા દાન અંગે પણ વિચારની શક્યતા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના આદેશ પર કેન્દ્ર સરકાર દ્વારા ગઠિત રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બુધવારે પહેલી બેઠક યોજાશે. બેઠકમાં મંદિર નિર્માણના મુહૂર્તથી લઈને કામ પૂર્ણ થવા સુધીની તમામ વાતો પર વિચાર કરવામાં આવશે. લોકો દ્વારા દાનની રકમ લેવા અંગેના મુદ્દે પણ નિર્ણય થઈ શકે છે જેથી ભવિષ્યમાં કોઇ વિવાદ ન થાય. સુપ્રીમ કોર્ટે ૯ નવેમ્બરે મંદિર નિર્માણના પક્ષમાં ચૂકાદો આપ્યો હતો. કોર્ટે કેન્દ્ર સરકારને મંદિર નિર્માણ અને તેના વિશે રૂપરેખા તૈયાર કરવા માટે એક ટ્રસ્ટ બનાવવાનું કહ્યું હતું. તેના પહેલા ટ્રસ્ટી કે. પરાસરન છે.

એક ન્યૂઝ એજન્સી પ્રમાણે ટ્રસ્ટની બેઠકમાં શિલાન્યસાના મુહૂર્તથી લઈને નિર્માણ પૂર્ણ થવા સુધીની સમયસીમા નિર્ધારિત કરવામાં આવી શકે છે. તેમાં પારદર્શક પ્રક્રિયાથી દાન લેવાની રણનીતિ પર સામે આવી શકે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ભવિષ્યમાં કોઇ પ્રકારના વિવાદથી બચી શકાય. ટ્રસ્ટ એ વાત પર પણ વિચાર કરશે કે નિર્માણકાર્ય દરમિયાન રામલલ્લાની પ્રતિમાને ક્યાં રાખવામાં આવે. સરકારે ટ્રસ્ટની ઓફિસ દિલ્હીના ગ્રેટર કૈલાશમાં બનાવી છે.

અનુસંધાન પાના નં. ૪

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.in ના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

દિલ્હીવાસીઓના વિશ્વાસને સાબિત કરવા કેજરીવાલે હાઈલેવલની મિટિંગ બોલાવી

ન્યુ દિલ્હી

તાજેતરની વિધાનસભા ચૂંટણી વખતે પોતે આપેલાં વચનોનો અમલ કરવા અરવિંદ કેજરીવાલે મંગળવારે સવારે હાઈલેવલ બેઠક બોલાવી હતી. કેજરીવાલે પોતાના સાથીદારોને કહ્યું કે દિલ્હીવાસીઓને આપણે આપેલાં વચનો પૂરાં કરવા હવે તમે કમર કસી લ્યો. આપણે કામ કરીને બતાવવાનું છે. ભાજપની જેમ વાતોનાં વડાં કરવાનાં નથી. કેજરીવાલે દિલ્હીવાસીઓને સંબોધતાં એવી ખાતરી આપી હતી કે તમે ચિંતા નહીં કરો. બહુ ઝડપથી અમે લોકો માટે સંખ્યાબંધ નવી બસો લાવી રહ્યા છીએ.

પક્ષ છોડ્યા બાદ પીકેના નીતિશકુમાર પર પ્રહારો

નીતિશ ગોડસેની વિચારધારા વાળાઓની સાથે, બિહાર માટે ખાસ કાંઈ ઉકાળ્યું નથી: પ્રશાંત કિશોર

બિહારને ધ્યાનમાં રાખી મોદી જેવો નવો કાર્યક્રમ "બાત બિહાર કી" શરૂ કરશે

પટણા

જાણીતા ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નીતિશકુમાર દ્વારા પક્ષમાંથી દૂર કર્યા બાદ પત્રકાર પરિષદ યોજીને નીતિશકુમારની સાથે સાથે ભાજપની પણ ટીકા કરીને બિહારના રાજકારણમાં ઝંપલાવવાનો ઈશારો કરીને આ વર્ષે જ યોજાનાર બિહારની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને યુવાઓને



આકર્ષવા પીએમ મોદીના મન કી બાતની જેમ "બાત બિહાર કી" નામનો નવો રાજકિય કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી હતી. એવી શક્યતા છે કે તેઓ અલગ પ્રાદેશિક પક્ષનની રચના કરે અથવા છેલ્લે આપ પાર્ટીના કેજરીવાલને દિલ્હી વિધાનસભાની ચૂંટણી જિતાડવામાં મદદ કરી તે આપ પાર્ટીના બિહારના પ્રદેશ પ્રમુખ બનીને વિધાનસભા ચૂંટણીમાં આપના ઉમેદવારો ઉભા રાખે તેમ છે. તેમણે નીતિશકુમારને એક તરફ પિતાતુલ્ય ગણાવ્યાં તો બીજી તરફ તેમને ગોડસેની સાથે ઉભા રહેલા ગણાવીને બિહારને ધ્યાનમાં રાખીને જ ખુલાસાઓ કર્યા હતા અને બિહારને અન્ય રાજ્યોની હરોળમાં લઇ જવાની જાહેરાતો પણ કરી હતી.

પક્ષ વિરોધી નિવેદનો કરવા બદલ જેડી-યુમાંથી ૨૯ ફેબ્રુઆરીએ કાઢવા પછી આજે પહેલીવાર પટણા પહોંચેલા ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર (પીકે)એ તેમના ચૂંટણી ઈરાદા જાહેર કરી દીધા હતા. તેમણે કહ્યું કે, છેલ્લાં દોઢ વર્ષથી હું દરેક મંચ પર કહેતો આવ્યો છું કે, તેઓ એવા યંગ લોકોને જોડવા માંગુ છું કે જે બિહારને આગળ લઈ જાય. હું ૨૦ તારીખથી નવો કાર્યક્રમ શરૂ કરી રહ્યો છું- 'બાત બિહાર કી'. આ કાર્યક્રમ અંતર્ગત બિહારના ૮ હજારથી વધારે ગામડાઓમાંથી લોકોની પસંદગી કરવામાં આવશે. આ એ લોકો એ હશે કે જે વિચારે છે કે, આગામી ૧૦ વર્ષમાં બિહાર અગ્રણી ૧૦

અનુસંધાન પાના નં. ૪


તંત્રી સ્થાનેથી...

ઉપેક્ષાથી ચાલશે નહીં

દેશમાં જો સુપ્રીમ કોર્ટ ન હોય તો શુ થશે તેને લઈને સવાલ થાય તે સ્વાભાવિક છે. કારણ કે કેટલાક જટિલ પ્રશ્નોનો ઉકેલ તો કોર્ટ મારફતે જ આવી રહ્યો છે. ઉપેક્ષા ક્યાં સુધી કરી શકાય છે. ઉપેક્ષા કરવાથી કોઇ પણ સમસ્યાનો ઉકેલ આવી શકશે નહીં. સમસ્યાઓનો ઉકેલ કોર્ટ વગર પણ આવી શકે છે. જરૂર માત્ર મજબુત ઇચ્છાશક્તિની છે. સાથે સાથે અધિકારીઓ તરફથી મુકવામાં આવતી અડચણોને પણ સમજવાની જરૂર દેખાઇ રહી છે. જાણકાર નિષ્ણાંતો તો આજે કહી રહ્યા છે કે જે કામ સરકારોને કરવાની જરૂર હોય છે તે કામ કોર્ટ દ્વારા કરવામાં આવી રહ્યા છે. એમ લાગે છે કે સરકારો તો નક્કી કરીને બેઠી છે કે જ્યારે સુપ્રીમ કોર્ટ ફટકાર લગાવીને જરૂરી આદેશ જારી કરી શકે છે. નવેસરનો મામલો સેનામાં મહિલા અધિકારીઓને કમીશન આપવા સાથે સંબંધિત છે. દિલ્હી હાઇકોર્ટે દસ વર્ષ પહેલા આદેશ આપ્યો કે કે સેનામાં મહિલાઓને પણ કમીશન આપવામાં આવે. કેન્દ્ર સરકાર આને લઇને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઇ હતી. સુપ્રીમ કોર્ટે આખરે હાઇકોર્ટના આ નિર્ણય પર પ્રતિબંધ મુક્યો ન હતો અને કેન્દ્ર સરકારે તમામ આદેશ છતાં મહિલાઓને કમીશન આપવાનો ઇન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હવે પોતાના આદેશમાં સાફ શબ્દોમાં કહ્યુ છે કે સામાજિક અને માનસિક કારણોને આધાર બનાવીને મહિલા અધિકારીઓને કમીશનથી રોકી શકાય તેમ નથી. આ રીતે નિર્ણય કરવાની બાબત ભદભાવ જ નહીં બલ્કે અસ્વીકાર્ય સમાન છે. સેનામાં ફરજ બજાવી રહેલી મોટી સંખ્યામાં મહિલાઓ લાંબા સમયથી પોતાના અધિકારોને લઇને અવાજ ઉઠાવતી રહી છે. તેમની દલીલ છે કે જ્યારે તેઓ સેનામાં કામ કરવાની લાયકાત ધરાવે છે તો તેમને પણ આ તક મળવી જોઇએ. એક બાજુ મહિલાઓને સમાનતા આપવા માટેના વચનો તમામ સરકારો આપતી રહે છે. પરંતુ જ્યારે વાત અધિકારોની આવે છે ત્યારે તેમાં અવરોધ ઉભા કરવામાં આવે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં મહિલાઓને ભેદભાવનો સામનો કરવાની ફરજ પડે છે. દરેક મામલામાં સરકાર કહે ત્યારે જ કામ કરવામાં આવે તો બાબત યોગ્ય નથી. સમસ્યાનો ઉકેલ શોધી કાઢવાની જરૂર હોય છે. સમસ્યાઓની ઉપેક્ષા કરીને કોઇ સમસ્યાનો નિકાલ આવશે નહીં. મહિલાઓ જ્યારે દેશની વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ બની શકે છે ત્યારે બીજા ક્ષેત્રોમાં તેમની સાથે ભદભાવ કેમ છે. દેશની અડધી વસ્તી તેમને ઉપેક્ષિત કેમ સમજે. આ વિષય રાજકીય નહીં બલ્કે સામાજિક છે. સાથે સાથે તે સીધી રીતે માનસિકતાની સાથે જોડાયલ છે. જરૂર હવે બદલાઇ રહેલા સમયની સાથે સાથે માનસિકતાને બદલી નાંખવાની રહેલી છે. સંસદ અને રાજ્ય વિધાનસભામાં અનામતનો મામલો તમામની સામે રહેલો છે. સંસદના દરેક સત્રમાં અનેક કાનુન બને છે. જો કે મહિલા અનામત સાથે સંબંધિત મામલો આગળ વધતો નથી. આ મામલો હજુ પણ પેન્ડિંગ છે. વર્ષોથી આ આ મામલો પેન્ડિંગ રહેલો છે. અધિકાર મેળવી લેવા માટે મહિલાઓને સંઘર્ષ કરવાની જરૂર દેખાઇ રહી છે. મહિલાઓને તેમના અધિકાર કોઇ આંદોલન વગર મળે તે સમયની માંગ રહેલી છે.

સમસ્યાનો સમાધાન કોર્ટ વગર પણ થઇ શકે છે : જરૂર તો માત્ર ઇચ્છાશક્તિની છે

દુનિયાની સૌથી શ્રીમંત વ્યક્તિને કેવી ગિફ્ટ આપવી?



વ્યક્તિ નાની હોય કે મોટી, અભણ હોય કે શિક્ષિત, ગરીબ હોય કે ધનવાન, ગિફ્ટ મળે એ તો સૌને ગમતું હોય છે. જોકે, ગિફ્ટ આપવાળા ઘણી વાર મુંઝાઇ જતા હોય છે કે કોને કઇ ગિફ્ટ આપવી. એમાંય જ્યારે દુનિયાની સૌથી શ્રીમંત વ્યક્તિ વૉરેન બફેટ કે જે પાણી માગે તો દૂધ હાજર થાય. જેને કોઇ વાતની કમી ન હોય તેને શું યાદગાર ભેટ આપવી તે આપનાર માટે ખરેખર મૂંઝવણભર્યો પ્રશ્ન બની જાય છે. વર્ષ ૧૯૮૦માં આવો જ સવાલ વૉરેન બફેટની તે સમયની પૂત્રવધુ મેરી બફેટ જે તેમના દીકરા પિટર બફેટની પત્ની થાય તેને પણ આવો જ પ્રશ્ન નડ્યો હતો. સસરાને શું ક્રિસમસ ગિફ્ટ આપવી તેનો વિચાર કરતા કરતા તેને એક અનોખો આઇડિયા આવ્યો હતો. વાત એમ હતી કે પિટર બફેટ સાથે તે લગ્નગ્રંથિથી બંધાઇ હતી અને આ લગ્ન ૧૯૮૦થી ૧૯૯૩ સુધી ચાલ્યા હતાં. આ સમય દરમ્યાન દંપતીએ એક સંગીત ઉદ્યોગ પણ સ્થાપિત કર્યો હતો. ૧૯૮૦ એટલે કે મેરીના લગ્નના પ્રથમ વર્ષમાં જ આ મ્યુઝિક કંપનીની સ્થાપના થઇ હતી. મેરીને વિચાર જ આવતો ન હતો કે અતિ ધનાઢ્ય સસરા માટે શું ગિફ્ટ લેવી. આખરે તેણે તેની મ્યુઝિક કંપનીની પ્રથમ વર્ષની બેલેન્સશીટ જ સસરાના હાથમાં મૂકી દીધી, એવું દર્શાવવા કે તેમની કંપની નફો કરી રહી છે. જ્યારે પૂરું બફેટ ફેમિલી ક્રિસમસ નિમિતે એકઠું થયું હતું ત્યારે મેરીએ સસરાને જાહેરમાં ઉપરોકત ગીફ્ટ આપીને દર્શાવ્યું હતું કે અમે કંઇક સારું કર્યું છે. આ ઉપરાંત તેણે બફેટ ફેમિલી સાથેનું એક ક્રિસમસ ચિત્ર પણ પેઇન્ટ કર્યું હતું. મેરીએ ભલે તેના પતિ સાથે મ્યુઝિક કંપની ખોલી હોય, પણ વૉરેન બફેટને તો ઇન્વેસ્ટ (રોકાણ) બાબતે સલાહ આપવામાં અને રોકાણ સંબંધી કાર્યોમાં જ વધુ રસ હતો. તે દિવસે પાર્ટીમાં આવેલા અનેક મહાનુભાવો સાથે વૉરેન બફેટે ઇન્વેસ્ટમેન્ટ સંબંધી જ ઘણી વાતો કરી હતી તેનો એકરાર કરતા મેરીએ જણાવ્યું હતું. જોકે આજે તો એ વૉરેન બફેટની ભૂતપૂર્વ પૂત્રવધુ બની ગઇ છે.

સ્કુલી શિક્ષણ અને ખાસ કરીને જાહેર સ્કુલી શિક્ષણની હાલત ખરાબ

સ્કુલી શિક્ષણ : ઇચ્છાશક્તિ જરૂરી છે

સ્કુલી શિક્ષણને સુધારવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા હોવાના દાવા તમામ સરકારો દ્વારા કરવામાં આવે છે પરંતુ હજુ પણ તેમાં શ્રેણીબદ્ધ ખામીઓ દેખાઇ રહી છે. સ્કુલી શિક્ષણના સ્તરને સુધારવા માટે કેટલીક બાબતો ખુબ જરૂરી રહેલી છે. જે પૈકી સૌથી પહેલા તો મજબુત ઇચ્છાશક્તિ રહેલી છે. મજબુત ઇચ્છાશક્તિ નહીં હોવાની સ્થિતીમાં આ કામ એટલી ઝડપથી થાય તેમ નથી. ગરીબો માટે યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરવાની જવાબદારી સરકારની હોવી જોઇએ. જેથી દિલ્હીની શાસક પાર્ટી આમ આદમી પાર્ટીએ જાહેર શિક્ષણની વ્યવસ્થાને મજબુત કરવા માટે પગલા લીધા છે. તેના પગલા જનસાધારણના અવાજ તરીકે હોઇ શકે છે. જાહેર સ્કુલી શિક્ષણની બિમારી આજની નથી. દશકોની આ બિમારી છે. આની તરફ અધિકારીઓ અને સરકારોનુ ધ્યાન ગયુ નથી. આ બાબત સમજી લેવાની જરૂર છે કે શિક્ષણમાં ગુણવત્તચા લાવવાની બાબત તેમજ તેને જાળવી રાખવા માટેની બાબત માત્ર ધૈર્ય જ નહીં બલ્કે શિક્ષિત વ્યવસ્થાને વિકસિત કરવાની બાત છે. તમામ લોકો જાણે કે કોઠારી પંચે પ્રથમ વખત સામાજિક અને આર્થિક વિકાસમાં શિક્ષણની ભૂમિકા પર ભાર મુક્યો હતો. આયોગના મુસદ્દામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યુ હતુ કે શિક્ષણ સમૃદ્ધિના સ્તરને નિર્ધારિત કરે છે. આયોગ માનવીય રોકાણ ક્રાન્તિમાં આર્થિક વિચારોથી પ્રભાવિત હતુ. હાલમાં યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીની જીત થઇ છે. સ્કુલી શિક્ષણમાં પ્રાણ ફુંકવાના પ્રયાસ એએપી દ્વારા કરવામા આવ્યા છે. ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટીએ આ કામગીરીને પ્રચારમાં ગણાવી હતી. સાથે સાથે કહ્યુ કે સ્કુલી શિક્ષણના ક્ષેત્રમાં કરવામાં આવેલુ કામ હાલ પૂર્ણ થયુ નથી. તેમાં વધારે સુધારાની જરૂર છે. મુલ્યાંકન દર્શાવે છે કે દિલ્હીમાં સરકારી સ્કુલોની હાલતમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. સામાન્ય રીતે શિક્ષણને માનવીના ચારિત્ર્ય નિર્માણ તેમજ જીવન નિર્વાહ માટે સક્ષમ બનાવવા માટેના એક માધ્યમ તરીકે જોવામાં આવે છે. જો કે શિક્ષણના આવા સ્વરૂપને વિકસિત કરવામાં સફળતા મળી નથી. સ્કુલી શિક્ષણ અને ખાસ કરીને જાહેર સ્કુલી શિક્ષણની હાલત હાલમાં કુબ ખરાબ થયેલી છે.દરેક સ્તર પર કામ થઇ રહ્યા નથી. જેમાં વ્યવસ્થાસ્તર પર અને શૈક્ષણિક સ્તર પર હાલત ખરાબ છે. સ્કુલી શિક્ષણની ખરાબ હાલતની સીધી અસ,ર સરકારી સ્કુલી વ્યવસ્થા પર થઇ છે. જ્યાં સ્કુલમાં તમામ જરૂરી સુવિધા દેખાઇ રહી નથી. જેમાં ક્લાસ, પ્રયોગશાળા, રમતના મેદાન, પાણી, વિજળી, શૌચાલયનો સમાવેશ થાય છે. આ જ કારણસર સરકારી સ્કુલમાંથી લોકોનો વિશ્વાસ ઉઠી રહ્યો છે. ખાનગી સ્કુલને પ્રોત્સાહન મળે છે. ખાનગી સ્કુલો શિક્ષણને વધારે પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. માતાપિતા પણ પોતાના બાળકોને સરકારી સ્કુલોમાં મુકવાના બદલે ખાનગી સ્કુલમાં મુકી રહ્યા છે. હકીકત એ છે કે છેલ્લા ત્રણ ચાર દશકમાં ખાનગી સ્કુલોના બજારે જાહેર સ્કુલની નબળાઇને એટલી હદ સુધી પકડી લીધી છે કે આજે ખાનગી સ્કુલની બોલબાલા દેખાય છે. હવે તો એમ કહેવામાં આવે છે કે કઇ પણ થાય તેમ નથી જાહેર સ્કુલ શિક્ષણની સામે પડકારો તો કેટલાક પ્રકારના રહેલા છે. કદાચ જે સમસ્યા દિલ્હીની સ્કુલોની છે તેવી જ સમસ્યા દેશના જુદા જુદા ભાગોમાં આવેલી સ્કુલોની પણ છે. એક બાજુ જાહેર સ્કુલોની સામો ખાનગી સ્કુલમાં અંગ્રેજી માધ્યમની બોલબાલાના કારણે છે. બીજી બાજુ જાહેર સ્કુલી વ્યવસ્થાની સામે તેની આંતરિક સમસ્યાને ઉકેલવા માટે વ્યવસ્થા નથી. ખાનગી અને જાહેર સ્કુલના બાળકોમાં શિખવાની બાબતને લઇને અંતર માત્ર સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિના કારણે છે. હકીકતમાં સરકારી સ્કુલોમાં એ બાળકો અભ્યાસ કરી રહ્યા છે જે સામાજિક રીતે અને આર્થિક રીતે નબળા છે. સર્વે કહી રહ્યા છે કે સરકારી સ્કુલોની તુલનામાં ખાનગી સ્કુલો કોઇ શાનદાર દેખાવ કરી રહી નથી. જાહેર સ્કુલોમાં જે બાળકો આવી રહ્યા છે તેમની તરફ ધ્યાન આપવાની જરૂર છે. આમાં આવનાર મોટા ભાગના બાળકો મજુરો, ખેતીદાર, અથવા તો આર્થિક રીતે નબવા વર્ગના લોકોના છે. ગરીબો માટે સારી શિક્ષણ વ્યવસ્થા કરવાની બાબત સરકારની જવાબદારી છે. જાહેર સ્કુલી શિક્ષણ વ્યવસ્થાને સુધારી દેવા માટે મજબુત ઇચ્છાશક્તિ સાથે કામ કરવાની જરૂર દેખાઇ રહી છે.




દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે જાહેર શિક્ષણને વ્યવસ્થિત કરવા માટે પ્રયાસો કર્યા છે જે જનસાધારણના પક્ષની જરૂરિયાત છે

દેશભરમાં સ્કુલમાં શિક્ષણ વ્યવસ્થાને સુધારી દેવા માટે યોગ્ય માહોલ બનાવવા માટેની જરૂર છે. દિલ્હી સરકારના પરિણામ આજે સ્કુલોમાં જોવા મળી રહ્યા છે. વર્ષ ૨૦૧૫-૧૬માં દિલ્હી સરકારે સ્કુલી શિક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણ માટે ૬૨૦૮ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી. સાથે સાથે દર વર્ષે તેમાં રકમ વધારી દેવામાં આવી હતી. પહેલા સ્થિતી ખરાબ હતી. જે હવે સુધરી છે. દિલ્હીમાં સારા શિક્ષણ પર ધ્યાન આપવામાં આવ્યુ છે. શિક્ષણ જ દેશને યોગ્ય અર્થમાં રોશની બતાવી શકે છે. .

એક ટ્યુબમાંથી નિકળનાર ટ્રેનની ગતિ ૧૨૦૦ કિમી પ્રતિ કલાક

ભારતમાં હાઇપરલુપ ટ્રેનની તૈયારી

વર્જિન ગ્રુપ ઇચ્છે છે કે તે દિલ્હી અને મુંબઇની વચ્ચે ૧૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડી શકે તેવી ટ્રેન હાઇપરલુપ ટ્રેન દોડાવે. જો કે આને લઇને કોઇ પણ બાબત સાથે આગળ વધવા માટે ખુબ અભ્યાસ કરવાની જરૂર છે. આ ટ્રેની ગતિના આંકડા જોઇને જ તમામ લોકો આશ્ચર્યચકિત થઇ શકે છે. વિશ્વમાં કોઇ પણ જગ્યાએ આ ટેકનોલોજીનો ઉપયોગ હજુ સુધી કરવામાં આવ્યો નથી. ભારતમાં સૌથી પહેલા આ ટેકનોલોજીનો ઉપયોગ કરવાની વર્જિન ગ્રુપની યોજના છે. વર્જિન ગ્રુપના એક પ્રતિનિધીમંડળના લોકો હાલમાં ભારતમાં છે અને તેઓએ હાલમાં કેન્દ્રિય માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકારી સાથે વાતચીત કરી હતી. જાણકાર નિષ્ણાંતો એવી આશા રાખી રહ્યા છે કે જો તમામ બાબતો યોગ્ય રીતે કોઇ અડચણ વગર આગળ વધશે તો વિશ્વની પ્રથમ હાઇપરલુપ ટ્રેડ ભારતમાં જ દોડી શકે છે. ખુબ ઓછા લોકો અંગે આ સંબંધમાં માહિતી છે. તેમના કહેવા મુજબ આ ટ્રેન એક ટ્યુબમાંથી પસાર થાય છે. તેની ગતિ ૧૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની હોય છે. એક પ્રસ્તાવ નિતિન ગડકરીને પ્રતિનિધીમંડળ દ્વારા આપવામાં આવ્યા બાદ તેની ચર્ચા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે આ પ્રોજેક્ટ પર મહારાષ્ટ્ર સરકાર સાથે પહેલા પણ વાતચીત થઇ રહી હતી. જો કે શિવ સેનાની સરકાર બન્યા બાદ આ પ્રોજેક્ટને રોકી દેવામાં આવ્યો છે. હવે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકો નિતિન ગડકારી સાથે વાતચીત કરીને તેમને સમજાવવાના પ્રયાસ કરી રહ્યા છે. આમાં સફળતા મળશે કે કેમ તે અંગે હાલમાં વાત કરવી મુશ્કેલ છે. સુત્રોએ પ્રતિનિધીમંડળના હવાલાથી કહ્યુ છે કે કંપનીના પ્રતિનિધીમંડળે દિલ્હી અને મુંબઇ વચ્ચે ૧૩૦૦ કિલોમીટર લાંબા રૂટ પર આ ટ્રેને ચલાવવા માટે નિતિન ગડકરી સાથે વાતચીત કરી છે. ગ્રુપ સાથે જોડાયેલા લોકો કોઇ નવી વિગત હાલમાં આપી રહ્યા નથી. ભારત આવેલા આ પ્રોજેક્ટના લોકો સંબંધિત અધિકારીઓ સાથે વાતચીત કરી રહ્યા છે. ગયા સપ્તાહમાં જ નિતિન ગડકરીએ કહ્યુ હતુ કે તેઓએ બુલેટ ટ્રેનની જેમ બીજા પ્રોજેક્ટ પર કેટલાક રોકાણકારો સાથે વાતચીત કરી છે. હાઇપરલુપ જેવા કોન્સેપ્ટને ભારત જેવા દેશમાં અમલી કરવાની બાબત સરળ નથી. કારણ કે તેની સામે અનેક વર્ગના લોકો વાંધો ઉઠાવી શકે છે. હાલમાં પરિવહનના બીજા માધ્યમ પર વિચારણા ચાલી રહી છે. જ્યારે આ પ્રકારની ટેકનોલોજી સમગ્ર દેશમાં આવશે ત્યારે જ તેના પર વિચારણા કરવામાં આવનાર છે. વર્જિન ગ્રુપ હાઇપરલુપ ટ્રેનને લઇને વાતચીતમાં વ્યસ્ત છે. તે અન્ય ક્ષેત્રોમાં પણ રોકાણ કરવાની ઇચ્છા ધરાવે છે. જો કે હાલમાં કોઇ નવી વિગત સપાટી પર આવી નથી. સમગ્ર વિશ્વમાં કોઇ પણ જગ્યાએ આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી જેથી તેના પર ભારત સહમત થાય તેવી શક્યતા પણ ઓછી છે. વર્જિન ગ્રપ એવિએશન, મ્યુઝિક અને ટેલિકોમ સેક્ટરમાં રોકાણ કરવા માટે ઇચ્છુક છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ બુલેટ ટ્રેન પર કામગીરી ચાલી રહી છે. જો કે આ કામગીરી હાલમાં અપેક્ષા કરતા ધીમી ગતિથી છ



હાઇપરલુપને લઇને વર્જિન ગ્રુપ દ્વારા એક પ્રસ્તાવ માર્ગ પરિવહન મંત્રી સમક્ષ મુક્યો પરંતુ હાલમાં અનેક પ્રકારની અડચણો આવી રહી છે

કરી છે. વર્જિન ગ્રુપ પહેલા મુંબઇ અને પુણે વચ્ચે આ ટ્રેન દોડવવા માટે ઇચ્છુક હતુ. જેને તત્કાલીન ભારતીય જનતા પાર્ટીની સરકાર તરફથી મંજુરી મળી ગઇ હતી. પ્રોજેક્ટના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ૧૧.૮ કિલોમીટરના ટ્રેક બનાવવાની યોજના હતી. જેના પર ખર્ચનો આંકડો ૧૦ અબજ ડોલરનો હતો. આને બનવામાં ૨.૫ વર્ષ લાગનાર હતો. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન બન્યા બાદ ઉદ્ધવ ઠાકરે બુલેટ ટ્રેન સહિત એવા તમામ પ્રોજેક્ટને કેન્સલ કરી ચુક્યા છે. નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે કહ્યુ છે કે તેમની પાસે આટલી સારી નાણાંકીય સ્થિતી નથી. હાઇપરલુપ જેવા કોન્સેપ્ટને ભારત જેવા દેશમાં અમલી કરવાની બાબત સરળ નથી. કારણ કે તેની સામે અનેક વર્ગના લોકો વાંધો ઉઠાવી શકે છે. હાલમાં પરિવહનના બીજા માધ્યમ પર વિચારણા ચાલી રહી છે. જ્યારે આ પ્રકારની ટેકનોલોજી સમગ્ર દેશમાં આવશે ત્યારે જ તેના પર વિચારણા કરવામાં આવનાર છે. વર્જિન ગ્રુપ હાઇપરલુપ ટ્રેનને લઇને વાતચીતમાં વ્યસ્ત છે. તે અન્ય ક્ષેત્રોમાં પણ રોકાણ કરવાની ઇચ્છા ધરાવે છે. જો કે હાલમાં કોઇ નવી વિગત સપાટી પર આવી નથી. સમગ્ર વિશ્વમાં કોઇ પણ જગ્યાએ આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી જેથી તેના પર ભારત સહમત થાય તેવી શક્યતા પણ ઓછી છે. વર્જિન ગ્રપ એવિએશન, મ્યુઝિક અને ટેલિકોમ સેક્ટરમાં રોકાણ કરવા માટે ઇચ્છુક છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ બુલેટ ટ્રેન પર કામગીરી ચાલી રહી છે. જો કે આ કામગીરી હાલમાં અપેક્ષા કરતા ધીમી ગતિથી છ

જ્યાં સુધી ધરખમ ફેરફારો નહીં થાય ત્યાં સુધી પરિણામ નહીં મળે

કોંગ્રેસ : નેતૃત્વ-નિતીમાં ફેરફાર જરૂર

લોકશાહી વ્યવસ્થામાં મજબુત વિપક્ષની હાજરી હોવી જરૂરી છે. મજબુત વિપક્ષ જ સરકારની નિરંકુશતા પર અંકુશ મુકી શકે છે. જો કે આ બાબત તો કમનસીબ છે કે મુખ્ય વિપક્ષ દળ આમાં સંપૂર્ણપણે નિષ્ફળ છે. મુખ્ય વિપક્ષની છાપ આજે પણ એવી છે જેમાં તે સરકાર અથવા તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કોઇ પણ સ્કીમનો વિરોધ આંખ બંધ કરીને કરે છે. આ બાબત તેની ટેવ બની ગઇ છે. મોદી સરકાર-૧ના ગાળા દરમિયાન કરેલી ભુલથી કોંગ્રેસ પાર્ટીએ કોઇ બોધપાઠ લીધા ન હતા. જેથી વર્ષ ૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઇ હતી. ભારતીય જનતા પાર્ટી વધારે પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવી હતી. મોદી સરકાર-૨ના ગાળા દરમિયાન કોંગ્રેસ દ્વારા હવે વધારે મુશ્કેલ સ્થિતી પોતાના માટે સર્જવામાં આવી રહી છે. કોંગ્રેસે સરકારના વિરોધના ચક્કરમાં મોદી સરકારના યોગ્ય નિર્ણયોનો પણ વિરોધ કર્યો છે. સર્જિકલ સ્ટ્રાઅકના સમય પુરાવા માંગવા જેવી ભુલ કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવી રહી હતી. નાગરિક સુધારા કાનુનને લઇને પણ હજુ સુધી વિરોધ જારી છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને દુર કરવામાં આવી ત્યારે પણ તેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ત્રિપલ તલાકનો વિરોધ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના કેટલાક નેતાઓ જેમ કે મણિશંકર અય્યર, દિગ્વિજય સિંહ, શશી થરુર, સંજય નિરુપમ જેવા નેતાઓના કારણે ભારતીય જનતા પાર્ટીને સીધો ફાયદો થઇ ગયો છે. આ તમામ નેતાઓના કારણે ભારતીય જનતા પાર્ટીને તેની સ્થિતી વધુને વધુ મજબુત કરવાની તક મળી છે. કોંગ્રેસ પાર્ટીના મોટા નેતાઓની માનસિકતા હવે જોવા જેવી છે. આવા નિવેદન કરવાને કારણે તેમને સજા કરવાના બદલવે તેમને પ્રોત્સાહન આપવાની નીતિ પાર્ટી દ્વારા અપનાવવામાં આવી રહી છે. મણિશંકર અય્યરે તો કોંગ્રેસ પાર્ટીની હાલત બિલકુલ ખરાબ કરી હતી મણિશંકર અય્યર તો પહેલા પાકિસ્તાન ગયા અને ત્યારબાદ શાહીન બાગ પણ પહોંચી ગયા હતા. ત્યાં જઇને ઉપદેશ આપવા લાગી ગયા હતા. આ પ્રકારના વર્તન રાષ્ટ્ર વિરોધી ગતિવિધીમાં આવે છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા કોઇ પણ પગલા લેવામાં આવી રહ્યા નથી. મણિશંકર અય્યરના આવા કૃત્ય બાદ ભારતીય મતદાર કોંગ્રેસ પાર્ટીને મત આપશે તેમ માનવા માટે કોઇ કારણ નથી સવાલ એ થાય છે કે આખરે કોંગ્રેસ આવા નેતાઓને બહારનો રસ્તો કેમ દર્શાવતી નથી. થોડાક સમય પહેલા નરેન્દ્ર મોદીને નીચ શબ્દ કહેવા બદલ મણિશંકર અય્યરને પાર્ટીમાંથી બહાર થોડાક દિવસ માટે કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરી તેમને સામેલ કરી લેવામાં આવ્યા છે. આખરે હમેંશા માટે આ નેતાને કેમ દુર કરવામાં આવ્યા ન હતા. આવા કારનામા દિગ્વિજય સિંહ પણ સમય સમય પર કરતા રહે છે. આ પ્રકારના નિવેદનના કારણે કોંગ્રેસ પાર્ટીને ભારે નુકસાન થાય છે કોંગ્રેસ પાર્ટી હાલમાં દિશાહિન છે. કોંગ્રેસ પાર્ટી સમજી રહી છે કે તે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગમાં સરકાર પોતાની તાકાત પર બનાવી શકી છે પરંતુ આની મોટી બાબત એ છે કે મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં ભારતીય જનતા પાર્ટીની ૧૫ વર્ષથી સરકાર ચાલી રહી હતી. સત્તા વિરોધી લહેરની અસર આમાં દેખાઇ હતી. રાજસ્થાનમાં તો લોકોની નારાજગી ભાજપ અને નરેન્દ્ર મોદીથી નહીં બલ્કે વસુન્ધરા રાજેને લઇને હતી. દિલ્હીમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસના કારણે બની છે. કોંગ્રેસે દિલ્હીમાં ક્યારેય મજબુત નેતાને પ્રોત્સાહન આપ્યુ નથી. પંજાબના મુખ્યપ્રધાન અમરિન્દરસિંહની પણ સમય સમય પર અવગણના થતી રહે છે. હવે લોકોની કોંગ્રેસને મત આપવાની મજબુરી ખતમ થઇ રહી છે.



તેમને ભારતીય જનતા પાર્ટીની સામે મજબુત પાર્ટી દેખાય છે તો તેને મત આપવામાં આવે છે. કોંગ્રેસ હવે નેતૃત્વહિન પાર્ટી બની ચુકી છે. કોંગ્રેસને ગાંધી પરિવારમાંથી બહાર આવવાની જરૂર છે. પોતાની રણનિતીમાં ધરખમ ફેરફારો કરવાની તેને જરૂર છે. કોંગ્રેસમુક્ત ભારત બનવાની દિશા કેટલાક રાજ્યો વધી ચુક્યા છે.

ફિલ્મી ગપસપ...




ટાઈગર શ્રોફ અને શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'બાગી ૩'ના ટ્રેલરના દમદાર એક્શન સીન્સે દેશભરમાં ધૂમ મચાવી દીધી હતી. ફિલ્મના નવા સોન્ગ 'ભંકસ'નો લૂક મંગળવારના રોજ રિલીઝ કરવામાં આવ્યો છે.

સાઉથ અભિનેત્રી સુષ્મિતાએ પતિનાં ત્રાસથી કંટાળી આપઘાત કર્યો

(જી.એન.એસ)ચેન્નાઈ,તા.૧૮

પતિના અત્યાચાર અને ઘરમાં વધતા ક્લેશના કારણે વધુ એક કલાકારે પોતાના જીવનનો ભોગ આપ્યો છે. સાઉથ સિનેમાની જાણીતી અભિનેત્રી સુષ્મિતા સવારે સુસાઈડ નોટ લખીને પોતાની માતાને એક વોટ્સઅપમાં વોઈસ મેસેજ કરીને ફાસીના ફંદે લટકી ગઈ.

ખબર મળી છે કે, સુષ્મિતા પોતાના પતિ પ્રત્યેથી મળતા ત્રાસથી કંટાળી ગઈ હતી. આ બધાથી કંટાળવાના કારણે તેણે આવી દર્દનાક ઘટનાને અંજામ આપ્યો છે. સુષ્મિતાના લગ્ન



શરત કુમાર સાથે થયા હતા. જે એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરતો હતો. અન્નપુર્ણેશ્વરી નગર પોલીસ સ્ટેશનમાં આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ હાલમાં આ આરોપી ફરાર છે અને પોલીસ તેની તપાસમાં લાગેલી છે. સુષ્મિતાએ આત્મહત્યા કરતાં પહેલા તેની માતાને એક મેસેજ કર્યો હતો. જેમાં તે બોલે છે કે, તેને (તેના પતિને) છોડતા નહીં. મને હેરાન ન કરવા માટે મેં તેને ખુબ વિનંતી કરી. પરંતુ તે ન માન્યો. મેં હંમેશાં હેરાન ન કરવા માટે તેને વિનંતી કરી. પરંતુ તેણે ક્યારેય ધ્યાન આપ્યું નહીં. હું મારા પોતાના જ કર્મોની સજા ભોગવી રહી છું. તેના મેસેજમાં સુષ્મિતાએ તેના લગ્નજીવનમાં ચાલી રહેલી સમસ્યાઓ પણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, 'મેં આ વિશે કોઈને કહ્યું નથી. મારા પતિએ મને એક પણ શબ્દ બોલવાની મંજૂરી આપી નહીં. તે હંમેશાં મારી સામે ચીસો પાડતો, અને મને ઘરની બહાર કાઢી નાખવાનું કહેતો. મારે તેના ઘરમાં મરવું પણ નથી. મારે મારી જગ્યાએ મારી જિંદગી પૂરી કરવી છે.

ઈરફાન-કરીનાની 'અંગ્રેજી મિડિયમ' ૧૩ માર્ચે રિલીઝ થશે

મુંબઈ

ઈરફાન ખાન અને કરીના કપૂર-ખાન અભિનીત નવી હિન્દી ફિલ્મ 'અંગ્રેજી મિડિયમ' આવતી ૧૩ માર્ચે રિલીઝ કરવામાં આવશે. પહેલાં આ ફિલ્મને ૨૦ માર્ચે રિલીઝ કરવાની જાહેરાત કરવામાં આવી હીત, પરંતુ હવે એની રિલીઝને એક અઠવાડિયું વહેલી કરવામાં આવી છે. ફિલ્મના ટ્રેલરને ઘણો સરસ પ્રતિસાદ મળ્યો છે. દર્શકો અને ઈરફાનનાં પ્રશંસકો એને રૂપેરી પડદા પર ફરી જોવા માટે આતુર બન્યા છે. ફિલ્મના નિર્માતા દિનેશ વિજને કહ્યું કે, ''અંગ્રેજી મિડિયમ' ઘણી રીતે અમારે મન વિશેષ છે, પરંતુ કમનસીબે ઈરફાન એમની સારવાર ચાલી રહી હોવાને કારણે ફિલ્મના પ્રચાર માટે હાજર રહી શકે એમ નથી. સમગ્ર ઈન્ડસ્ટ્રી તરફથી અમને ટેકો મળ્યો છે.'



બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાને ગ્રેટર નોઈડામાં ઓટો એક્સ્પો ૨૦૨૦ માં નવી હ્યુન્ડાઈ ક્રેટાનું અનાવરણ કર્યું.

સંજય મિશ્રા અને દિપક ડોબરિયાલ સ્ટારર 'કામયાબ' ફિલ્મનું ટ્રેલર રિલીઝ



મુંબઈ


શાહરુખ ખાનના પ્રોડક્શન હાઉસ 'રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ' હેઠળ બનેલ ફિલ્મ 'કામયાબ'નું ટ્રેલર રિલીઝ થયું છે. સંજય મિશ્રા અને દિપક ડોબરિયાલ સ્ટારર 'કામયાબ' ફિલ્મનું ટ્રેલર સોશિયલ મીડિયા પર શેર કરતાં શાહરુખે લખ્યું કે, 'કોઈ રોલ એક્સ્ટ્રા નથી હોતો. આર્ટિસ્ટ એક્સ્ટ્રાઓર્ડિનરી હોવો જોઈએ. પછી પિક્ચર કામયાબ બને છે.'

આ ફિલ્મ સુધીર નામના પાત્રની છે જે ફિલ્મોમાં સાઈડ રોલ કરતો હોય છે. ૮૦ અને ૯૦ના દાયકાની ટિપિકલ ફિલ્મોમાં એક્સ્ટ્રા એક્ટરનો રોલ તેણે ૪૯૯ ફિલ્મોમાં કર્યો હતો. પોતાની ૫૦૦મી ફિલ્મમાં તે હટકે રોલ કરીને રેકોર્ડ બનાવવા ઈચ્છતો હતો. રોલ મેળવવાના ચક્કરમાં તેની સાથે સાથે જે ઘટના બને છે તેના પર આ ફિલ્મ આધારિત છે. એક એક્ટરની સ્ટ્રગલ સ્ટોરીને ટ્રેલરમાં બતાવવામાં આવી છે.

અલી અબ્બાસ ઝફર 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મની ટ્રિલજી પર કામ કરશે

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૮

ફિલ્મમેકર અલી અબ્બાસ ઝફર 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મની ટ્રિલજી પર કામ કરવાના છે. ઝી સ્ટુડિયો આ ટ્રિલજીને પ્રોડ્યૂસ કરવાનું છે.



અલી અબ્બાસ જ આ ફિલ્મને લખશે અને ડિરેક્ટ કરશે. હજુ સુધી ફિલ્મની કાસ્ટ ફાઈનલ થઈ નથી. અલીએ ટ્વીટ કરી લખ્યું કે, 'ઝી સ્ટુડિયો સાથે મળીને એપિક ટ્રિલજી મિસ્ટર ઈન્ડિયા પર કામ કરવા માટે ઉત્સુક છું. જે આઈકોનિક કેરેક્ટરને દરેક લોકોએ પ્રેમ આપ્યો છે તેને આગળ વધારવાની આ ઘણી મોટી જવાબદારી છે. હાલ સ્ક્રિપ્ટ પર કામ કામ ચાલી રહ્યું છે. જેવી સ્ક્રિપ્ટ ફાઈનલ થશે કે કાસ્ટિંગ શરૂ થશે.'

૧૯૮૭માં આવેલ અનિલ કપૂર, શ્રીદેવી અને અમરીશ પુરી સ્ટારર ફિલ્મ 'મિસ્ટર ઈન્ડિયા' શેખર કપૂરે ડિરેક્ટ કરી હતી. ટ્રિલજીના અનાઉન્સમેન્ટ બાદ શેખર કપૂરે ટ્વિટર પર લખ્યું કે, 'કોઈએ મને મિસ્ટર ઈન્ડિયા ૨ નામની આ ફિલ્મ વિશે જાણ પણ કરી નથી. તેઓ ફિલ્મના ઓરિજિનલ ક્રિએટર્સની પરવાનગી વગર કેરેકટર્સ/ સ્ટોરી યુઝ ન કરી શકે.' જોકે મેકર્સનો દાવો છે કે આ ટ્રિલજી શેખર કપૂરની ક્લાસિક ફિલ્મની રિમેક કે સિક્વલ નહીં હોય. 'મિસ્ટર ઈન્ડિયા' ફિલ્મ ઈન્ડિયન સિનેમાની પહેલી સાય-ફાય ફિલ્મોમાંની એક ફિલ્મ હતી.

'ભૂતઃ ધ હોન્ટેડ શિપ'ના પ્રમોશન માટે વિકી ભૂતિયા જગ્યાઓ પર જશે

મુંબઈ

ભૂતના નામથી પણ ડરનાર વિકી કૌશલ પોતાની હોરર ફિલ્મ 'ભૂતઃ ધ હોન્ટેડ શિપ'ના પ્રમોશન માટે ભૂતિયા જગ્યાઓ પર જશે. આ વાતનો ખુલાસો ખુદ પ્રોડક્શન હાઉસે કર્યો છે. ઈન્સ્ટાગ્રામની એક પોસ્ટમાં અનાઉન્સ કરવામાં આવ્યું છે કે તમે તમારા શહેરના સૌથી હોન્ટેડ પ્લેસનું નામ કહો, વિકી અને તેની ટીમ ત્યાં ફિલ્મનું પ્રમોશન કરી શકે છે.

મેકર્સે આ કેમ્પેનને ભૂત ઈન માય સિટી નામ આપ્યું છે. પોસ્ટમાં લખ્યું છે કે, જેટલું ડરામણું એટલું વધુ સારું. અમને જણાવો તમારા શહેરની સૌથી હોન્ટેડ જગ્યા વિશે, બની શકે છે કે વિકી ત્યાં પ્રમોશન માટે પહોંચી જાય.

દિલ્હીની ફેમસ હોન્ટેડ પ્લેસ 'ભૂલી ભટિયારી'માં વિકીએ ફિલ્મના ડિરેક્ટર સાથે પ્રમોશન કર્યું હતું. આ હોરર ફિલ્મને કરણ જોહરના ધર્મા પ્રોડક્શન અને ઝી સ્ટુડિયોએ સાથે મળીને પ્રોડ્યૂસ કર્યું છે. આ ફિલ્મથી ભાનુ પ્રતાપ સિંહે ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું છે. આ હોરર ફિલ્મને ડેબ્યુ ડિરેક્ટર ભાનુ પ્રતાપ સિંહે જ લખી છે.

'બંટી ઔર બબલી ૨' ફિલ્મ ૨૬ જૂને રિલીઝ થશે

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૮

'યશરાજ ફિલ્મ્સ'ની અપકમિંગ ફિલ્મ 'બંટી ઔર બબલી ૨'ની રિલીઝ ડેટ ફાઈનલ થઈ ગઈ છે. મલ્ટિસ્ટારર આ ફિલ્મ ૨૬ જૂનના રોજ રિલીઝ થશે. ફિલ્મમાં રાની મુખર્જી, સૈફ અલી ખાન સાથે 'ગલી બોય' ફેમ સિદ્ધાંત ચતુર્વેદી અને ડેબ્યુ એક્ટ્રેસ શરવરી વાઘ લીડ રોલમાં છે. સિદ્ધાંત ચતુર્વેદીની 'ગલી બોય' બાદ આ બીજી ફિલ્મ છે જ્યારે શરવરી આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. તેણે એમેઝોન પ્રાઈમ પરની 'ધ અનફરગોટન આર્મી'થી ડિજિટલ ડેબ્યુ કર્યું હતું. ૧૧ વર્ષ પછી રાની અને સૈફ ફરીવાર સ્ક્રીન શેર કરવાના છે. 'બંટી ઔર બબલી ૨' ફિલ્મના ડિરેક્ટર વરુણ શર્મા છે જેને 'સુલતાન' અને 'ટાઈગર ઝિંદા હૈ' ફિલ્મોમાં અસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. 'બંટી ઔર બબલી' ૨૦૦૫માં રિલીઝ થઈ હતી જેમાં અભિષેક બચ્ચન અને રાની મુખર્જી લીડ રોલમાં હતાં. અમિતાભ બચ્ચન સપોર્ટિંગ રોલમાં હતા. શાદ અલીના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મ બોક્સઓફિસ પર હિટ રહી હતી.

રમત જગત વિશેષ

હોકી પ્રો લીગ : ઓસ્ટ્રેલિયા સામેની ૨ મેચ માટે ભારતીય ટીમ જાહેર



ન્યુ દિલ્હી

ઈન્ટરનેશનલ ફેડરેશન હોકી પ્રો લીગમાં ઓસ્ટ્રેલિયા સામેની ૨ મેચ માટે મંગળવારે ભારતીય ટીમ જાહેર થઈ હતી. ૨૪ સદસ્યની ટીમની કમાની મનપ્રીત સિંહ કરશે. વર્લ્ડ નંબર ૨ ઓસ્ટ્રેલિયા સામે ભારત ૨૧ અને ૨૨ ફેબ્રુઆરીએ મેચ રમશે. બંને મેચ ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં રમાશે. અત્યારે ભારત વર્લ્ડ રેંકિંગમાં ચોથા સ્થાને છે.

મુખ્ય કોચ ગ્રાહમ રીડે કહ્યું કે, "વર્લ્ડ ચેમ્પિયન બેલ્જિયમાં સામેની ૨ મેચ પછી ભારત માટે ઓસ્ટ્રેલિયા બીજો એક પડકાર છે. ટીમને હવે દુનિયા બીજી સૌથી મજબૂત ટીમ સામે રમવાનું છે." ભારતે તાજેતરમાં પ્રો લીગમાં બેલ્જિયમને પહેલી મેચમાં ૨-૧થી હરાવ્યું હતું. તે પછી બીજી મેચમાં ભારતે હારનો સામનો કરવો પડ્યો હતો. પ્રો-લીગમાં ભારત બેલ્જિયમ સામે પહેલીવાર હાર્યું હતું.

મનપ્રીત ૧૨ ફેબ્રુઆરીએ ઈન્ટરનેશનલ હોકી એસોસિયેશન દ્વારા પ્લેયર ઓફ ધ યર તરીકે પસંદ થયો હતો. મનપ્રીત આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે. આ એવોર્ડની શરૂઆત ૧૯૯૯થી થઈ હતી. મનપ્રીતને સૌથી વધુ ૩૫.૨ ટકા વોટ મળ્યા હતા. તેણે વર્લ્ડચેમ્પિયન વિકટર વેગનેજ અને આર્થર વાન ડોરેન, ઓસ્ટ્રેલિયાના અરાન જાલેવ્સ્કને પાછળ છોડ્યા હતા.

ભારતીય ટીમઃ શ્રીજેશ પરતુ રવીન્દ્રન, કૃષ્ણ પાઠક, અમિત રોહિદાસ, સુરેન્દ્ર કુમાર, બિરેન્દ્ર લકરા, હરમનપ્રીત સિંઘ, વરુણ કુમાર, ગુરિન્દર સિંઘ, રુપિંદર પાલ સિંઘ, મનપ્રીત સિંહ (કેપ્ટન), વિવેક સાગર પ્રસાદ, હાર્દિક સિંહ, ચિંગલેન્સણા સિંહ, રાજ કુમાર પાલ, આકાશદીપ સિંહ, સુમિત, લલિત ઉપાધ્યાય, ગુરસાહિબજિત સિંહ, દિલપ્રીત સિંહ, એસવી સુનિલ, જર્મનપ્રીત સિંઘ, સિમરનજીત સિંહ, નીલકાંત શર્મા અને રમન દીપસિંહ

દુનિયામાં ૨૦ કરોડ ફોલોઅર્સ સાથે રોનાલ્ડો સૌથી આગળ

કોહલી ૫ કરોડ ફોલોઅર્સ ધરાવનાર પ્રથમ ભારતીય, પ્રિયંકા બીજા સ્થાને

ન્યુ દિલ્હી

ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટ કોહલીના ઈન્સ્ટાગ્રામ પર ૫ કરોડ ફોલોઅર્સ છે. તે આ સિદ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય છે. તેના પછી એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા બીજા સ્થાને છે. તેના ૪.૯૯ કરોડ ફોલોઅર્સ છે. જ્યારે પોર્ટુગલનો ક્રિસ્ટીયાનો રોનાલ્ડોના ૨૦.૩ કરોડ ફોલોઅર્સ છે. રોનાલ્ડોથી આગળ માત્ર ઈન્સ્ટાગ્રામ છે, તેના ૩૩ કરોડ ફોલોઅર્સ છે. ત્રીજા નંબરે અમેરિકન સિંગર અરિયાના છે, જેના ૧૭,૫ કરોડ ફોલોઅર્સ છે. કોહલીએ અત્યારસુધી ઈન્સ્ટાગ્રામ પર ૯૩૦ પોસ્ટ કરી છે. તે માત્ર ૪૮ લોકોને ફોલો કરે છે. એક્ટ્રેસ દીપિકા પાદુકોણ ભારતમાં ત્રીજા નંબરે છે. તેના ૪.૪૧ કરોડ ફોલોઅર્સ છે.

એક રિપોર્ટ અનુસાર, રોનાલ્ડોએ ૨૦૧૯માં પેડ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા લગભગ ૩૪૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જુવેન્ટ્સ ક્લબમાં તેનું એન્યુલ પેકેજ ૨૪૨ કરોડ રૂપિયા છે. રોનાલ્ડોને ઈન્સ્ટાગ્રામ પર દરેક સ્પોન્સર્ડ પોસ્ટ માટે ૬.૯ કરોડ રૂપિયા મળે છે. સોશિયલ મીડિયાથી કમાણીના મામલે મેસી બીજા સ્થાને છે. સ્પેનિશ ક્લબ બાર્સેલોના મેસીએ ૩૬ પોસ્ટથી ૧૬૫ કરોડ રૂપિયા કમાયા છે. કોહલી એક વર્ષમાં ૮.૩ કરોડ રૂપિયા કમાઈને આ સૂચિમાં ૧૧મા સ્થાને છે.

કબડ્ડી વર્લ્ડકપ વિવાદ : મંજૂરી વગર પાકિસ્તાન જનાર ભારતીય ટીમ પર તપાસનો આદેશ

ન્યુ દિલ્હી

સ્પોર્ટ્સ મિનિસ્ટર કિરણ રિજિજુએ એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયાને ભારતની અનઓફિશિયલ કબડ્ડી ટીમ પાકિસ્તાન જતા મામલાની તપાસ કરવા કહ્યું છે. તે જ સમયે, પાકિસ્તાન તરફથી ફાઈનલ હાર્યા બાદ પરત આવેલા ભારતીય ટીમના પ્રમોટર દેવીન્દર સિંહ બાજવાએ કહ્યું કે, ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે અમને કોઈની પણ પરવાનગીની જરૂર નહોતી, કારણ કે અમે ત્યાં વ્યક્તિગત ક્ષમતા પર ગયા હતા. ભારતીય ટીમ કોઈને જાણ કર્યા વિના ૭ ફેબ્રુઆરીએ વાઘા બોર્ડર થઈને લાહોર પહોંચી હતી, ફાઈનલમાં પાકિસ્તાન સામે હારી ગઈ હતી.

પાકિસ્તાની સર્કલ કબડ્ડી વર્લ્ડ કપ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે બિનસત્તાવાર ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે પરવાનગી લેવાની જરૂર નથી. ઈન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશનના અધ્યક્ષ જનાર્દન સિંહ ગહલોતે પણ ૧૧ ફેબ્રુઆરીએ કહ્યું હતું કે, આ વર્લ્ડ કપને અપેક્સ બોડી દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ નથી.

રિજિજુએ કહ્યું કે, અમારી સત્તાવાર કબડ્ડી ટીમ પાકિસ્તાન ગઈ નથી. અમને ખબર નથી કે ત્યાં કોણ ગયા હતા. કોઈ પણ બિનસત્તાવાર ટીમ ભારતના નામે ક્યાંય રમી શકે નહીં. અમે કોઈ સત્તાવાર ટીમ મોકલી નથી. અમે કબડ્ડી ફેડરેશનને તેની તપાસ શરૂ કરવા અને ત્યાં ગયેલા લોકોને ઓળખી કાઢવા કહ્યું છે જેમણે પરવાનગી લીધા વિના ભારતના નામનો ઉપયોગ કર્યો. કોઈપણ માન્ય ટૂર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે રમતગમત અને રાષ્ટ્રીય ફેડરેશનની મંજૂરી લેવી ફરજિયાત છે."

IPL ૨૦૨૦ : બીસીસીઆઈનું શેડ્યુલ જાહેર, પહેલી મેચમાં મુંબઈ - ચેન્નાઈ આમને સામને

મુંબઈ

બીસીસીઆઈએ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૦ માટેનું શેડ્યુલ જાહેર કરી દીધું છે. પહેલી મેચ ૨૯ માર્ચના રોજ ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપરકિંગ્સ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાશે. ટૂર્નામેન્ટની ફાઈનલ ૨૪ મે ૨૦૨૦ના રોજ રમાશે. આખી સીઝનમાં માત્ર ૬ મેચ બપોરના સમયે રમાશે, ટૂર્નામેન્ટ ૫૭ દિવસ ચાલશે. બીસીસીઆઈએ આ સીઝનમાં ડબલ હેડર (એક દિવસે બે મેચ)ની સંખ્યા ઘટાડી છે. આ વખતે માત્ર રવિવારે જ બે મેચ રમાશે.

માર્ચના અંતિમ અઠવાડિયામાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ટી-૨૦ સીરિઝ ૨૯ માર્ચના સમાપ્ત થશે. તેવામાં બંને દેશના ખેલાડીઓ તેના પછી ટૂર્નામેન્ટ રમવા હાજર રહેશે. જોકે બીસીસીઆઈએ તેનું ધ્યાન રાખતા સનરાઈઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સની પહેલી મેચ અનુક્રમે ૧ અને ૨ એપ્રિલે રાખી છે. બંને ટીમ પાસે સૌથી વધુ ખેલાડી આ દેશના છે. તેમને નુકસાન ન થાય તે માટે બોર્ડે આ પગલું લીધું છે. તેમજ ઈંગ્લેન્ડના પ્લેયર્સ પર એપ્રિલના પહેલા અઠવાડિયામાં ભારત આવશે. તેમની શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝ ૩૧ માર્ચ સુધી ચાલશે.

ભારત-પાક. એકબીજાના ડુંગળી-બટેકા ખાઈ છે, તો ક્રિકેટ કેમ નથી રમતા..?!! : શોએબ અખ્તર



(જી.એન.એસ)કરાંચી,તા.૧૮

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે ફરી એકવાર બાઈલેટરલ સીરિઝ રમવાની શરૂઆત કરવા અંગે કહ્યું છે. શોએબ અનુસાર જો બંને દેશ એકબીજાના ડુંગળી-બટેકા ખાઈ શકે છે, બિઝનેસ કરી શકે છે, તો પછી ક્રિકેટમાં જ વાંધો કેમ છે. શોએબે પોતાની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે, જો બંને દેશને એકબીજાને ત્યાં જઈને રમવામાં તકલીફ હોય તો તેમણે ન્યુટ્રલ વેન્યુ પર રમવું જોઈએ.

રાવલપિંડી એક્સપ્રેસના નામથી જાણીતા ફાસ્ટરે કહ્યું કે, ભારતની કબડ્ડી ટીમ પાકિસ્તાનમાં છે. તેની અહીં માન સન્માન મળી રહ્યું છે. ડેવિસ કપમાં બંને દેશ એકબીજા સામે રમે છે. બંને દેશે બધી રમતો રમવાનું શરૂ કરવી જોઈએ અથવા બધી રમતો બંધ કરી દેવી જોઈએ.

બંને દેશ વચ્ચે છેલ્લી સીરિઝ ૨૦૧૨-૧૩માં રમાઈ હતી. ત્યારે પાકિસ્તાન ત્રણ વનડેની સીરિઝ રમવા ભારત આવ્યું હતું. બંને દેશ વચ્ચે છેલ્લી ટેસ્ટ ૧૩ વર્ષ પહેલા ૨૦૦૭માં રમાઈ હતી. જોકે બંને દેશ એશિયા કપ અને આઈસીસી ટૂર્નામેન્ટમાં એકબીજા સામે ટકરાઈ છે. શોએબે કહ્યું કે, આપણે કબડ્ડી અને ડેવિસ કપ રમી શકીએ છીએ તો ક્રિકેટ કેમ નહીં? બાઈલેટરલ સીરિઝ ન્યુટ્રલ વેન્યુ પર રમવામાં આવી શકે છે. શોએબે કહ્યું કે, વિરેન્દ્ર સહેવાગ, સૌરવ ગાંગુલી અને સચિન તેંદુલકરને પૂછો અમે કેટલા સારા યજમાન છીએ. મતભેદના લીધે ક્રિકેટને નુકસાન ન થવું જોઈએ. હું આશા રાખું છું કે ભારત-પાકિસ્તાન જલ્દી બાઈલેટરલ સીરિઝ રમે. તેના માટે ન્યુટ્રલ વેન્યુ પસંદ કરવામાં આવી શકે છે.

માસ્ક અને રક્ષાત્મક સૂટની અછત સામે ડોક્ટર્સ પણ લાચાર બન્યા

કોરોના વાયરસથી વુહાન હોસ્પિટલના ડાયરેક્ટરનું મોત નીપજ્યું

વુહાન

જે સ્થળે કોરોના વાયરસનો હાહાકાર છે તે વુહાનની હોસ્પિટલના હેડનું કોરોના વાયરસના લીધે મૃત્યુ થયું છે. આ માહિતી સૌથી ચીનના સ્થાનિક ટેલિવિઝન રિપોર્ટમાં સામે આવી હતી જેનું બાદમાં અધિકારીઓએ અનુમોદન કર્યું હતું. સ્થાનિક બ્રોડકાસ્ટર સીસીટીવી પ્રમાણે વુહાન હોસ્પિટલના હેડ ડો. લિયુ ઝીમીંગનું મૃત્યુ થયું હતું. તેમને બચાવવાના ઘણા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ પહેલા તેમના મૃત્યુ અંગે અધિકારીઓએ પહેલા ખરાઇ કર્યા બાદ તે દાવો નકાર્યો હતો. ચીનમાં અત્યાર સુધીમાં ૧૮૭૦ લોકોના મોત થયા છે અને ૭૨ ,૪૩૬ પોઝિટિવ કેસ નોંધાયા છે.

આ હોસ્પિટલ એક હાઇ લેવલ હોસ્પિટલ તરીકે પ્રખ્યાત છે અને વુહાનમાં કોરોના વાયરસ માટે નક્કી થયેલી સાત હોસ્પિટલ પૈકીની એક છે. વુહાન મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ન્યૂરોસર્જરીમાં ડો. લિયુ ઝીમિંગનું નામ ન્યૂરોસર્જરીમાં જાણીતું છે. શુક્રવારે નેશનલ



હેલ્થ કમિશને એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે સારવાર માટે કામ કરી રહેલી મેડિકલ ટીમના કુલ ૧૭૧૬ કર્મચારીઓનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે જેમાંથી ૬ લોકોનું મોત થયું છે. વુહાનમાં અત્યારે ડોક્ટર્સ માસ્ક અને રક્ષાત્મક બોડીસ્યૂટની અછત સામે ઝઝૂમી રહ્યા છે. ઘણા ડોક્ટર અમુક કામચલાઉ સૂટર પહેરીને કામગીરી બજાવી રહ્યા છે. ચીનના આરોગ્ય અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું કે ચીનમાં એક જ દિવસમાં ૧૮૮૬ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૯૮ લોકોના મોત થયા છે. હુબેઈમાં એક દિવસમાં ૯૩ લોકોના મોત થયા છે. હેનાન પ્રાંતમાં વધુ ૩ અને હુબેઈ તથા હુનાનમાં ૧-૧ યુવકનું મોત થયું છે. કોરોના વાયરસના લીધે અત્યારે ચીનમાં પરિસ્થિતિ અત્યંત વિકરાળ બની છે. ભારત તરફથી આ મામલે પહેલા એક પત્ર લખીને ચીનની પડખે ઉભા રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. તેથી ભારત હવે દવાઓનો એક જથ્થો ચીન મોકલશે. ન્યૂઝ એજન્સીના રિપોર્ટ પ્રમાણે આ અઠવાડિયે એક ફ્લાઇટ વુહાનમાં દવાઓનો જથ્થો લઇને પહોંચશે. ત્યાંથી પરત આવતી વખતે વુહાન અથવા હુબેઈમાંથી જો કોઇ ભારતીય તેમાં આવવા માંગતા હોય તો આવી શકે છે.ચીને કહ્યું છે કે દર્દીઓની સારવાર માટે મેડિકલ સ્ટાફને માસ્ક, ગ્લોવ અને સૂટની જરૂરિયાત છે. ચીનમાં માસ્કની પણ અત્યારે ખૂબ કમી છે અને છેલ્લા ત્રણ અઠવાડિયામાં ભારે માંગ ઉભી થઈ છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વુહાનમાંથી ભારતીયોને પરત લાવવામાં કામગીરી બદલ સફદરજંગ હોસ્પિટલના નર્સીંગ ઓફિસર મનુ જોસેફ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસ નેતા અહમદ પટેલને ઈક્મટેક્સ વિભાગનું તેડું, હવાલા મામલે પૂછપરછ કરાશે

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના ટ્રેજરર અહમદ પટેલની મુસીબતો અચાનક વધી ગઈ છે. આવકવેરા વિભાગે હવાલા ટ્રાન્જેક્શન કેસમાં અહમદ પટેલને સમન્સ મોકલ્યું છે. હવે અહમદ પટેલને ૪૦૦ કરોડ રૂપિયાના હવાલા કેસમાં ઈક્મટેક્સ વિભાગ પૂછપરછ હાથ ધરશે.

આવકવેરા વિભાગે પટેલને રુપિયા ૪૦૦ કરોડના હવાલા ટ્રાન્જેક્શન કેસમાં નોટિસ પાઠવીને હાજર થવાનો આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટ વિભિન્ન કંપનીઓ દ્વારા કોંગ્રેસ પાર્ટીને મોકલવામાં આવેલા ૪૦૦ કરોડ રુપિયાથી વધારાના હવાલા ટ્રાન્જેક્શનની તપાસ કરી રહ્યું છે. અગાઉ ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટે અહમદ પટેલને ૧૧ ફેબ્રુઆરીએ સમન્સ મોકલ્યું હતુ અને ૧૪ ફેબ્રુઆરીએ હાજર થવા જણાવ્યું હતું. આ સમન્સ આઈટી -એક્ટની સેક્સન ૧૩૧ અંતર્ગત મોકલવામાં આવ્યું હતું. જો કે અહમદ પટેલે તબીયત ખરાબ હોવાનું કારણ જણાવીને ઈક્મ ટેક્સ વિભાગના અધિકારીઓ સમક્ષ હાજર થયા નહતા. અહમદ પટેલે જણાવ્યું હતું કે, તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે અને હાલ તેઓ ફરીદાબાદની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જો કે હજુ સુધી એવી જાણકારી નથી મળી રહી કે, અહમદ પટેલ આ વખતે પણ આવકવેરા વિભાગ સમક્ષ હાજર થશે કે કેમ? ઈક્મટેક્સ વિભાગના સમન્સ પર અહમદ પટેલ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી.

દલિત સૈનિક વરઘોડો ન કાઢી શકે? ભારતમાતા ચૂપ કેમ છે?

દલિતો 'જયશ્રી રામ'/ 'મંદિર વહી બનાયેંગે' વગેરે સૂત્રો પોકારે તો ગમે છે; પરંતુ તેઓ સામાજિક ન્યાયની વાત કરે તો કડવા લાગે છે ! મૂછો રાખે કે વરઘોડો કાઢે તો સહન થતું નથી ! આપણા ફ્યુડલ મનમાં પ્રશ્ન ઊભો થાય છે કે દલિતો સમાનતાની વાત કરી જ કેમ શકે? દલિતો મૃત્યુ પામે છતાં તેમના પ્રત્યે ઘૃણા ઓછી થતી નથી; ગુજરાતના દરેક ગામમાં દલિતોનું સ્મશાન પણ જુદું ! દલિતો માણસમાં આવે કે નહીં?

દલિતો શિક્ષક/સૈનિક/ડોક્ટર/ઈજનેર/ સનદી અધિકારી ત્યારે જ બની શકે જ્યારે તેમને શિક્ષણ મળે. આઝાદી પહેલા દલિતોને શિક્ષણ મેળવાનો અધિકાર છે; તેવું અંગ્રેજોને લાગ્યું હતું. આંબેડકરજી એટલે ભણી શક્યા. હિન્દુધર્મ તો ચારવર્ણમાં માને છે; ચાર વર્ણ પૈકી શૂદ્રવર્ણના લોકોએ તો બાકીના ત્રણ વર્ણની સેવા જ કરવી, તેવું શાસ્ત્રોમાં અન્ડરલાઈન કરીને લખી રાખ્યું છે. ૨૦૦૨માં, ગોમતીપુરમાં 'વંદે માતરમ'/ 'ભારતમાતા કી જય'ના નારા સાથે તલવારો લઈને દલિતો જોશપૂર્વક કેસરિયા કરવા નીકળતા હતા; તે મેં જોયેલા છે. શહેરીકરણના કારણે શહેરોમા દલિતો પ્રત્યેની સૂગ હળવી બની છે; પરંતુ ગામડાઓમાં ભેદભાવની સૂગ અકબંધ છે. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ ગુજરાતની આબરુ ધૂળમાં મળે તેવી એક શરમજનક ઘટના બની. બનાસકાંઠા જિલ્લાના સરીપાડા ગામના દલિત આકાશ કોટડિયાચરણ કાશ્મીર ખાતે આર્મીમાં ફરજ બજાવે છે. જ્યારે દેશનો એક દલિત સૈનિક પોતાના લગ્ન સમયે વરઘોડો કાઢે તો દેશભક્તિના નારા પોકારનારાઓએ એવા વરઘોડાનું સ્વાગત કરવું જોઈએ; તેના બદલે દેશભક્તો, દલિત સૈનિકના વરઘોડા ઉપર પથ્થરમારો કરે? આવો હિણપતભર્યો/ અપમાનજનક વ્યવહાર દલિતો સાથે થાય ત્યારે 'ભારતમાતા' કેમ ચૂપ રહેતી હશે? આવી બિસંવેદનશીલ માતા હોઈ શકે ખરી? દલિતો પોતાના ખર્ચે વરઘોડો કાઢે; એમાં વાંધાજનક શું છે? એક સૈનિક દુશ્મનો સામે લડતા લડતા શહિદ થઈ જાય અને વતનમાં તેમનું શબ અંતિમસંસ્કાર માટે આવે ત્યારે એ સૈનિક મટી દલિત થઈ જાય? એમને સ્મશાનમાં પણ પ્રવેશ ન મળે? આપણા લોહીમાં/માનસિકતામાં વર્ણવાદ ઘૂસી ગયો છે; કાશ્મીરમાં સૈનિક ઉપર પથ્થરમારો થાય તો પથ્થર ફેંકનાર આતંકવાદી/દેશદ્રોહી લાગે છે; પરંતુ એક સૈનિકના લગ્નના વરઘોડા ઉપર પથ્થરમારો કરનાર આતંકવાદી/ દેશદ્રોહી લાગતા નથી !

દેશભક્તિના નારા પોકારનારાઓને બરાબર ઓળખો; એ ભૂવા જેવા છે. ભૂવો ડાકલું વગાડી આપણને ધૂણાવે છે. ધર્મનું અફીણ નશો આપે છે, આનંદદાયક લાગે છે. આવું જ દેશભક્તિના/રાષ્ટ્રવાદના નારાઓ પણ આપણને મદહોશ કરે છે, નશો ચડાવે છે. આપણને વાસ્તવિક સમસ્યાઓથી દૂર રાખે છે. દલિત સૈનિકના વરઘોડા ઉપર પથ્થરમારો થાય તે ઘટના સૂચવે છે કે રાજ્ય દલિતોને માણસ ગણતું નથી ! રાજ્યમાં કાયદો/વ્યવસ્થા માત્ર ઉપલા વર્ણ માટે જ છે ! દલિત સૈનિકને પણ પોલીસ પ્રોટેક્શન હેઠળ વરઘોડો કાઢવો પડે; તે તંત્ર માટે શરમજનક બાબત કહેવાય. આકાશ કેટડિયા દુશ્મનો સામે લડી શકશે પણ દેશવાસીઓની કુસેવા સામે લડી કરશે નહીં; આ જવાબદારી આપણા સૌની છે. દેશભક્તિ/રાષ્ટ્રવાદના નારા લગાવતા પહેલા દેશના નાગરિકને માણસ તો ગણો ! નેતાઓ/કથાકારો/ગુરુઓએ આપણને માત્ર મતદાર બનાવ્યા/ભક્ત બનાવ્યા; પણ નાગરિક બનતા અટકાવ્યા ! સૂત્રો/નારાઓ માત્ર દલિતોને નશામાં રાખવા માટે જ છે ! દલિતોને જેલમાં ધકેલવા માટે જ છે; એટલું દલિતો ક્યારે સમજશે?

૮૮૩ની ધરપકડ કરી હતી, ૫૬૧ જામીન પર બહાર છે

CAA વિરોધી આંદોલનમાં ૨૨નાં મોત થયાં... યોગી સરકારે હાઈકોર્ટમાં માહિતી આપી

લખનઉ

ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારે હાઈકોર્ટમાં એવી માહિતી આપી હતી કે રાજ્યમાં સીએએ વિરોધી આંદોલન દરમિયાન ૨૨ વ્યક્તિનાં મોત થયાં હતાં અને ૮૩ને ઈજા થઈ હતી.

હિંસા ફેલાવવાના આરોપ હેઠળ કુલ ૮૮૩ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી જેમાંના ૫૦૦થી વધુ લોકો હાલ બહાર ફરે છે.

રાજ્યમાં સીએએ વિરોધી આંદોલન દરમિયાન પોલીસે કરેલા કહેવાતા અત્યાચારોની સામે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. તેની સુનાવણી દરમિયાન રાજ્ય સરકારના વકીલે આ માહિતી આપી હતી. કોર્ટ હવે પછીની સુનાવણી માર્ચની ૧૮મીએ કરવાની જાહેરાત કરી હતી.

પેરિસમાં ચાલી રહેલી એફએટીએફની બેઠકનો અભિપ્રાય...

પ્રતિબંધ લાદ્યા છતાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનોને હજુ ફંડિંગ મળી રહ્યું છે

ફ્રાંસ

દુનિયાભરના દેશોએ આતંકવાદી સમૂહોને મળતાં નાણાં પર પ્રતિબંધ લાદ્યા છતાં આતંકવાદી જૂથોને નાણાં મળે છે એવો અભિપ્રાય પેરિસમાં ચાલી રહેલી એફએટીએફની બેઠકમાં વ્યક્ત થયો હતો.

આ બેઠકમાં પોતે બ્લેકલિસ્ટમાં ન આવી જાય એ માટે પાકિસ્તાને ઘણા હવાતિયાં માર્યા છે. મસૂદ અઝહર અને બીજા આતંકવાદીઓને કેદ પકડ્યા છે અને આતંકવાદી જૂથો પર જબરા પ્રતિબંધો લાદ્યા છે એવું નાટક પણ પાકિસ્તાને કર્યું.

તાજેતરમાં પાકિસ્તાનના ભાઈબંધ એવા ચીનના વિદેશ પ્રધાને પણ એફએટીએફને પ્રભાવિત કરવા એવું નિવેદન કરેલું કે પાકિસ્તાને આતંકવાદને ડામવા અસરકારક પગલાં લીધાં હતાં. આમ પાકિસ્તાન દુનિયાની આંખોમાં ધૂળ નાખવાના પ્રયાસો કર્યા છે.

પેરિસમાં આ બેઠક આ આખા અઠવાડિયા સુધી ચાલવાની છે. પાકિસ્તાન હાલ ગ્રે લિસ્ટમાં છે. એમાંથી બહાર આવવા એ જાતજાતનાં ગતકડાં કરી રહ્યું છે. ભારતીય પ્રતિનિધિએ જોરદાર રજૂઆત કરતાં કહ્યું હતું કે પાકિસ્તાન લશ્કર એ તૈયબ, જૈશ એ મુહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીન જેવી આતંકવાદી સંસ્થાઓને ભારતમાં આતંકવાદી હુમલા કરવા માટે નાણાં પૂરાં પાડે છે. ભારતની રજૂઆત એકદમ સચોટ હોવાનું હાજર રહેલા સભ્યોને લાગ્યું હતું.

વોટર આઈડી કાર્ડ નાગરિકતાની સાબિતી નથી : ગુવાહાટી હાઈકોર્ટ

ગુવાહાટી

ગુવાહાટી હાઈકોર્ટે ફરી એક વખત કહ્યું છે કે ફોટા સાથેનું વોટર આઈડેન્ટિટી કાર્ડ કોઈ વ્યક્તિની નાગરિકતાની અંતિમ સાબિતી હોઈ શકે નહીં. હાઈકોર્ટે આ આસમ અકોર્ડ અંતર્ગત કોઈના વિદેશી હોવાના સંબંધમાં કહી છે. કોર્ટે એ પણ કહ્યું કે ભૂમિ રાજસ્વ રશીદ, પાન કાર્ડ, અને બેંકના દસ્તાવેજોનો ઉપયોગ નાગરિકતા સાબિત કરવા માટે કરી શકાય નહીં. હાઈકોર્ટના જસ્ટિસ મનોજિત ભુયન અને જસ્ટિસ પ્રથ્વીજ્યોતિ સાઈકાએ જૂનો નિર્ણય દોહરાવ્યો હતો. કોર્ટે આ પહેલા મુનીંદ્ર વિશ્વાસ દ્વારા દાખલ એક મામલામાં આવો જ નિર્ણય આપ્યો હતો. જેમાં તિનસુકિયા જિલ્લામાં એક વિદેશી ટ્રિબ્યૂનલેલના નિર્ણયને પડકાર્યો હતો.

મોહમ્મદ બાબુલ ઈસ્લામ વર્સિસ આસમ રાજ્ય (કેસ સંખ્યા ૩૫૪૭)માં કોર્ટે નિર્ણય આપ્યો હતો કે મતદાતા ફોટો ઓળખપત્ર નાગરિકતાનું પ્રમાણ નથી. જુલાઈ ૨૦૧૯માં ટ્રિબ્યૂનલ દ્વારા વિદેશી ઘોષિત કરાયેલા વિશ્વાસે કોર્ટને બતાવ્યું હતું કે તેના દાદા દુર્ગા ચરણ વિશ્વાસ પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના હતા અને તેના પિતા ઈન્દ્ર મોહન વિશ્વાસ ૧૯૬૫માં આસમના તિનસુકિયા જિલ્લામાં ચાલ્યા ગયા હતા.

અરજી કર્તાએ કહ્યું કે તેનો આસમમાં જન્મ થયો છે. તિનસુકિયા જિલ્લાના માર્ગેરિટા શહેરનો રહેવાસી છે અને મતદાતા યાદીમાં પોતાનું નામ હોવાની સાબિતી રજુ કરી હતી. આ સાથે ૧૯૭૦માં ખરીદેલા જમીનના દસ્તાવેજ પણ રજુ કર્યા હતા. જોકે કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે અરજીકર્તા ૧૯૯૭ પહેલાની મતદાતા યાદી આપવામાં નિષ્ફળ રહ્યો છે. જેમાં એ સાબિત થઈ શકે કે તેના માતા-પિતા ૧ જાન્યુઆરી ૧૯૬૬ પહેલા આસામમા પ્રવેશ કરી ચૂક્યા હતા અને ૨૪ માર્ચ ૧૯૭૧થી પહેલા રાજ્યમાં રહી રહ્યા હતા.નાગરિકતા અધિનિયમ ઉપબંધ ૬એ પ્રમાણે આસમ સમજુતી પ્રમાણે રાજ્યમાં નાગરિકતા માટે આધાર વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૬૬ છે. જે લોકો ૧ જાન્યુઆરી ૧૯૬૬ અને ૨૪ માર્ચ ૧૯૭૧ વચ્ચે રાજ્યમાં વસેલા છે તેમને દસ વર્ષના ગાળા માટે પોતાના વોટિંગના અધિકારથી હાથ ધોવો પડશે. આ સમયગાળો પુરો થયા પછી તેને વોટ આપવાનો અધિકાર મળી જશે.

યુપી સરકારનું બજેટ રજૂ: અયોધ્યામાં એરપોર્ટ માટે ૫૦૦ કરોડની ફાળવણી

લખનઉ

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે ૧૮ ફેબ્રુઆરીએ પોતાનું ચોથુ બજેટ રજૂ કરી દીધુ છે. આ બજેટને ઉત્તર પ્રદેશ સરકારના નાણા મંત્રી સુરેશ કુમાર ખન્નાએ રજૂ કર્યુ છે. ફાઇનાન્સિયલ યર ૨૦૨૦-૨૧ માટે યોગી સરકારે ઉત્તર પ્રદેશના ઇતિહાસનું સૌથી મોટુ બજેટ રજૂ કર્યુ છે.

યોગી સરકારે ૫,૧૨, ૮૬૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યુ છે. ઉત્તર પ્રદેશ સરકારે આ બજેટમાં નવી પરિયોજનાઓ માટે કુલ ૧૦,૯૬૭.૮૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

બજેટમાં ધાર્મિક સ્થળો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યુ છે. અયોધ્યામાં ઉચ્ચ સ્તરીય પર્યટન સુવિધાઓના વિકાસ માટે ૮૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે અયોધ્યા એરપોર્ટ માટે ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

વારાણસીમાં સંસ્કૃતિ કેન્દ્રની સ્થાપના માટે બજેટમાં ૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ છે. આ સિવાય ગોરખપુરમાં રામગઢ તાલમાં વોટર સ્પોર્ટ્સ માટે ૨૫ કરોડ રૂપિયા, વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર માટે ૨૦૦ કરોડ રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવી છે. બજેટમાં કાનપુર મેટ્રો રેલ પરિયોજના માટે ૩૫૮ કરોડ રૂપિયા, આગ્રા મેટ્રો રેલ પરિયોજના માટે ૨૮૬ કરોડ રૂપિયા તથા ગોરખપુર અને અન્ય શહેરોની મેટ્રો માટે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. બજેટમાં કાનપુર મેટ્રો રેલ પરિયોજના માટે ૩૫૮ કરોડ રૂપિયા આગ્રા મેટ્રો રેલ પરિયોજના માટે ૨૮૬ કરોડ રૂપિયા તથા ગોરખપુર અને અન્ય શહેરોની મેટ્રો માટે ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સાથે જ નાણા મંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યુ પ્રદેશમાં ૭૦૦થી વધુ ઇલેકટ્રિક બસોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બજેટમાં શેરડીના ખેડૂતો માટે યોગી સરકારે જાહેરાત કરી છે. બજેટમાં શેરડીનું સમર્થન મૂલ્ય ૩૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે.

ભારતે પાંચમી પહેલા પાનાથી ચાલુ

તાજેતરમાં અનેક રેટિંગ એજન્સીઓએ ભારતના જીડીપી ગ્રોથનું અનુમાન ઓછુ આંક્યું છે. રેટિંગ એજન્સી મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે વર્ષ ૨૦૨૦ માટે ભારતના જીડીપીનું અનુમાન ઘટાડ્યું છે. મૂડીઝએ આ અનુમાન ૬.૬ ટકાથી ઘટાડીને ૫.૪ ટકા કર્યું છે.

જોકે, ભારતમાં વધારે આબાદીના કારણે પ્રતિ વ્યક્તિ જીડીપી અનુસાર ૨૧૭૦ ડૉલર છે. અમેરિકામાં પ્રતિ વ્યક્તિ જીડીપી ૬૨.૭૯૪ ડૉલર છે. રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યુ કે ભારતની રિયલ જીડીપી વૃદ્ધિ સતત ત્રીજી માસિકમાં કમજોર રહી શકે છે અને ૫ ટકાની આસપાસ રહી શકે છે.

નાણામંત્રી પહેલા પાનાથી ચાલુ

નરેન્દ્ર મોદીને પણ મળી શકે છે, અને ત્યારબાદ અર્થશાસ્ત્ર અંગે શું પગલા ભરવા જોઇએ તે અંગેની ઘોષણાઓ થઈ શકે છે. નોંધપાત્ર વાત એ છે કે કોરોના વાયરસના કારણે આખા વિશ્વમાં ધંધાને અસર થઈ છે, હવે ખુદ નાણામંત્રીએ કહ્યું છે કે ભારતને પણ અસર થઈ રહી છે

નાણાં પ્રધાને કહ્યું કે બુધવારે પણ નાણા સચિવ સાથે અનેક ક્ષેત્રોની બેઠક ચાલુ રહેશે. સમાચારો અનુસાર કોરોના વાયરસ પર અસરની સમીક્ષા બેઠક બાદ હવે બુધવારે નિર્મલા સીતારામન પોતે આ સમગ્ર મામલાની જાણકારી વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) ને આપશે.

સીએએ મુદ્દે પહેલા પાનાથી ચાલુ

જાહેર કરી દીધી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ સીએએ-એનઆરસી અને એનપીઆર વચ્ચેનો તફાવત સમજાવી આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું કે, જો એનઆરસી લાગુ થશે તો માત્ર હિંદૂ-મુસ્લિમ જ પ્રભાવિત નહી થાય, પરંતુ આદિવાસીઓ પર પણ તેની ખરાબ અસર થશે. કેન્દ્ર તરફથી હજુ સુધી એનઆરસીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. એનપીઆર વસ્તી ગણતરીને પ્રક્રિયા છે. જે દર ૧૦ વર્ષે થાય છે અને મને નથી લાગતું તેનાથી કોઈને વિપરિત અસર થાય.

સીએમના જવાબમાં એનસીપી સુપ્રીમો શરદ પવારે પત્રકાર પરિષદ સંબોધીને જણાવ્યું કે, ઉદ્ધવ ઠાકરેનો પોતાનો દ્રષ્ટિકોણ છે. જો કે જ્યાં સુધી અમારી પાર્ટી એનસીપીનો સવાલ છે, અમે સીએએ-એનઆરસી-એનપીઆર વિરૂદ્ધ વોટ આપ્યો હતો.

રામજન્મભૂમિ પહેલા પાનાથી ચાલુ

આ હિન્દુ પક્ષના વકીલ કે.પરાસરનનું નિવાસસ્થાન છે. ટ્રસ્ટમાં કુલ ૧૫ સભ્યો છે.

આ વચ્ચે અયોધ્યાના કેટલાક મુસલમાનોએ વકીલના માધ્યમથી ટ્રસ્ટને એક પત્રમોકલીને મુસલમાનોની કબરો પર રામ મંદિર ન બનાવવાનો આગ્રહ કર્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, આજે ભલે ત્યાં કબર ન જોવા મળે પરંતુ ત્યાંની ૪-૫ એકર જમીન પર મુસલમાનોની કબરો હતી તેવામાં ત્યાં મંદિરનો પાયો કેમ રાખી શકાય છે.

આશરે ૯ મુસલમાનોએ વકીલના માધ્યમથી ટ્રસ્ટિઓને મોકલેલા પત્રમાં કહ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૯૩માં અયોધ્યામાં અધિગ્રહિત કરવામાં આવેલી ૬૭ એકર જમીન સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ સરકારે રામ મંદિર નિર્માણ માટે આપી દીધી છે. તે જમીન પર મુસલમાનોની કબર હતી. તે જમીન આશરે ૪-૫ એકર છે. કેન્દ્ર સરકારે આ પાસા પર વિચાર ન કર્યો કે મુસલમાનોના કબ્રસ્તાન પર ભવ્ય રામ મંદિર ન બની શકે. આ ધર્મની વિરુદ્ધ છે.

પત્ર દ્વારા ટ્રસ્ટિઓને કહેવામાં આવ્યું છે કે તમે બધા હોશિયાર લોકો છો અને તમને હિન્દૂ સનાતન ધર્મની જાણકારી છે. તમારે લોકોએ તે વાત પર વિચાર કરવો જોઈએ કે શું રામ જન્મસ્થાન મંદિરનો પાયો મુસલમાનોની કબરો પર રાખી શકાય છે. ટ્રસ્ટ મેનેજમેન્ટે નિર્ણય કરવો પડશે.

નીતીશ ગોડસે પહેલા પાનાથી ચાલુ

રાજ્યોમાં સામેલ થાય.

તેમણે સીએમ નીતિશના વખાણ કરતાં કહ્યું કે, નીતિશે તેમને દીકરાની જેમ રાખ્યા છે અને તેઓ પણ નીતિશને પિતા તુલ્ય માને છે. તેથી પાર્ટીમાંથી કાઢવાથી લઈને તેમના દરેક નિર્ણય મને મંજૂર છે. પરંતુ નીતિશ સાથેના તેમના મતભેદ વિચારો વિશેના છે. નીતિશ જે પણ કહેતા આવ્યા છે કે, તેઓ ગાંધી, જેપી અને લોહિયાની વાત છોડી શકતા નથી. શું આ સંજોગોમાં તેઓ ગોડસેની વિચારધારા વાળા લોકો સાથે ઉભા રહી શકે છે..? ભાજપ સાથે ઉભા રહેવું ઠીક છે. પરંતુ ગાંધી અને ગોડસેની વિચારધારા એક સાથે ન ચાલી શકે. બિહારમાં જેડીયુની સ્થિતિ વિશે મતભેદ થયા હતા. ભાજપ અને જેડીયુના ૧૫ વર્ષ જૂના સંબંધો છે. અમારે એવા નેતા જોઈએ છે જે અંધભક્ત ન હોય અને સ્વતંત્ર વિચાર રાખે. અમુક લોકોનું કહેવું છે કે, વિકાસ માટે મૂળ વાતો સાથે સમજૂતી કરવી પડે તો તેમાં કોઈ તકલીફ ન હોવી જોઈએ. પરંતુ તમારે વિચારવું જોઈએ કે, શું આ ગઠબંધનથી બિહારનો વિકાસ થઈ રહ્યો છે...? એવો સવાલ પણ તેમણે નીતિશકુમારને કર્યો હતો.

પીકેએ કહ્યું- નીતિશજીની પાર્ટી કહે છે કે, બિહારમાં ક્યારેય કશુ હતુ જ નહીં. તેથી અમને જે યોગ્ય લાગ્યું તે કર્યું. લાલુ સાથેની ટક્કર તો ઠીક છે પરંતુ તમે બીજા રાજ્યોની સરખામણીએ ક્યાં ઉભા છો તે પણ તમારે જણાવવું જોઈએ. ગુજરાતના સુરતથી કોઈ વ્યક્તિ બિહાર કામ કરવા આવ્યાં? તે ત્યારે જ થશે જ્યારે બિહારના નેતા કોઈના અંધભક્ત નહીં હોય. એ ત્યારે થશે જ્યારે ગામ અને પંચાયત સ્તરથી આવે અને ૧૦ વર્ષમાં બિહારને આગળ લઇ જવા માંગતા હોય. જો મુંબઈ આખી રાત ખુલ્લુ રહી શકતુ હોય તો પટણા કેમ નહીં?

પ્રશાંત કિશોરે કહ્યું કે, તેઓ બિહાર છોડીને ક્યાંય નહી જાય. ચૂંટણી લડવાની વાત વિશે તેમણે કહ્યું, ચૂંટણી લડાવવી-જીતાડવી હું રોજ કરુ છું. ૨૦ ફેબ્રુઆરીથી 'બાત બિહાર કી' કાર્યક્રમ શરૂ કરીશ.

પરાજય નિશ્ચિત હતો પણ પ્રેમિકા અડીખમ સાથે ઊભી રહીને પરીણામ બદલાઇ ગયુ

માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે અને ધોરણ ૧૨નું પરિણામ શું આવશે તેની મોટાભાગના વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારજનો ચિંતા કરી રહ્યા છે. હવે આગળ શું અભ્યાસ કરવો તેના માટે વિદ્યાર્થીઓ વિવિધ માહિતીઓ મેળવી રહ્યા છે અને પરિવારજનો સાથે સતત ચર્ચા વિચારણા કરીને ભવિષ્યની યોજનાઓ પણ બનાવવામાં આવી રહી છે. બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થવાની તારીખ જેમ-જેમ નજીક આવતી જાય છે તેમ વિદ્યાર્થીઓ સહિત વાલીઓની પણ ચિંતા વધતી જાય છે અને આખરે બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થાય છે. ગામની શાળામાં અભ્યાસ કરતા અપૂર્વ અને અર્ચના નામના યુવક યુવતીઓ સહિત મોટાભાગના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સારા ગુણ સાથે ઉત્તીર્ણ થાય છે જેના કારણે આખા ગામમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામમાં ઉત્સવ જેવુ વાતાવરણ સર્જાયું છે. શાળામાં સાથે અભ્યાસ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓ શહેરની નામાંકિત કોલેજમાં એક સાથે પ્રવેશ મેળવે છે. કોલેજના પહેલા દિવસે તમામ વિદ્યાર્થીઓ એક સાથે કોલેજ કેમ્પસમાં દાખલ થાય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ શહેરના વાતાવરણને અનુકૂળ થવા માટે પ્રયત્નશીલ છે ત્યારે એક ઘટના બને છે. કોલેજના કેટલાક જુના વિદ્યાર્થીઓ દ્વારા નવા આવનાર વિદ્યાર્થીઓની મજાક-મશ્કરી કરવામાં આવી રહી છે અને તેનાથી મોટાભાગના વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે. પરંતુ જ્યારે અપૂર્વ અર્ચના સહિતના ગામના વિદ્યાર્થીઓ સમૂહમાં હોવાના કારણે જુના વિદ્યાર્થીઓ પણ તેમને પરેશાન કરવાની હિંમત કરતા નથી. સંગઠન શક્તિનો કોલેજમાં આ પ્રથમ વિજય થાય છે અને પહેલી વખત જ વિદ્યાર્થીઓમાં હિમ્મત આવે છે કે જુના વિદ્યાર્થીઓના ખોટા કામનો સવિનય વિરોધ કરી શકાય છે અને તેમના ખોટા કામને પણ અટકાવી શકાય છે. આ ઘટના પછી શહેરમાં રહેતા વિદ્યાર્થીઓ પણ આ કોલેજ સમુહમાં જોડાવા માટે પ્રેરીત થઈ રહ્યા છે.

ગ્રામીણ વિદ્યાર્થીઓનો સમૂહ શહેરના વિદ્યાર્થીઓ સાથે હળી-મળીને કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે પરંતુ કોલેજના કેટલાક વિદ્યૂનસંતોષી વિદ્યાર્થીઓને પસંદ પડતું નથી. તેમના દ્વારા વિદ્યાર્થીઓ સમૂહમાં ન રહે તેના માટે અવનવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિદ્યૂનસંતોષી વિદ્યાર્થીઓના અનેક પ્રયત્નો છતાં તેઓ વિદ્યાર્થીઓના સમૂહને તોડી શકતા નથી. હા, એ વાત ચોક્કસ છે કે તેઓ એકલદોકલ વિદ્યાર્થીઓને પોતાના તરફ ખેંચવામાં સફળ થયા છે. કોલેજના વિદ્યાર્થીઓનો સમૂહ હવે મોટો થઈ રહ્યો છે ત્યારે અર્ચનાએ અપુર્વને કહ્યુ કે, આપણા સમુહનું નામ શુ રાખશુ? તારે શુ નામ રાખવું છે તેમ અપુર્વએ કહ્યુ. આમ તો આપણા સમુહનું કામ કોલેજના તમામ વિદ્યાર્થીઓ સન્માન સાથે અભ્યાસ કરી શકે અને તેમને કોઇ પરેશાન ન કરે તે જ છે તેમ અર્ચનાએ કહ્યુ. આ સાંભળીને ધીમા અવાજે અપુર્વએ કહ્યુ કે, તને તો ખુબ સારી જ્ઞાનની વાતો કરતા આવડે છે હો, પણ હમણાથી પ્રેમની વાતો કરવાનો તને સમય નથી મળતો. અર્ચનાએ કહ્યુ કે, માત્ર વાતો કરવાથી કાંઇ પ્રેમ ન થાય અને હા વાત રહી આપણા પ્રેમની તો આપણે વાતો તો શું પણ મળીએ નહી તો પણ પ્રેમ તો મજબુત જ રહેવાનો છે. આ સાંભળીને અપુર્વ હસવા લાગે છે ને કહે છે કે, મારા પ્રેમ પર તો મને મારા કરતા પણ વધુ વિશ્વાસ છે. શ્વાસ કરતા પર વધુ વિશ્વાસ તારા પર છે. આટલો બધો વિશ્વાસ તને મારા પર છે



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા

મો.નંબર-9824856247

WRITER THINKER COLUMNIST

તેમ કહીને અર્ચનાની આંખોમાં હર્ષના આંસુ આવી જાય છે ત્યારે અપુર્વ આંસુ લુછતા કહે છે કે આપણે સાથે



હોઇએ ત્યારે આંસુ નહી ચારેબાજુ આનંદ ને આનંદ જ હોવો જોઇએ. અર્ચના અપુર્વનો હાથ પોતાના હાથમાં પકડીને કહે છે કે, કોઇ પણ વિકમા વિકટ પરીસ્થિતીમાં અર્ચના તારી સાથે છે, આ શરીરમાં જીવ હશે ત્યા સુધી તને કોઇ પરેશાન નહી કરી શકે. આ સાંભળીને અપુર્વ પણ કહે છે કે, આપણે બન્ને સાથે જ છીએ અને સાથે જ રહીશુ. અર્ચના અને અપુર્વ વાત કરી રહ્યા હોય છે ત્યારે આર્યન નામનો વિદ્યાર્થી આવે છે અને કહે છે કે, આપણા કોલેજમાં જી.એસ ની ચૂંટણી જાહેર કરવામાં આવી છે અને કોલેજના વિરોધીઓ પોતાનો જી.એસ બનાવવા માટે મક્કમ છે ત્યારે આપણે પણ કાંઇક કરવુ પડશે. અપુર્વ કહે છે કે, આર્યન આપણો સમુહ હજુ તો માંડ પચાસ વિદ્યાર્થીઓનો બન્યો છે અને આપણે જી.એસ ની ચૂંટણી લડશુ તો હારી જ જઇશુ. આપણી હારથી આપણા સમુહના વિદ્યાર્થીઓ નિરાશ થઇ શકે છે. આ સાંભળતાની સાથે જ અર્ચના કહે છે કે, આપણે હાર કે જીતની ચિંતા કર્યા વગર જી.એસ ની ચૂંટણી લડવાની છે. આમા આપણે કાંઇ ગુમાવવા જેવુ નથી. અત્યારે તો જી.એસ તેમનો જ છે અને હાર જીત નો તેમને ફરક પડશે. અપુર્વએ કહ્યુ કે, આપણે થોડુ વિચારવું પડશે અને બધા વિદ્યાર્થીઓને મળવું પણ પડશે. જી.એસ ની ચૂંટણી પહેલા વિદ્યાર્થીઓ મળે છે અને સમુહનું નામ સ્વાભિમાન સમુહ રાખવામાં આવે છે. સ્વાભિમાન સમુહ દ્વારા જી.એસ ની ચૂંટણી માટે ઉમેદવારની પસંદગી માટે બધાના અભિપ્રાય જાણવામાં આવે છે ત્યારે તમામ લોકો અપુર્વ કે અર્ચનાને ચૂંટણી લડવાનું કહે છે. આખરે પ્રેમિકા અર્ચનાના કહેવાથી અપુર્વ ચૂંટણી લડવા માટે તૈયાર થાય છે. છેલ્લા ઘણા વર્ષોથી કોલેજના જી.એસ ની ચૂંટણી બિનહરીફ રહેતી હતી અને હરફ વિદ્યાર્થીઓ દ્વારા કોઇને ઉમેદવારી ફોર્મ પણ દાખલ કરવા દેવામાં આવતુ ન હતુ. પરંતુ સ્વાભિમાની સમુહ દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવામાં આવતા ચૂંટણી રસપ્રદ બની જાય છે. સ્વાભિમાની સમુહના વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદીત હોવાથી તેમનો ચૂંટણીમાં પરાજય નિશ્ચિત માનવામાં આવી રહ્યો છે પરંતુ સ્વાભિમાની સમુહના વિદ્યાર્થીઓ ચૂંટણી લડી લેવાના મુડમાં છે. અપુર્વ મતદાતા વિદ્યાર્થીઓને સતત મળી રહ્યો છે અને તેમની વચ્ચે જઇને સ્વાભિમાન સમુહમાં જોડાવા માટે અપીલ કરી રહ્યો છે. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ સ્વાભિમાન સમુહમાં જોડાવાથી ડરી રહ્યા છે. આ વાત અર્ચનાના ધ્યાન પર આવી જાય છે અને તે વિદ્યાર્થીઓનો ખાનગી સંપર્ક શરૂ કરે છે. અર્ચના સહિતના વિદ્યાર્થીઓ એડીચોટીનું જોર લગાવી દે છે. જેથી જાહેરમાં સ્વાભિમાન સમુહને સમર્થન ન આપનારા મતદાતા વિદ્યાર્થીઓ ખાનગીમાં અપુર્વને મત આપવાનું જણાવી રહ્યા છે. તો બીજી બાજુ હરીફ ઉમેદવાર પોતે જ વિજેતા બનશે તેવા અતિ વિશ્વાસમાં રહે છે અને વિદ્યાર્થીઓને ધમકાવીને મત માંગી રહ્યો છે. જેની વિદ્યાર્થીઓ પર વિપરીત અસર થઇ રહી છે અને કેટલાક વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ સ્વાભિમાન સમુહના ઉમેદવાર અપુર્વનું સમર્થન કરવા લાગે છે. હરીફ ઉમેદવારથી આ સહન નથી થતુ અને કોઇ પણ ભોગે જી.એસ ની ચૂંટણી જીતવા માગે છે. હરીફ ઉમેદવાર દ્વારા સામ દામ દંડ ભેદની રણનિતી ઘડવામાં આવે છે અને અપુર્વના સમર્થકોને મતદાનના દિવસે રોકવામાં આવે છે. અર્ચના ત્યારે પણ સફળરણનિતીકાર સાબિત થાય છે અને મોટાભાના મતદાતા વિદ્યાર્થીઓને યુક્તિપુર્વક મતદાન મથક સુધી પહોચાડવામાં આવે છે અને મતદાન કરાવે છે. જીવનની પહેલી ચૂંટણીમાં અપુર્વનો ભવ્ય વિજય થાય છે અને વિદ્યૂનસંતોષી જુથના ઉમેદવારનો પરાજય થાય છે. હવે સ્વાભિમાન સમૂહમાં કોલેજના મોટાભાગના વિદ્યાર્થીઓ જોડાઇ જાય છે અને નિર્ભય બનીને કોલેજની તમામ પ્રવૃતિમાં ભાગ લઇ રહ્યા છે. અપુર્વ સ્વાભિમાન સમુહના વિદ્યાર્થીઓને કહે છે કે, આપણો પરાજય નિશ્ચિત હતો પરંતુ અર્ચનાના પ્રેમ અને રણનીતિના કારણે જ આપણો વિજય થયો છે. અપુર્વ અને અર્ચના એકબીજાને ભરપુર પ્રેમ કરી રહ્યા છે અને સાથે વિદ્યર્થીઓના પ્રશ્નોનું સમાધાન પણ કરી રહ્યા છે.

બગલામુખી મંદિરમાં રહેતો યુવક ૩ વર્ષથી રહસ્યમય રીતે ગુમ, માતાએ ફરિયાદ નોંધાવી

વડોદરા

વડોદરા શહેરના વારસિયા રિંગ રોડ પર આવેલા બગલામુખી બ્રહ્માસ્ત્ર મંદિરના પ્રશાંત ઉપાધ્યાય સામે વારસિયા પોલીસમાં દોઢ મહિના પહેલાં ૨૧.૮૦ લાખની છેતરપિંડીની ફરિયાદ કરાઇ હતી. બગલામુખી મંદિરમાં રહેતો યુવક છેલ્લા ૩ વર્ષથી રહસ્યમય રીતે ગુમ થતાં તેની માતાએ બગલામુખી મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાય, કિરણબેન ગુરૂમુખ અને કોમલ ઉર્ફે પીંકી ગુરૂમુખભાઇ સામે વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જોકે આગોતરા જામીન નામંજૂર થયા બાદ પ્રશાંત ઉપાધ્યાય પોલીસ પકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો છે.

બગલામુખી મંદિરમાં દરબાર રચી લોકોને ઠગતા પ્રશાંત ઉપાધ્યાયના આશ્રમમાં રહેતા યુવકનો છેલ્લા ૩ વર્ષથી અત્તો-પત્તો નથી. યુવકની માતા પોતાના દીકરાને શોધવા અવાર-નવાર પ્રશાંત પાસે જતી પરંતુ ઊલટાનું તેમને ધમકાવી કાઢી મૂકવામાં આવતા હતા. આખરે આ યુવકે એવું તો શું જોઈ લીધું હતું કે તે અચાનક ગાયબ થઈ ગયો? આ એક રહસ્ય છે. બીજી તરફ પ્રશાંત ઉપાધ્યાયે આ અંગે કોઈ પોલીસ ફરિયાદ પણ દાખલ થવા દીધી નહોતી. વડોદરા શહેરના વારસિયા રિંગ રોડ પર આવેલા પ્રાર્થના ફ્લેટમાં રહેતાં મીનાક્ષીબેન સુબોધચંદ્ર શાહ(ઉ.વ.૬૩)એ જણાવ્યું હતું કે, મારો દીકરા કલ્પેશ શાહે(૪૧) બી.કોમ અને ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસ કર્યો હતો. કલ્પેશ અભ્યાસ કરતો ત્યારથી જ પ્રશાંત ગુરુજીની સાથે રહેતો હતો. ઘરે કામ હોય તોપણ તે ન આવતો. વર્ષ ૨૦૧૨માં કલ્પેશ પ્રશાંતના ગોત્રી સ્થિત ક્લિનિકવાળા ઘરમાં રહેતો હતો. જ્યાં તે પ્રશાંતનું પરચૂરણ કામ પણ કરતો હતો. મારા દીકરા પાસે તેઓ ઘણી મજૂરી કરાવતા હતા.

૫ હજાર લોકોએ સાડા ૩ મિનિટ સુધી ત્રાડાસન કર્યા, યોગાનો વિશિષ્ટ રેકોર્ડ નોંધાવ્યો



સુરેન્દ્રનગર

મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ઝાલાવાડ યોગ સમિતિ, અમે ઝાલાવાડ ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહકારથી સુરેન્દ્રનગર ખાતે ૫ હજાર લોકોએ ૩.૫ મિનિટ સુધી ત્રાડાસન કરીને વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. અગાઉ ત્રાડાસન માટેનો રેકોર્ડ ૨.૭૫ મિનિટનો હતો. જેને ઝાલાવાડની ધરતી પર સુરેન્દ્રનગરના લોકોએ તોડ્યો અને નવો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો છે. સાંસદ સહિતના જોડાયા સાંસદ ડો. મહેન્દ્ર મુંજપરા, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશુપાલ રાજપૂત અને ધારાસભ્ય ધનજીભાઈ પટેલ, કિશોરસિંહ ઝાલા સહિત તમામ આયોજકોને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત રાજ્યના પ્રમુખ અશ્વિન ત્રિવેદી અને દિવ્યાંગ ગાંધીએ વર્લ્ડ રેકોર્ડનું પ્રમાણપત્ર અર્પણ કર્યું હતું. આ તબક્કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી, લંડનની સંસદના સાંસદ વીરેન્દ્ર શર્મા, સાંસદ રંજનબેન ભટ્ટ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ચેરમેન દિવાકર શુક્લ, ભારતના પ્રમુખસંતોષ શુક્લ અને ગુજરાત રાજ્યના સચિવ દિવ્ય ત્રિવેદીએ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

કંડલાનાં બંદર પાસેથી સેટેલાઇટ ફોન બિનવારસી હાલતમાં મળી આવતા ખળભળાટ

કચ્છ

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવના કારણે બન્ને દેશો વચ્ચે થઈ રહેલી તમામ કામગીરીથી લઈને દરેક હિલચાલ પર નજર રાખવામાં આવી રહી છે. ત્યારે ૨૪મી ફેબ્રુઆરીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાતે છે. તેવામાં ગુપ્તચર એજન્સીઓ રાજ્યની સીમા પર સખત વોચ રાખી રહી છે. અને સુરક્ષાને ઘણું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ત્યારે કંડલાનાં બંદર પાસેથી સેટેલાઇટ ફોન બિનવારસી હાલતમાં મળી આવ્યો છે. બંદર નજીકનાં ટાપુ પરથી થુરાયા સેટેલાઇટ ફોન મળ્યો છે. હાલ આ અંગે ગુજરાત પોલીસ સાથે એટીએસની ટીમ અને ગુપ્તચર એજન્સીઓ આ અંગેની તપાસ હાથ ધરી છે.

સેટેલાઇટ ફોનમાં હાઇક્વોલિટી ઓડિયો જઇ શકે તેવો ફોન છે. ખાસ કરીને પ્લેનમાં બેઠા બેઠા પણ ફોન થઇ શકે છે. અને શીપ ઉપર ટ્રાવેલ કરતા હોવ તો પણ વાત કરી શકાય છે. આ રીડિયમ ફોનને સમયાતંરે રિચાર્જ કરવાનો હોય છે.

સૂત્રો અનુસાર, ગુપ્તચર એજન્સીઓને એવી પણ શંકા છે કે, કંડલા પર આવતા જહાજમાં કોઇ ક્રૂ મેમ્બરે આનો ઉપયોગ કર્યો હોય અને તેને રિચાર્જ કર્યા વગર ફેંકી દીધો હોય તેમ પણ લાગે છે. જોકે, ટ્રમ્પનાં આગમન પહેલા નાનામાં નાની વાતને પણ સુરક્ષા એજન્સીઓ ચકાસી રહી છે. આ સાથે ગુપ્તચર એજન્સીઓ તે પણ તપાસ કરી રહી છે કે આ ફોન પરથી ક્યાં ક્યાં વાત થઇ હતી. અને છેલ્લે ક્યારે રિચાર્જ કરાયું હતું. સૂત્રો એવું પણ જણાવી રહ્યા છે કે, અન્ય એજન્સીઓની મદદથી ફોનની તપાસ કરાશે

મહત્વનું છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી તારીખે અમદાવાદમાં આવવાનાં છે ત્યારે સુરક્ષાને ઘણું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ખાસ યુએસથી તેમની સુરક્ષા માટે વિવિધ પ્રકારનાં ઉપકરણો અને સ્ટાફ આવ્યો છે. અમદાવાદમાં પણ પોલીસ દ્વારા સુરક્ષા માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

ટ્રમ્પનાં આગમનને પગલે ૪૫ પરિવારોને ઘર છોડવાની નોટિસ અપાઈ

અમદાવાદ

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ ભારતો પ્રવાસ કરવાના છે. આ દરમિયાન તેઓ અમદાવાદ આવી રહ્યાં છે. અહીં તેમની સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહેશે. અમદાવાદમાં જે રસ્તા પર થઈને ટ્રમ્પનો કાફલો પસાર થવાનો છે, તે રસ્તાની આસપાસના વિસ્તારોને સુંદર દેખાડવા માટે સ્થાનિક સત્તાધીશો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે.

અમદાવાદ વહીવટી તંત્રએ માત્ર રસ્તાની બાજુમાં આવેલી ઝૂંપડપટ્ટીને ઢાંકવા માટે દીવાલ જ નથી ઉભી કરી, પરંતુ એવા સમાચાર સામે આવી રહ્યાં છે કે, અમદાવાદ મ્યૂન્સિપલ કોર્પોરેશનના અધિકારીઓએ અહીંની દેવશરણ ઝૂંપડપટ્ટીમાં રહેતા ૪૫ પરિવારોને ઘર છોડાવા માટેની નોટિસ ફટકારી છે.

ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયેલી સમાચાર પ્રમાણે, અહીં ૨૦૦ ઝૂંપડામાં બાંધકામની સાઈટો પર કામ કરતા શ્રમજીવી પરિવારો રહે છે. તેમણે દાવો કર્યો છે કે, તેમને એક પ્લોટ ખાલી કરવા જણાવાયું છે. શ્રમજીવીઓનું કહેવું છે કે, તેમને "નમસ્તે ટ્રમ્પ"ના કાર્યક્રમના કારણે અહીંથી જવા માટે કહેવાયું છે. જણાવી દઈએ કે, અંદાજે ૨ દાયકાથી આ તમામ મજૂરો અહીં રહી રહ્યાં છે. જો કે એએમસી અધિકારીઓનું કહેવું છે કે, આ નોટિસ અને ટ્રમ્પના આગમન સાથે કોઈ લેવાદેવા નથી. જણાવી દઈએ કે, સ્થાનિક વહીવટી તંત્રએ આ પગલુ ઝૂંપડપટ્ટી ઢાંકવા માટે દીવાલ ઉભી કર્યાના થોડા દિવસો બાદ જ ભર્યું છે.

આ અંગે સ્થાનિકોએ જણાવ્યું કે, નોટિસ આપવા માટે આવેલા એએમસી અધિકારીઓએ અમને જેમ બને તેમ જલ્દી ઘર ખાલી કરવા જણાવ્યું છે. અમેરિકન રાષ્ટ્રપતિ મોટેરા સ્ટેડિયમમાં આવી રહ્યાં હોવાથી સ્થાનિક અધિકારીઓ ઈચ્છે છે કે, અમે જતા રહીએ.

મહિસાગરના ખેરોલી ગામમાં નેતાઓની પ્રવેશબંધી, નારાજ ગ્રામજનોએ બેનર્સ લગાવ્યા

મહીસાગર

મહિસાગરના એક ગામમાં તમામ નેતાઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ ગામની બહાર એક બેનરમાં લખવામાં આવ્યું છે કે જ્યાં સુધી રોડનો રસ્તો ન બને ત્યાં સુધી કોઈ પણ નેતાએ ગામની અંદર પ્રવેશ કરવો નહિં.મહિસાગરના ખેરાલું ગામવાસીઓએ તમામ નેતાઓને આડેહાથ લીધા છે અને ગામમાં પ્રવેશ માટે પ્રતિબંધ પણ લગાવી દેવામાં આવ્યો છે. આ ગામના લોકોએ સ્થાનિક પ્રશ્નોનનું નિરાકરણ ન આવતા આખરે ગામમાં નેતાઓની પ્રવેશ બંધીના બોર્ડ લાગવી દીધા છે.

વધુમાં તમને જણાવી દઈએ કે, બન્ને પાર્ટી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રમાતા રાજકારણમાં કેટલાક ગામો ભોગ બનતા હોય છે. આ પાર્ટીઓએ ગામજનોને કેટલાક વાયદા પણ કર્યા હતા જે હજી સુધી પુરા કરવામાં આવ્યા નથી. જેથી રોષે ભરાયેલા લોકોએ આખરે ગામમાં નેતાઓના પ્રવેશ બંધના બોર્ડ લાગવીને આ રીતે રોષ વ્યક્ત કર્યો છે.

કાયમી કરવાની માંગ સાથે ૧૨૦૦ હંગામી સફાઇ કર્મીઓ અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતર્યા

વડોદરા

વડોદરા મહાનગરપાલિકામાં ૧૨૦૦ હંગામી સફાઇ કર્મચારીઓ કાયમી કરવાની માંગ સાથે અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરી ગયા છે. ૫૦૦ જેટલા કર્મચારીઓ આખી રાત ધરણા બેઠા હતા. અને સવારથી હંગામી સફાઇ કર્મચારીઓ સફાઇની કામગીરીથી દૂર રહ્યા છે.

છેલ્લા ૧૫ વર્ષથી કામ કરતા હંગામી સફાઇ કર્મચારીઓને કાયમી કરવાની માંગ સાથે સફાઇ કામદાર સંઘર્ષ સમિતિએ આંદોલન છેડ્યું છે. મોડી રાત્રે મ્યુનિસિપલ કમિશનર, મેયર, ડે.મેયર, ચેરમેન સાથે સફાઇ કામદાર સમિતિના આગેવાનો મહેશ સોલંકી, ઠાકોર સોલંકી સહિતના નેતાઓએ એક બેઠક કરી હતી. સતત બે કલાક સુધી ચાલેલી બેઠકમાં કોઇ નિવેડો આવ્યો ના હતો. સફાઇ કામદારોને કાયમી કરવા માટે તાત્કાલિક પરિપત્ર અથવા તો લેખિતમાં બાંયધરી માંગવામાં આવી હતી. જોકે પાલિકા સત્તાધીશોએ તેનો સ્વીકાર ના કરતાં કર્મચારીઓ પુનઃ ધરણાં પર ઉતરી ગયા હતા. ૧૨૦૦ હંગામી કર્મચારીઓ આજથી અચોક્કસ મુદ્દતની હડતાળ પર ઉતરી ગયા છે. ૨૯૦૦ જેટલા કાયમી સફાઇ સેવકો પાલિકામાં ફરજ બજાવતા હોવાથી તેમના માથે સફાઇની બેવડી જવાબદારી આવી પડી છે.

સફાઇ સંઘર્ષ સમિતિના આગેવાન મહેશ સોલંકીએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી અમારી માંગણીઓ અંગે લેખિતમાં બાંહેધારી આપવામાં નહીં આવે ત્યાં સુધી અમારા ધરણાં ચાલુ રહશે અને સફાઇ સેવકો કામનો બહિષ્કાર કરશે.

અમદાવાદ જીલ્લામાં ટીબી નિર્મુલન અભિયાન ૨૦૨૫ અંતર્ગત મેડીકલ મોબાઈલ એક્સ રે વાનનો પ્રારંભ



મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતિષ મકવાણાના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યુ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લા પંચાયત ખાતેથી તા:-૧૭/૦૨/૨૦૨૦ના રોજ ગ્રામ્ય વિસ્તારના ધોલેરા અને માંડલ તાલુકાઓમાં દુર્ગમ અને અંતરીયાળ વિસ્તારના દર્દીઓને છાતીના એક્સ રે ની આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી મોબાઈલ મેડિકલ એક્સ રે વાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સતિષ મકવાણાના વરદ હસ્તે લીલી ઝંડી આપીને વાનને પ્રસ્થાન કરાવવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા આર. સી. એચ. ઓ ડો.ગૌતમ નાયક, જિલ્લા રોગચાળા અધિકારી ડો.ચિંતન દેસાઈ, જિલ્લા ક્ષય અધિકારી ડો. દિક્ષીત કાપડીયા, એમ. ઓ. ટી. યુ વિરમગામ ડો. વિરલ વાઘેલા, ડીઆઈઈસીઓ સી. યુ.ઠાકોર ઉપસ્થિત રહેલ હતા.

આ મેડીકલ એક્સ રે વાનની મદદથી ટીબી ના લક્ષણો ધરાવતા વ્યક્તિઓની છાતીના એક્સ રે કરીને તે જ દિવસે રીપોર્ટ આપવામાં આવશે. સાત દિવસ દરમ્યાન થનાર આ કામગીરીથી ટીબીના દર્દીઓ શોધીને ટેલી રેડીયોલોજીના માધ્યમથી તપાસ સારવાર આપવામાં આવશે.

રાજેશ ચીકીની શોપ અને જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીમાં આઈટીનાં દરોડા

રાજકોટ

રાજકોટ આયકર વિભાગની ટીમ દ્વારા સદર બજારમાં આવેલી રાજેશ ચીકીની શોપ અને મેટોડા જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીઓમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આયકર વિભાગ દ્વારા પોતાનો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મોટા કરદાતાઓ પર નજર રાખવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. બે અઠવાડિયા પૂર્વે રાજકોટ શહેર અને જિલ્લામાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજકોટના અમીન માર્ગ રોડ પર આવેલી વર્લ્ડ ગીફ્ટ મોલમાં સર્વેની કામગીરી હાથ ધરાતા એક કરોડનો એડવાન્સ ટેક્સ ભરવામાં આવ્યો હતો. જયારે ગોંડલ તાલુકાના બિલિયાળા ગામ પાસે આવેલી વૈભવ સ્પિનીંગ અને જીનીંગ મિલમાં પણ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવતા ૫ કરોડનો એડવાન્સ ટેક્સ ભરવામાં આવ્યો હતો.

મચ્છરના ત્રાસથી યાર્ડમાં બીજા દિવસે વેપારીઓ અને ખેડૂતોની હડતાળ યથાવત

રાજકોટ

રાજકોટ શહેરના મોરબી રોડ પર આવેલા બેડી માર્કેટીંગ યાર્ડની પાછળ નદી પસાર થઇ રહી છે. આ નદીમાં ગાંડીવેલ અને દૂષિત પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતો જાય છે. આથી માર્કેટ યાર્ડ અને આસપાસના વિસ્તારોમાં મચ્છર આવી ચડતા હોય કંટાળી સોમવારે ખેડૂતો, વેપારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ટાયરો સળગાવી રોડ ચક્કાજામ કર્યો હતો. આથી પોલીસે ખેડૂતો અને વેપારીઓ પર લાઠીચાર્જ કરતા રોષે ભરાયેલા વેપારીઓએ હડતાળ પાડી દીધી હતી. આજે બીજા દિવસે પણ હડતાળ યથાવત છે. યાર્ડના ચેરમેન ડી.કે. સખીયાએ જણાવ્યું હતું કે, નદીમાંથી ગાંડીવેલ હટાવવા સુરતનીમશીનરીનો ઉપયોગ કરવામાં આવશે.

રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા મચ્છરના ત્રાસને દૂર કરવા કલેક્ટર તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મચ્છરના ત્રાસને લઇ ડિઝાસ્ટર ડિક્લેરેશન વહીવટી તંત્રએ જાહેર કર્યું છે. ડી.કે. સખીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આજથી યાર્ડ ફરી શરૂ કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આગેવાનો અને વેપારીઓ સાથે બેઠક કરવામાં આવશે. આજથી તમામ વિભાગ દ્વારા દૂર કરવા કાર્યવાહી હાથ ધરાશે. સુરતમાં તાપી નદીમાં ઉપયોગમાં લેવાયેલી મશીનરીની પણ મદદ લેવામાં આવશે.

બે લગ્ન છૂપાવી પ્રેમીએ ત્રીજા લગ્ન કરી યુવતીને છેતરી, પીડિતાએ સીપીને રજૂઆત કરી

રાજકોટ

ફેસબુક મારફત મિત્રતા કેળવી યુવાને યુવતી સાથે લગ્ન કરી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આથી યુવતીએ આ અંગે પોલીસને ફરિયાદ કરી હતી. પરંતુ યુવાન યુવતીને ફરિયાદ પાછી ખેચવા માટે ધમકી આપતો હોય પીડિતા પોલીસ કમિશનરને રજૂઆત કરવા પહોંચી હતી.

પીડિતાની સાથે રાષ્ટ્રીય રાજપુત કરણી સેનાની મહિલાઓ અને ક્રિકેટર રવિન્દ્ર જાડેજાની બહેન નયનાબા પણ જોડાયા હતા. પીડિતાએ આક્ષેપ કર્યો હતો કે, પોતાના પ્રેમીએ અગાઉ બે લગ્ન કર્યા હતા અને તે મારાથી છૂપાવી મારી સાથે ત્રીજા લગ્ન કરી મને છેતરી છે. આથી આરોપી સામે યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી.

ગિરનાર મહાશિવરાત્રી મેળામાં પ્રથમવાર કિન્નર અખાડાને સ્થાન મળ્યું

જુનાગઢ

ગિરનારમાં મહાશિવરાત્રીના મેળામા ઈતિહાસમાં પ્રથમ વખત કિન્નર અખાડાને સ્થાન આપવામા આવ્યુ છે. આ અંગે શ્રીપંચદશનામ જૂના અખાડાના સંઘ રક્ષક અને અખિલ ભારતીય અખાડા પરિષદનાં મહામંત્રી હરિગીરીજી મહારાજે જણાવ્યું હતુ કે ગિરનારમાં મહાશિવરાત્રીનો મેળો શિવની આરાધના કરવાનો મેળો છે અને તેમાં દરેક જ્ઞાતિ, જાતિના મનુયો શિવની આરાધનામા લીન થાય છે. અને બધા મનુષ્યો શિવનાં સંતાન છે.

જયારે કિન્નરોને પણ શિવની આરાધના કરવા માટે કોઈ રોકી ન શકે. તે માટે પ્રથમવાર કિન્નર અખાડાને શિવરાત્રી મેળામાં સ્થાન આપવામા આવ્યું છે. ગત વર્ષે પ્રયાગરાજ ખાતે જૂના અખાડા સાથે કિન્નર અખાડાને જોડવામાં આવેલ અને જૂના અખાડા સાથે જોડાયેલા કિન્નર અખાડાને આ વખતે શિવરાત્રી મેળામાં પધારવા આમંત્રણ આપતા તેઓ આવી પહોંચ્યા હતા.

ભવનાથમાં ત્રણ અખાડા છે જૂના અખાડા, અગ્નિ અખાડા અને આહવાન અખાડા તેની સાથે હવે કિન્નર અખાડાનો પણ સમાવેશ કરવામા આવ્યો છે. જેથી હવે ત્રણેય અખાડાની બેઠકમાં કિન્નર અખાડાને સાથે લેવામાં આવશે. આજે મુચકુંદ ગુફા ખાતે ચારેય અખાડાના મહામંડળેશ્વરોની બેઠક મળશે. ભવનાથમાં કિન્નર અખાડાના આચાર્ય મહામંડળેશ્વર લક્ષ્મીનારાયણ ત્રિપાઠી તેની સાથે દિલ્હીનાં મહામંડળેશ્વર પૂજા ચૌહાણ સહિતના મહામંડળેશ્વરોએ ભવનાથ દાદાનાં દર્શન કર્યા હતા.

સ્માર્ટ સીટી અમદાવાદમાં ટ્રમ્પ અને નરેન્દ્ર મોદીને આવકારતા બેનર્સ લાગ્યા

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદીની મુલાકાતે આવી રહ્યા છે. ટ્રમ્પની સાથે તેમની પત્ની અને ફર્સ્ટ લેડી મેલેનિયા પણ અમદાવાદના મહેમાન બનશે. ત્યારે તેમના સ્વાગત અને સુરક્ષાને લઈને છેલ્લા ૧-૨ મહિનાથી જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. ટ્રમ્પ ગાંધી આશ્રમ બાદ વિશ્વના સૌથી મોટી ક્રિકેટ સ્ટેડિયમનું ઉદઘાટન કરશે. હાલમાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં 'નમસ્તે ટ્રમ્પ' ના બેનરો લગાવવામાં આવી રહ્યાં છે. બેનરમાં ટ્રમ્પ તેમની પત્ની તેમજ નરેન્દ્ર મોદી પણ જોવા મળી રહ્યા છે.

રોડ શોમાં ટ્રમ્પ-મોદીને આવકારવા ૩૫૦થી વધુ હોર્ડિંગ્સ લગાવાઈ રહ્યા છે. આ હોર્ડિંગ્સની ડિઝાઈન અને ફોટા પીએમઓએ મંજૂર કર્યા છે. હોર્ડિંગ્સમાં બે પ્રતિભાશાળી વ્યકિતત્વનું મિલન, બે વિરાટ લોકતાંત્રિક પરંપરા એક મંચ પર, એક ઐતિહાસિક પડાવ ભારત-અમેરિકા મૈત્રીનો, બે મહાન દેશોનું મિલન, મજબૂત નેતૃત્વ મજબૂત લોકતંત્ર, વિશ્વની સૌથી જૂની લોકશાહી મળશે વિશ્વની સૌથી મોટી લોકશાહીને, ભારત-અમેરિકા મળશે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ પર..જેવા સ્લોગન જોવા મળશે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો કાર્યક્રમ હવે 'કેમ છો, ટ્રમ્પ' નહીં પરંતુ 'નમસ્તે ટ્રમ્પ'ના નામે ઓળખાશે. અત્યાર સુધી કેમ છો, ટ્રમ્પનું નામ અપાયું હતું. પરંતુ તે એક રાજ્યનો કાર્યક્રમ ન બની રહે અને તેની ઓળખ પણ એક રાજ્ય પૂરતી સીમિત ન રહે તે માટે નમસ્તે ટ્રમ્પ રવિવારે જાહેર કરવામાં આવ્યું છે. પીએમઓની સૂચનાથી કાર્યક્રમના નામમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને તેનો નવો લોગો પણ ફાઈનલ કરાયો છે. જેમાં નમસ્તે ભાજપ કેસરી રંગમાં લખવામાં આવ્યું છે. જ્યારે ટ્રમ્પનું નામ લાલ અક્ષરમાં લખવામાં આવ્યું છે.

પ્રેમમાં આડખીલી રૂપ બનતા પતિને મારવાનો પ્રયાસ કરનાર પત્ની અને બનેવીની ધરપકડ

ગોંડલ

ગોંડલના ગુંદાળા રોડ પર આવેલ મણીનગર સોસાયટીમાં રહેતા વિરેન્દ્રભાઈ ભીખાભાઈ શિયાળ (ઉં.વ.૪૪) એ સિટી પોલીસ મથકમાં તેના સગા બનેવી જીતેશ ઉર્ફે લાલો પુંજાભાઈ વાઘમશી (રહે જેતપુર રોડ લક્ષ્મી નગર ગોંડલ) તેમજ તેના પત્ની કૈલાશબેન વિરેન્દ્રભાઈ શિયાળ વિરુદ્ધ દારૂમાં ઝેર ભેળવી પીવડાવી હત્યા કરવાની કોશિશની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિરેન્દ્રભાઈએ પોલીસ ફિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૯ જાન્યુઆરી રવિવારના સાંજે તેના સગા બનેવી જીતેશે દારૂ પીવા માટે તાલુકા પોલીસ મથકની બાજુમાં પેટ્રોલ પંપ પાસે બોલાવ્યો હતો અને તેને બે ગ્લાસ દારૂ ભરીને તૈયાર રાખ્યા હતા અને એ દારૂ પિતા તેમાં તેને ઝેરી ગંધ આવતા દારૂ પડતો મુકી ઘરે પહોંચ્યા હતા જયાં તેમને ચક્કર આવતા પરિવારજનો ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાં ઝેરી દવા પીધી હોવાનું બહાર આવ્યું હતું અને દવાખાનામાંથી રજા મળતા આજે તેઓ દ્વારા પોલીસ ફિયાદ કરવામાં આવી છે. આ સાથે તેના પત્ની અને બનેવી ના અણ છાજતા ફેટોગ્રાફ્ તેમજ મોબાઈલ ફેનની ત્રણ ઓડિયો ક્લિપ પણ પોલીસને આપી હતી. આ ઓડિયો ક્લિપમાં અનૈતિક સંબંધમાં આંધળા બનેલા જીતેશ અને કૈલાસ દ્વારા વિરેન્દ્ર તથા તેના બહેન વર્ષાનો કાંટો કાઢી નાંખવાની વાતચીતનો પણ ઓડિયો હોવાનું જણાવ્યું હતું પોલીસે જીતેશ અને વિરેન્દ્રની પત્નિ કૈલાશની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મુખ્ય કેનાલમાં ગાબડું પડતા પાણી ખેતરોમાં ફરી વળ્યા, પાકને નુકસાન

ઉપલેટા

ઉપલેટા તાલુકાના સેવંત્રા ગામ પાસે આવેલ મોજ ડેમ સિંચાઈ વિભાગની મેઈન કેનાલમાં ગાબડું પડતા કેનાલના પાણી ખેતરોમાં ફરી વળ્યા છે. જેને લઈને ખેડૂતોએ વાવેલા ઘઉં અને એરંડાના પાકને નુકસાન થવા થયું છે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે કેનાલ બાબતે છેલ્લા બે માસથી અવારનવાર રજૂઆતો કરવા છતાં સિંચાઈ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. કેનાલમાં તેમજ કુંડીઓ છે તેમાં વૃક્ષો ઉગી નીકળ્યાં છે. જેને કારણે કેનાલમાં તિરાડો પડી હતી. જે કાઢવા માટે અવારનવાર રજૂઆતો કરી હતી.

ગતરાત્રીએ તૂટેલી કેનાલ અંગે અજાણ ખેડૂતોએ સવારે ખેતરે આવી જોતા કેનાલ તૂટેલી હાલતમાં હતી અને આ પાણી ખેતરોમાં ફળી વળ્યાં હતા. સિંચાઈ અધિકારીને જાણ કરતાં અધિકારીએ થોડીવારમાં આવવાનું જણાવ્યું હતું જો કે એક કલાક સુધી ના આવતા ખેડૂતો એ ફોન કર્યા હતા. પણ કોઈના ફોન રિસીવ કર્યા નહોતા. જેને લઈને ખેડૂતોમાં રોષ વ્યાપી ગયો હતો. ધારાસભ્ય લલિત વસોયાના જણાવ્યા પ્રમાણે તેમણે પણ અવારનવાર રજૂઆતો કરેલી હોય તેવું તેઓ જણાવી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે હવે ફરી આવું ન બને તેની તકેદારીરૂપે બધી કેનાલોમાં તપાસ કરવામાં આવે અને ક્યાંય ક્ષતિ રહી ગઈ હોય તો તે દૂર કરવી.

તલવાર સાથે ઘોડે ચડી કન્યાએ વરરાજાનું સ્વાગત કર્યું, પુસ્તક તુલા યોજાઈ

અમરેલી

વર્તમાન સમયમાં લગ્નમાં ભભકો અને ઠાઠમાઠ દેખાડવા લોકો એકબીજાથી ચડીયાતું દેખાડવાની હોડમાં છે. પરંતુ એક શિક્ષક જીવ આવી દેખાદેખીની હોડમાં પડે તો તે શિક્ષક શાનો? અમરેલી જિલ્લા વિદ્યાસભામાં કેમ્પસ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ પટેલે પોતાની ભાણેજ ભાવિકાના લગ્નમાં એક અનોખો જ ચીલો પાડ્યો છે. લાડકોડથી ભાણેજનો ઉછેર કરનાર હસમુખભાઈએ ગઈકાલે તેના લગ્ન પર અનોખી ભેટ આપી હતી. સ્ત્રી સમાનતા અને સશક્તિકરણની માત્ર વાતો નહીં અમલ કરી શિક્ષણવિદે તલવાર સાથે ઘોડે ચડી કન્યાએ વરરાજાનું સ્વાગત કર્યું હતું અને બાદમાં કન્યાની પુસ્તકતુલા કરી થઈ હતી.

ભાવિકાના લગ્ન લોકોને અનોખા સંદેશ સાથે ગઈકાલે સંપન્ન થયા હતાં. ઉદ્યોગપતિ વસંતભાઈ ગજેરા, હેમેન્દ્રભાઈ મહેતા, પી.પી. સોજીત્રા વગેરે આગેવાનો અને શિક્ષણ જગતના અગ્રેસરોની ઉપસ્થિતિમાં લગ્નવિધી દરમિયાન જ ભાવિકાની પુસ્તક તુલા કરવામાં આવી હતી. એક દીકરીને સાસરે વળાવવામાં આવે ત્યારે તેની સાથે જીવતરને ઉજાળવાની પ્રેરણા આપે તેવા પુસ્તકોનો ખજાનો હોય તેનાથી વિશેષ રૂડુ બીજુ શું હોય શકે.

સ્ત્રી સમાનતા અને સશક્તિકરણની માત્ર વાતોથી કંઈ નહીં વળે. તેનો અમલ પણ શરૂ કરવો પડશે. અહીં લગ્ન દરમિયાન કન્યા ભાવિકા ઘોડે ચડી ઝાંસીની રાણીની જેમ હાથમાં તલવાર ધારણ કરી વરરાજા અને જાનૈયાઓનું સ્વાગત કરવા સામેથી પહોંચી હતી.

'ઘોરાડ'ની પ્રજાતિને બચાવવા રાજસ્થાન સરકારને ભલામણ કરાઈ

અમદાવાદ

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો ફોન્ફરન્સ દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો પ્રારંભ કર્યો હતો. સાથે જ લુપ્ત થતી પ્રજાતિના રક્ષણ માટે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારે ગુજરાતમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ લુપ્ત થઈ રહ્યા છે. જેને ધ્યાનમાં લેતા હવે રાજસ્થાનથી નર ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ લાવવામાં આવશે. કેન્દ્ર સરકારે ૫ રાજ્યોમાં આ પ્રજાતિમાં વધારો કરવા માટે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને 'ઘોરાડ'તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને વન્યજીવન સંરક્ષણ કાયદા-૧૯૭૨ અંતર્ગત "નાશ થવાના આરે આવેલી અતિશય સંવેદનશીલ પ્રજાતિ"ઓની પક્ષીઓની શિડ્યુઅલ-૧ની યાદીમાં સ્થાન અપાયું છે. આ પક્ષી પ્રજાતિ નાશ થવાના આરે આવીને ઉભી છે અને તેની વૈશ્વિક વસતી પાછલા કેટલાક દાયકાઓમાં ઘણી ઘટી જવા પામી છે. ગુજરાતમાં ૨૦૦૭માં ૪૮ ઘોરાડ હતા ત્યારે હાલમાં માત્ર બે-ચાર જ રહી ગયા છે.

સમગ્ર ભારતમાં ૧૭૦ જેટલા જ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ રહી ગયા છે. કેન્દ્ર સરકારે ગુજરાત સહિત ૫ રાજ્યોમાં ઝડપથી લુપ્ત થઈ રહેલી આ પ્રજાતિને બચાવવા માટે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. હાલમાં રાજસ્થાન સરકારે ગુજરાતને ઘોરાડ આપવાની ના પાડી છે. જોકે, કન્ઝર્વેશન ઓફ માઈગ્રેટરી સ્પીસીસ ઓફ વાઈલ્ડ એનિમલ રાજસ્થાન સરકારને ભલામણ કરશે તેવા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં એક પણ નર ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ નથી જેથી રાજસ્થાનમાંથી નર ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ લાવી બ્રિડિંગ સેન્ટર દ્વારા આ પ્રજાતિની સંખ્યામાં વધારો કરવામાં આવશે.

ગુજરાતનાં રાજકારણમાં સક્રિય થવા 'આપ'નો થનગનાટ...!!

તાજેતરમાં દિલ્લીમાં સતત ત્રીજી વખત તાજ સંભાળ્યા બાદ કેજરીવાલનું રાજકારણ હવે રાષ્ટ્રીય લેવલે જઈ રહ્યું છે. અરવિંદ કેજરીવાલ ફરી એકવાર મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ ભારત દેશમાં પોતાની પાર્ટીનું પ્રભુત્વ વધારવા પ્રયાસ કરી રહ્યા છે. હવે ગુજરાત રાજયમાં આગામી સમયમાં આપ દ્વારા નવા જૂની એંધાણ વર્તાઈ રહ્યા છે. મળતી માહિતી અનુસાર હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે પ્રકારથી પોતાનું અને પોતાની પાર્ટીનું ઘણાં વર્ષોથી વર્ચસ્વ જળવી રાખ્યું હતું. તો હવે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આગામી સમયમાં આપ માટે ગુજરાતના પ્રવાસે આવનાર છે અને સભાનું પણ આયોજન કરેલ છે.

ત્યારે આ તરફ અલ્પેશ ઠાકોર હવે ભાજપમાંથી બગાવત કરી આમ આદમી પાર્ટી સાથે જોડાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અલ્પેશ ઠાકોર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હાલના એનસીપીના નેતા શંકરસિંહ વાઘેલા તેમજ શિવસેનાના પ્રમુખ ઉદ્ધભવ ઠાકરેને પણ મળવા ગયા પરંતુ ત્યાં ગોઠવણમા મેળ પડ્યો નથી..પરંતુ આખરે અલ્પેશ ઠાકોર અરવિંદ કેજરીવાલને મળી સમાજની ભીડની એકતા બતાવી આમ આદમીમાં જોડાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે તેવી માહિતી આવી રહી છે.

હવે સવાલ એ છે કે આમ આદમી પાર્ટી પક્ષપલટુ નેતા અલ્પેશ ઠાકોરને પાર્ટીમાં સામેલ કરશે..!!? જો પાર્ટીમાં સામેલ કરશે તો ગુજરાતમાં પાર્ટીની દિશા કેવી હશે તેની કલ્પના કદાચ કેજરીવાલે નહિ કરી હોય...!! કારણે કે અલ્પેશ વ્યસન મુક્તિ અભિયાન અને સમાજની આંગળી પકડી કોંગ્રેસ બિહારના પ્રભારી બન્યા ત્યાર બાદ તેઓએ પરપ્રાંતીય હુમલાને આગ આપી સાઈડમાં થઈ ગયા હતા. ત્યારે આજે નહિ સમાજ છે ન તો વ્યેશન મુક્તિ અભિયાન નો કોઈ મુદ્દો તો કયા મુદ્દાઓ લઈ કેજરીવાલ અલ્પેશ ઠાકોરને પાર્ટીમાં સ્થાન આપશે...?હવે એવું લાગી રહ્યું છે કે કોંગ્રેસમાં ઘમાસાણ એન્ટ્રી કરી રાહુલ સાથે બેસી અન્ય રાજકારણીઓને પોતાની તાકાત બતાવી.પણ હવે ફરી એજ સમયને દોહરાવીને અલ્પેશ કેજરીવાલ સાથે જોડાવા માંગે છે...? ગુજરાતમાં પણ ઘણી વાર આમ આદમી પાર્ટીનો ઢાંચો તૈયાર થયો પણ આ ઢાંચો વારંવાર નાકામ રહ્યો ત્યારે હવે માર્ચમાં કેજરીવાલની સભાથી ગુજરાતમાં આમ આદમી પાર્ટી પ્રભુત્વ જમાવવામાં સફળ થશે કે કેમ..?

૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના પરિપત્ર મુજબ સરકાર કાર્યવાહી કરશે

એલઆરડી ભરતી મામલે સરકારે કહ્યું: ૧ ઓગસ્ટ ૨૦૧૮ના પરિપત્રનો અમલ નહીં થાય

અમદાવાદ

એલઆરડી ભરતી વિવાદ મામલે હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. આ અંગે રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં જણાવ્યું કે, આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નવો ઠરાવ હાલ પુરતો અમલમાં આવશે નહીં, જ્યારે ૧ ઓગસ્ટ ૨૦૧૮ના ઠરાવનું પાલન થશે નહીં. આ મામલે ૩ સપ્ટેમ્બર ૨૦૧૪ના પરિપત્ર મુજબ સરકાર કાર્યવાહી કરશે. ૨૪૮૪ નવી પોસ્ટ ઉભી કરવામાં આવી છે. ૧૨૫માંથી ૬૨.૫ માર્ક્સ હશે તેની ભરતી કરવામાં આવશે. ત્રણ અઠવાડીયામાં ભરતી કરવામાં આવશે. આ અંગે વધુ સુનાવણી ૧૧ માર્ચના રોજ યોજાશે.

એલઆરડીની ભરતીમાં અનામત કેટેગરીની મહિલા ઉમેદવારો મેરિટ ઊંચુ હોવા છતાં જનરલ કેટેગરીની મહિલા અનામતમાં સ્થાન મેળવી ન શકે તેવી જોગવાઈ સાથેના જીએડીએ બહાર પાડેલા તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવાની માંગણી સાથે છેલ્લા ૭૦ દિવસથી ગાંધીનગરમાં એસસી, એસટી અને ઓબીસીની મહિલા ઉમેદવારો ઉપવાસ આંદોલન કરી રહી છે, જેની સામે સરકારે ૧૧ ફેબ્રુઆરીએ નમતું જોખી જીએડીના ઠરાવમાં આંશિક સુધારો કરવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત બાદ બિન અનામત વર્ગે આંદોલન શરૂ કર્યું હતું. જેને કારણે રાજ્ય સરકારે મહિલાઓ માટેની અનામત બેઠકોમાં ૨૧૫૦નો વધારો કરીને ૫૨૨૭ બેઠક પર ભરતીની સમાધાન ફોર્મ્યુલા જાહેર કરી હતી.

૧ ઓગસ્ટ, ૨૦૧૮નાં જીઆર મુજબ અનામત કેટેગરીની મહિલા ઉમેદવારોને જનરલ મેરિટમાંથી બાદ કરવામાં આવી છે. જેની સામે લગભગ ૭૦ દિવસથી અનામત વર્ગની ૧૦૦થી પણ વધુ મહિલાઓ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કરી રહી છે. બીજી તરફ બિનઅનામત કેટેગરીની મહિલા ઉમેદવારો ગાંધીનગર ઉમટી પડી હતી અને જીઆર રદ ન કરવા આવેદન પત્ર આપ્યું હતું. પોલીસની ભરતીમાં મહિલાઓને સરકારે ૩૩ ટકા અનામત આપી છે, જો કે ૧લી ઓગસ્ટ ૨૦૧૮નાં રોજ થયેલા પરિપત્ર મુજબ મહિલા ઉમેદવારે જે કેટેગરીમાં ફોર્મ ભર્યું હોય તેમાં જ તેની પસંદગી શક્ય બને. એટલે કે કોઈ મહિલાએ ઓબીસી કેટેગરીમાં ફોર્મ ભર્યું હોય તો તેને જનરલ કેટેગરીમાં સ્થાન મળી શકે નહીં. આ જીઆરને કારણે સ્થિતિ એવી ઉભી થઈ હતી કે કેટલીક અનામત કેટેગરીની મહિલા ઉમેદવારોને જનરલ કેટગેરી તેમજ ઈડબ્લ્યુએસ કેટેગરીની મહિલાઓ કરતાં વધુ માર્ક્સ આવ્યા છે, પરંતુ તેમને જનરલ કેટેગરીમાં સ્થાન ન મળતાં તેઓ નોકરીઓથી વંચિત રહી ગઈ હતી.

ભાજપા એમએલએ કેતન ઈનામદારે ફરીથી સીએમને પત્ર લખ્યો...

'ચેકડેમના કામ માટે મંત્રીને ૨૦૧૫થી રજૂઆતો કરી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી'

વડોદરા

સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે પોતાના વિસ્તારમાં કામો કરાવવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખ્યો છે. જેમાં કેતન ઈનામદારે પોતાના મત વિસ્તારમાં બસ ડેપો અને ચેકડેમનું કામ કરાવવાનો પત્રમાં ઉલ્લેખ કર્યો છે. જોકે સીએમ વિજય રૂપાણીને લખેલા પત્ર બાબતે ધારાસભ્ય કેતન ઈનામદારે જણાવ્યું હતું કે, મારો કોઈ વિરોધ નથી. આવા પત્રો દરેક ધારાસભ્યો પોતાના વિસ્તારના કામોની રજૂઆતો માટે કરતા હોય છે, મે પણ મારા વિસ્તારના કામ બાબતે જ પત્ર લખ્યો છે.

કેતન ઈનામદારે પત્રમાં લખ્યું છે કે, મારા મત વિસ્તાર સાવલી અને ડેસર તાલુકામાં નદીઓ અને કોતરો આવેલે છે. જેમાંથી ઘણી નદીઓ પસાર થઈને મહી નદીને મળે છે. કોતરોના ઢળાવના કારણે પસાર થતી નદીઓનું પાણી મહી નદીમાં મળી જાય છે. જેથી પાણી ન રોકાવાથી નદી કાંઠે આવેલા ગામોને સિંચાઈનો લાભ મળતો નથી. જે માટે આ વિસ્તારના ચેકડેમોની સુવિધા આપવા સારૂ વર્ષ ૨૦૧૫થી અવારનવાર મંત્રી અને ડિપાર્ટમેન્ટને રજૂઆત કરવામાં આવેલ છે. જો ચેકડેમ બનાવવામાં આવે તો નદીનું પાણી સંગ્રહ કરીને આસપાસના ગામોના પાણીના લેવલ પણ ઉંચા લાવી શકાય, જેથી પીવાના પાણીના બોર/ હેન્ડપંપ અને કુવામાં સ્તર ઉંચા આવી શકે. પરંતુ આ બાબતે આજદિન સુધી કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. જે બાબતે અંગત ધ્યાન દોરી વહેલી તકે ચેકડેમો મંજૂર કરવા મારી માંગણી છે.

કેતન ઈનામદારે વધુમાં પત્રમાં લખ્યું છે કે, તાલુકાના મુખ્ય મથક સાવલી ખાતે અદ્યતન બાંધકામ સહિતનો એસ.ટી. ડેપો વર્ષો પૂર્વે કાર્યરત કરવામાં આવેલ હતો. જે શરૂ થયાના થોડા સમય બાદ બંધ કરી દેવામાં આવ્યો હતો અને વાઘોડિયા તાલુકામાં ભાડાના મકાનમાં કાર્યરત કરવામાં આવ્યો હતો. સાવલી ખાતે એસ.ટી. ડેપો ન હોવાના કારણે બસોના રેગ્યુલર રૂટોની ઘણી બુમો પડે છે અને સાવલીની બસોનું સંચાલન વડોદરા, વાઘોડિયાથી કરવામાં આવે છે.

ટ્રમ્પ ગાંધી આશ્રમમાં રેંટિયો કાંતશે, પૂરજોશમાં તૈયારીઓ શરૂ

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીની ૨૪ ફેબ્રુઆરીની અમદાવાદ મુલાકાતને લઈ પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ અને મોદી એરપોર્ટથી રોડ શો કરી સીધા ગાંધીઆશ્રમ જવાના છે. જ્યારે પણ વિવિધ દેશના વડા ગુજરાત કે અમદાવાદની મુલાકાતે આવતા હોય છે, ત્યારે ગાંધી આશ્રમ અચૂક આવે હોય છે અને રેંટિયો કાંતે છે. જેને પગલે ગાંધી આશ્રમ અને રાજ્ય સરકાર દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના રેટિંયો કાંતવા



અંગેની તૈયારીઓ કરી રહ્યા છે. આશ્રમમાં આવેલા હૃદયકુંજમાં ૭૩ વર્ષીય ટ્રમ્પ નીચે બેસી રેંટિયો કાંતશે કે પછી તેઓ માટે અન્ય કોઈ વ્યવસ્થા કરવી પડશે તેની તૈયારીઓ કરી રહ્યા છે.

ગાંધીઆશ્રમ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી અંદાજે ૩૦ મિનિટ રોકાવવાના છે. મહાનુભાવોની મુલાકાતને લઈ હૃદયકુંજની પાછળ એક સ્ટેજ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સ્ટેજ પર ૧૦ મિનિટ પ્રાર્થના સભા કે અન્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મોદી અને ટ્રમ્પ આવીને સીધા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવશે. ત્યાર બાદ તેઓ હૃદયકુંજ જશે, જ્યાંથી રિવરફ્રન્ટનો નજારો ટ્રમ્પને બતાવશે. તેમજ મ્યુઝિયમની પણ મુલાકાત કરશે.

બેંગલુરુ જતી ફ્લાઈટના એન્જિનમાં આગ લાગતા અફરાતફરી, મુસાફરોને સુરક્ષિત નીચે ઉતારાયા

અમદાવાદ

અમદાવાથી બેંગલુરુ જતી ગો એર ફ્લાઈટમાં આગ લાગવાની ઘટના બની હતી. ફ્લાઈટ ટેકઓફ કરે તે પહેલા જ જમણી બાજુના એંજિનમાં આગ લાગવાની ઘટના બનતા તાત્કાલિક આગ બુજાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે નીચે ઉતારી દેવામાં આવ્યાં હતા. જો ફ્લાઈટ ટેકઓફ થઈ ગઈ હોત અને હવામાં આગ લાગી હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. પરંતુ સદનસીબે ઘટના બનતા અટકી ગઈ હતી. ગોએરના પ્રવક્તાએ મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે, ગોએર ફ્લાઈટ જી૮ ૮૦૨ના જમણા એન્જિનમાં ટેકઓફ દરમિયાન એક સામાન્ય આગ લાગી હતી જેને કાબૂમાં લઈ લેવામાં આવી છે. ફ્લાઈટ પર સવાર તમામ મુસાફરો અને ક્રૂ સલામત છે અને કોઈ પણ ઈમરજન્સી સ્થળાંતર જરૂર પડી ન હતી. વિમાનને રન-વેથી બાંધી દેવામાં આવ્યું છે. અમારા મુસાફરો અને ક્રૂની સલામતી અમારા માટે મહત્વની છે અને એરલાઈન તમામ મુસાફરોને પડેલી મુશ્કેલી અને અસુવિધા બદલ દિલથી અફસોસ કરે છે.

બચ્ચન પરિવાર અંગે આપેલા નિવેદન બદલ મને ખેદ છે : અમર સિંહ



ન્યુ દિલ્હી

રાજયસભાના સાંસદ અમર સિંહે બચ્ચન પરિવાર અને અમિતાભ બચ્ચન પાસે માફી માંગી છે. તેમનું કહેવું છે કે જીવનના આ મુકામ પર જ્યારે હું જીવન અને મોતથી લડી રહ્યો છું ત્યારે મને મારા નિવેદનને લઈ પસ્તાવો થઈ રહ્યો છે. વિડિયોમાં અમર સિંહે કહ્યું હતું કે આટલી તલ્ખી બાદ પણ જો અમિતાભ બચ્ચન તેમને જન્મ દિવસ નિમિતે, તેમના પિતાની પૂર્ણતિથિ નિમિતે સંદેશ મોકલે છે. આજે હું મારા નિવેદનને લઈ ખેદ વ્યક્ત કરવા ઈચ્છુ છું.

અમર સિંહે ટ્વિટ કરી કહ્યું કે આજે મારા પિતાની પૂર્ણતિથિ છે અને આ અંગે મને અમિતાભ બચ્ચનજી તરફથી સંદેશ મળ્યો. જીવનમાં પડાવ પર હું જીવન અને મૃત્યુની લડાઈ લડી રહ્યો છું, મને અમિતાભજી અને તેમના પરિવાર વિરુદ્ધ જે પ્રતિક્રિયા આપી તે બદલ મને ખેદ છે. ઈશ્વર તેમને સૌને આશીર્વાદ આપે.

અમેરિકાની કંપની ડીએક્સ પાર્ટનર્સ ગુજરાતના ૮ ટેક સ્ટાર્ટઅપમાં રોકાણ કરશે

અમદાવાદ

અમેરિકા સ્થિત વેન્ચર સ્ટુડિયો કંપની ડીએક્સ પાર્ટનર્સ ગુજરાતમાં આગામી એક વર્ષમાં વધુ ૮ ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવાની યોજના ધરાવે છે. કંપનીએ આ પહેલા અગાઉ રાજ્યના ૭ ટેક્નોલોજી સ્ટાર્ટઅપમાં અંદાજે રૂ. ૧૦ કરોડનું રોકાણ કર્યું છે. ડીએક્સ પાર્ટનર્સના સ્થાપક અને મેનેજીંગ ડિરેક્ટર સંદીપ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાતમાં ટેક્નોલોજીને લગતા સ્ટાર્ટઅપ્સ માટે ઘણી સંભાવનાઓ રહેલી છે, પરંતુ યોગ્ય ઈકો સિસ્ટમના અભાવે આવા સ્ટાર્ટઅપ્સને યોગ્ય તક મળતી નથી. અમારો ઈરાદો છે કે આવા લોકોને ઈન્વેસ્ટમેન્ટ અને કામ મળી રહે તે માટે એક પ્લેટફોર્મ ઉભું કરવામાં આવે. ૨૦૨૧ સુધીમાં ૨૦૦ લોકોને રોજગારી મળે તેવા અમારા પ્રયત્નો રહેશે.

સંદીપ સંઘવીએ જણાવ્યું કે, ગુજરાતમાં ટેક્નોલોજી સ્ટાર્ટઅપ્સ માટે એક ઈકોસિસ્ટમ બને તે હેતુથી કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ અને સ્ટુડન્ટને એક મંચ પર લાવવા એક કોમ્યુનિટી જેવું સેટઅપ બને તે માટે ડીએક્સ હબ પ્લેટફોર્મ બનાવવામાં આવશે. આ હબ એક બીજાની જરૂરિયાતોને સમજી અને તેને પૂરી કરશે જેથી તમામ લોકોને ફાયદો થાય. આમાં ખાસ કરીને સ્ટાર્ટઅપને તેમની જરૂરિયાત મુજબનું ફંડ મળી રહે તે અંગે પણ સક્રિય ભૂમિકા રહેશે.

ડીએક્સ પાર્ટનર્સના મેનેજીંગ પાર્ટનર તેજસ શાહે જણાવ્યું કે, અમે ગુજરાતમાં વીતેલા સાત મહિનામાં ૭ સ્ટાર્ટઅપ્સમાં રૂ. ૧૦ કરોડ જેટલું રોકાણ કરી ચુક્યા છીએ અને આવતા દિવસોમાં વધુ ભંડોળ એકઠું કરવામાં આવશે. આ માટે અમે વિવિધ વેન્ચર કેપિટલ ફંડ, પ્રાઈવેટ ઈક્વિટી તેમજ હાઈ નેટવર્થ ઈન્ડીવિડ્યુઅલ્સ સાથે વાત કરીશું. અમે ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૦૦ મિલિયન (લગભગ રૂ. ૭૦૦ કરોડ)નું ફંડ ભેગું કરવા ધારીએ છીએ.

ઈજનેરી બેઠકોમાં બેઠકો ઘટાડવાનાં મુદ્દે વિપક્ષ નેતા ધાનાણીએ શિક્ષણમંત્રીને લખ્યો પત્ર

(જી.એન.એસ)અમદાવાદ,તા.૧૮

શિક્ષણ વિભાગના તા. ૭-૨-૨૦૨૦ના ઠરાવથી રાજ્યની ૨૩ સરકારી પોલીટેકનીકની ૬૯ વિદ્યાશાખાઓની બંને પાળીની કુલ ૧૧,૮૩૨ બેઠકોમાંથી ૪,૫૫૦ બેઠકો અને ૧૧ સરકારી ઈજનેરી કોલેજોની ૨૯ વિદ્યાશાખાઓની કુલ ૩,૬૦૦ બેઠકોમાંથી ૨,૫૪૯ બેઠકો આમ કુલ ૭,૦૦૦ ઉપરાંત બેઠકો ઘટાડવાનો સરકારશ્રીએ ઉતાવળે નિર્ણય કરેલ છે, જેની રાજ્યતના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ તથા શિક્ષણ જગત ઉપર ખૂબ જ ગંભીર અસરો પડશે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ ધોરણ-૧૦નો અભ્યાસ પૂર્ણ કરી સરકારી પોલીટેકનીક કોલેજોમાં ડિપ્લોમાનો ત્રણ વર્ષનો ઈજનેરી અભ્યાસક્રમ ખૂબ જ નજીવી ફી ભરીને પૂર્ણ કરી રોજગારી મેળવી પોતાનું ગુજરાત ચલાવી શકે તે હેતુથી આવા અભ્યા સક્રમો ચલાવવામાં આવે છે. આવી સંસ્થાહઓમાં વિદ્યાર્થીઓનો ધસારો રહેતા સરકાર દ્વારા બે પાળી કરી બેઠકો વધારવામાં આવેલ હતી અને જેનો લાભ રાજ્યથના ગરીબ અને મધ્યરમ વર્ગના વિદ્યાર્થીઓ લઈ શકતા હતા અને દર વર્ષે આ તમામ સરકારી ડિગ્રી/ડિપ્લોવમા ટેકનીકલ કોલેજોની બેઠકો ભરાઈ જતી હતી અને હવે આટલી મોટી સંખ્યા માં બેઠકો ઘટાડવાનો ઉતાવળે લેવામાં આવેલ છે, જેના કારણે સેલ્ફા ફાઈનાન્સર કોલેજોમાં ધસારો વધશે પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો પ્રવેશ મેળવવાથી વંચિત રહી જશે.

સરકારશ્રી દ્વારા શિક્ષણમાં ખર્ચ ઘટાડવાના હેતુસર ગ્રામ્યન/દુર્ગમ વિસ્તા રની ૬,૦૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ મર્જ/બંધ કરવાનો ઘાતકી નિર્ણય લેવામાં આવેલ છે. સાથોસાથ માધ્યપમિક શાળાઓ પણ બંધ કરવામાં આવી રહેલ છે, જેની માઠી અસર શિક્ષણ જગત ઉપર થયેલ છે. સરકાર દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી સરકારી/ગ્રાન્ટે.ડ શાળા/કોલેજોનું માળખું તોડીને શિક્ષણના વ્યાળપારીકરણને પ્રોત્સાહન આપી રહી છે અને સેલ્ફ્ ફાયનાન્સડ કોલેજો સતત વધતી રહેલ છે. તે જોતાં ૭,૦૦૦ ઉપરાંતની ડીપ્લો મા અને ડીગ્રી ઈજનેરી વિદ્યાશાખાઓની મહત્વલની બેઠકો ઘટાડવાનો નિર્ણય પ્રથમ દષ્ટિએ સેલ્ફઅ ફાઈનાન્સ કોલેજોને પ્રોત્સાખહીત કરવાનો હોય તેવું જણાય છે અને આટલી બેઠકો ઘટાડવાથી ઈજનેર બનવા માંગતા સામાન્યમ અને મધ્યોમ વર્ગના વિદ્યાર્થીઓની શિક્ષણની તકો છીનવાઈ જશે અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી પ્રાધ્યાયપક તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓની નોકરી પણ છીનવાઈ જશે. સરકાર ટેકનીકલ શિક્ષણ પ્રત્યે સદંતર ઓરમાયું વર્તન દાખવી રહી છે, જેના કારણે ગુજરાત ટેકનીકલ શિક્ષણમાં સતત પાછળ ધકેલાઈ રહયું છે.

રાજય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે સરકારી ડિપ્લોમા/ડિગ્રી કોલેજોમાં ૭,૦૦૦ ઉપરાંત બેઠકો ઘટાડવાનો નિર્ણય ખૂબ જ અન્યાયકર્તા છે અને ખાસ કરીને સામાન્યિ અને મધ્યેમ વર્ગના વિદ્યાર્થીઓ ઓછી ફીમાં સરકારી કોલેજોમાં શિક્ષણ મેળવી ડીગ્રી મેળવી શકતા હતા અને હવે બેઠકો ઘટાડવાથી આવા વિદ્યાર્થીઓ ખાનગી કોલેજોમાં અભ્યાીસ કરી શકશે નહીં જેથી તેમનાં ભાવિ ઉપર ખૂબ જ માઠી અસર થનાર છે.આથી, રાજ્યીના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં બેઠકો ઘટાડવાનો નિર્ણય તુરત જ પરત ખેંચવા મારી વિનંતી સહ ભલામણ છે. આ અંગે થયેલ કાર્યવાહીની જાણ અમોને કરવા વિનંતી છે.

મહેસાણા નગરપાલિકામાં આંતરિક વિખવાદ, સત્તાની લાલચમાં ફરી ભંગાણના એંધાણ

મહેસાણા

મહેસાણા નગરપાલિકામાં ફરી એક વખત ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસ શાસિત મહેસાણા નગરપાલિકામાં આંતરિક વિખવાદ સહીત સત્તાની લાલચમાં ફરી ભંગાણ સર્જાવા ગયો છે. કોંગ્રેસના ૨૩ સભ્યોમાંથી ૧૭ નગરસેવકોએ અવિશ્વાસની દરખાસ્ત મૂકી છે. જ્યારે પ્રથમ નગરપાલિકાના પ્રમુખ બાદ તાજેતરના પાલિકા પ્રમુખને સવા વર્ષ સુધી ખુરશી પર બેસવાનું નક્કી થવા છતાં પણ પાલિકા પ્રમુખએ સત્તા ન છોડતા કોંગ્રેસના સભ્યોએ જ અવિશ્વાસની દરખાસ્ત આજે રજૂ કરી હતી. પ્રમુખ ઘનશ્યામ સોલંકી અને હિરેન મકવાણા એમ બે જૂથ કોંગ્રેસના આમને સામને આવ્યા છે. જેમાં સત્તા હાંસલ કરવા માટે હવે ભાજપ પણ મેદાને આવશે જેમાં કોંગ્રેસ નો આંતરિક કકળાટ હવે ચરમસીમાએ આવીને ભાજપનો સભ્ય પાલિકા પ્રમુખ બને તેવા એધાણ છે.

મહેસાણા નગરપાલિકામાં પાટીદાર અનામત આંદોલન બાદ પ્રથમ વાર પાલિકામાં કોંગ્રેસની સત્તા આવી હતી. જેમાં પાટીદાર પ્રથમ મહિલા પ્રમુખ સામે પણ અવિશ્વાસની દરખાસ્ત બાદ મામલો કોંગ્રેસના મોવડી મંડળ સુધી પહોચ્યોં હતો. ત્યારબાદ કોંગ્રેસમાં આંતરિક જૂથવાદ ફરી એકવાર ચરમસીમાએ આવ્યો છે. મહેસાણા નગરપાલિકામાં કોંગ્રેસનો કકળાટ એટલો ખરાબ રહ્યો હતો કે પાલિકાના કોંગ્રેસના જ સભ્યો ભાજપમાં જતા રહ્યા હતા અને ત્યારબાદ પાલિકા પ્રમુખ ભાજપમાં ગયા બાદ ફરીવાર કોંગ્રેસમાં આવ્યા હતા.

ત્યારબાદ એવું નક્કી કરવામાં આવ્યું હતું કે પાલિકા પ્રમુખ ઘનશ્યામ સોલંકી ૩૧ જાન્યુઆરી સુધી પાલિકા પ્રમુખ રહેશે, તેમછતાં પણ પાલિકા પ્રમુખે પોતાની સત્તા ન છોડતા આજે કોંગ્રેસન ૧૭ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત કરી હતી. પાલિકાના ૫ વર્ષના સમયમાં બીજીવાર કોંગ્રેસના પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ થઈ છે. કોંગ્રેસના અને ભાજપમાં જોડાયેલા સભ્યોએ ભેગા મળીને આ અવિશ્વાસની દરખાસ્ત આજે દાખલ કરવાની તજવીજ કરી છે.

કોરોના વાયરસના પગલે ચીને ચલણી નોટનો નાશ કરવાનો નિર્ણય લીધો

બેઈજીંગ


ચીનમાં કોરોના વાયરસનો આતંક એટલો વધી ગયો છે કે ત્યાંની સરકારે હજારો કરોડોની ચલણી નોટને નાશ કરવાનો નિર્ણય લીધો છે. આ નોટો દ્વારા વાયરસનો ફેલાવો થઈ રહ્યો છે. નોટ એક હાથથી અન્ય હાથોમાં સતત આવતી જતી હોય છે. જેથી આ ચિંતા સ્વાભાવિક છે.

ચીનની સરકારે નક્કી કર્યું છે કે વાયરસને ફેલાતો અટકાવવા માટે કોઈપણ ભોગે તમામ ચલણી નોટ્સને નષ્ટ કરવી પડશે. ચીનની સેન્ટ્રલ બેંકના ગુઆંગઝોઉ બ્રાન્ચના ચીફ મેનેજરે જણાવ્યું હતું કે બજારમાંથી અત્યારસુધી આવેલ તમામ નોટને નષ્ટને કરી દેવામાં આવશે. બીજી તરફ પીપલ્સ બેંક ઓફ ચાઈનાએ તમામ નોટનો નાશ કરી દેવાનો આદેશ આપી દીધો છે.

ચીનની સેન્ટ્રલ બેંકનાં ડેપ્યુટી ગર્વનર ફેન યિફેયીએ કહ્યું હતું કે ૧૭ જાન્યુઆરીથી અત્યાર સુધી સેન્ટ્રલ બેંકે ૬૦૦ અબજ યુઆનની નવી નોટ્સ જારી કરી છે જેમાંથી ૪ અબજ યુઆન (આશરે રૂ.૨૮,૫૮૧ કરોડ) ફકત વુહાનમાં મોકલવામાં આવ્યા હતા.

સેન્ટ્રલ બેંકનું કહેવું છે કે અગાઉથી જ બજારમાં જે નોટ સર્ક્યુલેશનમાં છે તેને જ નષ્ટ કરવામાં આવશે. ફેબ્રુઆરીમાં જે નોટ બજારમાં મોકલવામાં આવી તે પરત મંગાવવામાં આવશે. ત્યારબાદ તેને જમા કરીને અલ્ટ્રાવાયોલેટ કિરણો દ્વારા સાફ કરવામાં આવશે. ૧૪ દિવસ સુધી તે નોટને કવારંટીનમાં રાખવામાં આવશે. ત્યારબાદ તેને વાયરસની તપાસ કરીને સુરક્ષિત કરાયાં બાદ તેને બજારમાં મોકલવામાં આવશે.

આ બાબતો વચ્ચે વાયરસથી આતંકિત લોકોને નોટની તંગી થવાની ચિંતાએ પણ ઘેરી લીધા છે. લોકોનું કહેવું છે કે આટલાં મોટા પ્રમાણમાં નોટોને નષ્ટ કરવાથી બજાર પર અસર પડી શકે છે અને તેમને પણ ખરીદારી અને લે વેચમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.



પુણા રોડ પર જાહેર રસ્તામાં ભરાતી શાકભાજી માર્કેટની આ તસ્વીર છે. શિયાળો એકાએક ગાયબ થઈ જતા સુરતમાં આકરો તાપ શરૂ થઈ ગયો છે. શાકભાજી વેચતા ફેરિયાઓએ તાપથી બચવા છત્રીઓનો સહારો લેવાની ફરજ પડી છે.

સાંસદ સી.આર.પાટીલે રજૂઆત કરતા આવાસ સબસીડી મળવાનું શરૂ થયું

સરકાર ૭ દિવસમાં રૂ. ૭૦ કરોડની સબસીડી લાભાર્થીઓને ચૂકવશે

સુરત

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સુરતના લાભાર્થીઓની મંજુર સબસિડીની રકમ બેંકમાં જમા ન થતાં આ સંદર્ભે નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ દ્વારા સંબંધિત વિભાગમાં રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સરકાર દ્વારા આગામી સાત દિવસમાં લાભાર્થીઓની અંદાજે ૭૦ કરોડ રૂપિયા જેટલી રકમ બેંકમાં જમા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નવસારીના સાંસદ શ્રી સી આર પાટીલ પાછલાં ઘણા સમયથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને મળવાપાત્ર સબસિડીના પ્રશ્નોના નિરાકરણ માટે અલગ - અલગ સ્તરે રજુઆતો કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે હાલમાં નવી દિલ્હી ખાતે સાંસદ શ્રી સી આર પાટીલ દ્વારા કરવામાં આવેલી સફળ રજુઆતને પગલે આગામી સાત દિવસમાં સુરત અને નવસારીના ૨૭૮૬ લાભાર્થીઓની રકમ બેંક ખાતામાં જમા કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન ખરીદનારા લાભાર્થીઓને સબસિડી મંજુર થયા છતાં બેંકમાં આ રકમ જમા થતી ન હતી. જો કે, હવે કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભે હકારાત્મક અભિગમ દાખવતાં અંદાજે ૭૦ કરોડ રૂપિયા જેટલી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પત્નીના નામનો દસ્તાવેજમાં ઉલ્લેખન ન હોવાને કારણે પણ સંખ્યાબંધ લાભાર્થીઓને સબસિડીની રકમ જમા ન થતી હોવાની સમસ્યા સંદર્ભે પણ સાંસદ સી આર પાટીલ દ્વારા સંબંધિત વિભાગમાં સક્ષમ અધિકારીઓ સમક્ષ રજુઆતો કરવામાં આવી રહી છે. વધુમાં, જે લાભાર્થીઓના દસ્તાવેજમાં પત્નીનું નામ ન હોય તે માટે દસ્તાવેજમાં પત્નીનું નામ દાખલ કરવા સંદર્ભે એક મહિના પૂર્વે જ સાંસદ શ્રી સી આર પાટીલ દ્વારા રજૂઆત કરવાથી નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં દસ્તાવેજનો અને બેંકના મોર્ગેજના ચાર્જ અંગેનો નિર્ણય બાકી છે જેનો ઝડપથી ઉકેલ લાવી બધા લાભાર્થીઓને સબસીડી મળી જશે. આ સિવાય જે લોકો વિધુર કે અપિરણિત છે તેવા લાભાર્થીઓને પણ સબસિડીની સુવિધા ઉપલબ્ધ થાય તે માટેની સૂચના પણ બેંકોને આપવામાં આવી છે. આ સમગ્ર કામગીરી માટે સ્વયં જિલ્લા કલેકટર ડો. ધવલભાઈ પટેલ દ્વારા બેંકોના સત્તાધીશો સાથે સંપર્ક સાધીને લાભાર્થીઓને સબસિડીની સુવિધા મળી રહે તે માટે સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

કવિ કલાપી પ્રા.શાળામાં સાચી જોડણી વિષયે સમિનાર યોજાયો

પ્રાથમિક શાળામાં સાચી જોડણીનું મહત્વ સમજાવતા રાજેશ ધામેલિયા

સુરત

વિદ્યાર્થીઓ સાચું લખીને માતૃભાષાનું સંવર્ધન કરવા પ્રેરાય તેવા આશયથી ન.પ્રા.શિ.સ.સુરત સંચાલિત કવિ શ્રી કલાપી પ્રા. શાળા (શા.ક.૮૭), ડાહ્યાપાર્કમાં આજે "સાચી જોડણી લાગે વહાલી" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા સ્નેહાબહેન પટેલ અને શ્રી દિલીપભાઈ લાડે તજજ્ઞ શ્રી રાજેશભાઈ ધામેલિયાનું સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શ્રી માર્ગદર્શક શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, "માતૃભાષાને સાચી રીતે પ્રયોજવી એ આનંદ અને ગૌરવની બાબત છે. પ્રાથમિક શાળાથી જ વિદ્યાર્થીઓને જોડણીના નિયમોની ગમ્મત સાથે સમજ આપવામાં આવી હોય તો તેને ખૂબ રસ પડે અને સહેલાઈથી સાચી જોડણી શીખી શકે છે. વિદ્યાર્થીઓને પ્રાથમિક શાળાથી સાચી જોડણીનું મહત્ત્વ સમજાવીને શીખવવાથી ખૂબ સારું પરિણામ મેળવી શકાય."

આ સેમિનારમાં ગુજરાતી ભાષામાં વારંવાર વપરાતા શબ્દોની શુદ્ધ – અશુદ્ધ જોડણી અંગે સમજ આપવામાં આવી હતી. જોડણીના કેટલાક નિયમો ખૂબ સહેલા છે, તેની સમજ કેળવવાથી હજારો શબ્દોની સાચી જોડણી લખી શકીએ છીએ. આ અંગે વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ વાર્તા સાથે નિયમો સમજવામાં ખૂબ આનંદ આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધોરણ ૬,૭અને ૮ની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. સેમિનાર દરમિયાન પૂછવામાં આવેલ વિચાર પ્રેરક પ્રશ્નોના જે વિદ્યાર્થિનીઓએ યોગ્ય જવાબ આપ્યા હતા, તેઓનું પુસ્તક દ્વારા સંમાન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષિકા ભાવિશાબહેન હીંગરાજિયાએ આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આજે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઘણું નવું શીખવા મળ્યું છે. આજે માતૃભાષા અંગે મેળવેલું જ્ઞાન સૌને જીવનભર ખૂબ ઉપયોગી થશે." આ સેમિનારમાં શાળાના આચાર્યા શ્રી સ્નેહાબહેન પટેલ તેમજ શિક્ષકો શ્રી દિલીપભાઈ લાડ, શ્રીમતી ભાવિશાબહેન હીંગરાજિયા, અલ્પાબહેન પટેલ, શ્રી રમેશભાઈ જોષી, જિજ્ઞાસાબહેન પાટણવાડિયા, સંદીપભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ ચૌધરી,રક્ષાબહેન વૈષ્ણવ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સી.આર.સી.કો-ઓર્ડિનેટર શ્રી ધર્મેશભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



કતારગામ રોડ સ્થિત મહાજન અનાથ બાળાશ્રમ સંચાલિત શ્રીમતી એસ.એચ. લોખંડવાળા શાળામાં આજે નર્સરીથી લઈ ધો.૧થી ૪ના બાળકો દ્વારા શૈક્ષણિક પ્રદર્શન "જ્ઞાનકુંજ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો દ્વારા કલરવ, કલ્લોલ, અંકમેળ, ગણિત-ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, અમારી આસપાસ, સૌની આસપાસ, આપણા સેવકો, મદદનીશો, જીવન વ્યવહાર, દૈનિક પ્રવૃત્તિ, ગીત-સંગીત તેમજ પર્યાવરણ આધારિત થીમ રજૂ કરી સુંદર સમજ આપી હતી.

સુરત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના નંબરોની ઈ-હરાજી

૨૪થી ૨૭મી ફેબ્રુઆરી દરમિયાન ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા દ્વિ-ચક્રીય વાહનોના GJ05.FV સિરીઝના ૧ થી ૯૯૯૯ માટેના પસંદગીના નંબરોની ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજીની અરજી તા. ૨૪/૦૨/૨૦૨૦થી ૨૭/૦૨/૨૦૨૦ દરમિયાન કરી શકાશે. જેમાં http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરી પસંદગીના નંબરો મેળવવા ઈચ્છુક વાહન માલિકો ભાગ લઈ શકશે. હરાજીનું બિડિંગ તા.૨૮/૦૨/૨૦૨૦ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યાથી તા.૨૯/૦૬/૨૦૧૯ ના રોજ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી ઓપન થશે.

અરજદારોએ સાત દિવસમાં ઓનલાઈન સી.એન.એ. ફોર્મ સબમિટ કરવાનું રહેશે. જો આ ફોર્મ રજૂ નહિ કર્યું હોય તો નંબરની ફાળવવામાં આવશે નહિ. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિનની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લઈ શકશે. સમયમર્યાદાની બહારની અરજીઓ રદ કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત, પાલ દ્વારા જણાવાયું છે.

પેરોલ જમ્પ કરી ભાગી ગયેલા કેદીને પોલીસે ઝડપી પાડ્યો

કેદી રાહુલ સેન્ડીને કાઈમ બ્રાન્ચ પોલીસે શોધી કાઢ્યો

સુરત

પેરોલ જમ્પ કરનાર પાકા કામના કેદીને ડીસીબી પોલીસે શોધી કાઢી ધરપકડ કરી હતી.

ડીસીબી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લાજપોર મધ્યસ્થ જેલમાં પાકા કામનો કેદી રાહુલ ઉર્ફે સેન્ડી ઉદયચંદ ઝા (રહે. નવાગામ રામદેવનગર)ના ૨૧ દિવસની પેરોલ રજા મંજૂર થઈ હતી. આરોપી રાહુલ ઉર્ફે સેન્ડીએ તા.૮-૧૨-૨૦૧૯ના રોજ જેલમાં હાજર થવાનું હતું. પરંતુ પેરોલ જેમ્પ કર્યો હતો. આ અંગે પાંડેસરા પોલીસ સ્ટેશને લાજપોર જેલના સત્તાધીશોએ ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન ડીસીબી પોલીસે આરોપી રાહુલ સેન્ડીને શોધી કાઢી ધરપકડ કરી હતી.

નવસારી જિલ્લામાં હથિયારબંધી

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૨૬/૦૨/૨૦ સુધી શસ્ત્રો, દંડા, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઇ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઇ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઇ શકે છે.

પાંડેસરા રામનગરમાં ૧.૩૨ લાખની ચોરી

પાંડેસરા રામનગરમાં આવેલ એક મકાનમાં ત્રાટકેલા તસ્કરો રૂપિયા ૧.૩૨ લાખની મતા ચોરી ગયા હતા. ઘર માલિક ટૂકના બલરામ જૈનાએ પાંડેસરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

પાંડેસરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અજાણ્યા તસ્કરોએ ફરિયાદીના ઘરના દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી સોનાના દાગીના કિંમત રૂા.૧,૩૨૦૦૦ની ચોરી કરી ગયા હતા. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ચ મહિનામાં યુગાન્ડામાં કથાકાર પૂ શ્રી પ્રફુલભાઈ શુક્લની રામ કથા

સુરત

અગામી તારીખ : ૦૭/૦૩/૨૦૨૦ થી ૧૫/૦૩/૨૦૨૦ દરમ્યાન સાંજે ૬ થી ૯ કલાકે આફ્રિકાના યુગાન્ડા ખાતે કથાકાર પરમ પુ. શ્રી પ્રફુલકુમાર શુકલની રામકથાનું આયોજન કરવામાં આવેલ છે અને તે જ સ્થળે સવારે ૧૦ થી ૧૧ કલાકે લીગલ કેમ્પનું આયોજન કરવામાં આવેલુંછે. આ કેમ્પમાંસુરતના સિનિયર એડવોકેટ શ્રીમતિ પ્રીતિ જિશ જોષી દ્વારા યુગાન્ડામાં રહેતા ભારતીયોને ભારતમાં ઉદભવેલા મિલકત, લગ્નવિષયક, વિલ, પાવર વિગેરે અન્વયેના કાયદાકીય પ્રશ્નો અંગે કાનુની સલાહ આપશે અને સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત કાર્ડ એન.આર.આઇ અને એન.આર.જી. માટેની વ્યવસ્થા વિશેની માહીતી આપશે, જેથી એન. આર. આઈ. લોકોને મળતા લાભોની જાણકારી મળી રહે. એડવોકેટ પ્રીતિબેન જોષી આ અગાઉ પણ યુ.કે. (લંડન) ખાતેથાઈલેન્ડ અને દુબઈ ખાતે પણ ભારતીયોને કાયદાકીય સેવા પ્રદાન કરેલી છે. આ વિશેષ કાયદાકીય આંતરરાષ્ટ્રીય સેવા બદલ ઈસ્ટ આફ્રિકાના યુગાન્ડા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસેએડવોકેટ પ્રીતિબેન જોષીનું વિશિષ્ટ સન્માન પણ કરાશે, જે સમગ્રભારત માટે, ગુજરાત માટે અને ખાસ કરીને સુરત માટે ગૌરવની વાત છે. યુગાંડાના પાલામા ૩૦ હજાર ગુજરાતીઓ રહેછે તેમની ઉપસ્થિતી માં ૭ મી એ સાંજે ૫ કલાકે કામ ક્યા થી નિકરી સાંઈ મંદિરે જશે.ત્યાર બાદ રામ કથાના મહત્વ સાથે કથા શરૂ થશે. ૮ મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે યુગાન્ડા ખાતે સુરતના વકીલ શ્રીમતી પ્રીતિ ઝિશેષ જોષીનુંસન્માન થશે. ત્યાર બાદ ૮ મી એશિવ વિવાહ, ૯મી એ રામ જન્મ, ૧૦ મી એ સીતા વિવાહ અને ૧૧ મી એ રામ વનવાસ ના પ્રસગ ભજવાસે . ૧૨ મી એ કેવટ મીલાપ, ૧૩મી એ ભરત મીલાપ, ૧૪ મી એ રામેશ્વર પુજા અને ૧૫ મી એરામ રાજ્ય ની સ્થાપના સાથે કથા વિરામ લશે.

ગેસની લાઈનમાં ભંગાણ સર્જાતા ૨૦ ફૂટ ઉંચા ગેસના ફુવારા ઉડ્યા, મોટી દુર્ઘટના ટળી

સુરત

વલસાડના તિથલ રોડ પર ગેસની લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેથી ૨૦થી ૨૫ ફૂટ જેટલા ઉંચા ગેસના ફુવારા ઉડ્યા હતા. ઘટના બનતા ભરચક એવા તિથલ રોડ પર ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા ગેસ કંપની અને ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી કામગીરી શરૂ કરી હતી.

વલસાડના તિથલ રોડ પર આર એન્ડ બીની ચાલતી કામગીરીમાં બેદરકારી સામે આવી હતી. કોન્ટ્રાક્ટરની બેદરકારીથી જેસેબી ચાલક દ્વારા ગટર ખોદતી વખતે ગેસ લાઈનમાં ભંગાણ સર્જાયું હતું. જેથી ગેસ લાઈન લીકેજ થતા ૨૦થી ૨૫ ફૂટ ઉંચા ગેસના ફુવારા ઉડ્યા હતા. ઘટના બનતા ભરચક એવા



તિથલ રોડ પર ભાગદોડ મચી ગઈ હતી અને વાહનચાલકોમાં પણ અફરાતફરી સર્જાઈ હતી. સદનસીબે કોઈ જાનહાની સર્જાઈ નથી. જોકે, ગેસ લાઈન તૂટતા સમગ્ર વલસાડનો ગેસ પુરવઠો ઠપ થયો હતો. ઘટનાની જાણ થતા ગેસ કંપની અને ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ગેસ બંધ કરી લાઈન રિપેર કરવાની કામગીરી હાથ ધરી હતી.

ચેમ્બરે નેશનલ ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૦ માટે વિવિધ સૂચનો મેળવ્યાં

ચેમ્બરમાં ટેક્ષટાઈલ ક્ષેત્રના પ્રતિનિધિઓ સાથે મિટિંગ યોજાઈ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવારે, ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ટેક્ષટાઈલ પોલિસી ૨૦૨૦ અંગે સરકારમાં રજૂઆત કરવા અર્થેના સૂચનો મેળવવા માટે ખાસ મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ટેક્ષટાઈલ ક્ષેત્રના તમામ સેકટરના પ્રતિનિધિઓ હાજર રહી ખૂબ જ મહત્વના સૂચનોની ચર્ચા કરવામાં આવી હતી. રાજય સરકારના ભુતપુર્વ કેબીનેટ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી પણ ઉદ્યોગપતિ તરીકે આ મિટીંગમાં ખાસ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ આ મિટીંગમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યુ હતુ કે, ટેક્ષટાઈલ ક્ષેત્રના તમામ સેકટરના પ્રતિનિધીઓ પાસેથી સૂચનો મેળવવા માટે અગાઉ પણ ઘણી વખત મિટીંગો કરવામાં આવી છે. અગાઉ મળેલા સૂચનોને આધારે ચેમ્બર દ્વારા જે રીતે રજૂઆતો કરવામાં આવી છે એવી રીતે જ આજની મિટીંગમાં મળેલા સૂચનોને આધારે આગળ પણ રજૂઆત કરવામાં આવશે. તેમણે રાજય તેમજ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવા માટે ટેક્ષટાઈલ સંબંધિત મહત્વના ૧૪ મુદ્દાઓ ઉપર વિવિધ સેકટરના પ્રતિનિધિઓને સૂચનો આપવા અનુરોધ કર્યો હતો. આ મુદ્દાઓમાં ફાયનાન્સ એન્ડ કેપીટલ, એફટીએ, ઈનડાયરેકટ ટેક્ષેશન, સેકટર સ્પેસિફીક ઈન્સેન્ટીઝ, ઈન્ટર-રિલેટેડ પોલિસીઝ, પાર્ક અંગેની પોલિસી, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, વિવિધ યોજનાઓ, એક્ષપોર્ટ પ્રમોશન, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગ સંબંધિત પ્રશ્નો, પર્યાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રકચરનો સમાવેશ હતો.

મિટીંગમાં હાજર રહેલા પ્રતિનિધીઓએ મુખ્યત્વે ફાયનાન્સ એન્ડ બેન્કીંગ સેકટરમાં લોન લેતી વખતે મોર્ગેજ ડીડ કરતી વખતે ઉંચી સ્ટેમ્પ ડયુટી ચૂકવવી પડે છે તે સંદર્ભે ગુજરાત સરકારને રજૂઆત કરવા ચેમ્બરને સૂચન કર્યુ હતુ. છેલ્લા ઘણા સમયથી ફોરેન એક્ષ્ચેન્જ રેટમાં ઉતાર-ચડાવ રહે છે, જેના કારણે આયાતકારોને નુકસાન જાય છે. અહી હેજીંગ અર્થે ચોકકસ પોલિસી ભારત સરકાર તરફથી મળે તેવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. બેંક લોન રિસ્ટ્રકચરીંગના હાલના કાયદા ઘણા પેચીદા હોવાને કારણે ઘણા વાયેબલ બિઝનેસીસને પણ એનપીએ થવુ પડતુ હોય છે, આથી આવા કાયદાઓ બદલવા માટે પણ સૂચન કરવામાં આવ્યુ હતુ. આરબીઆઈને ટર્મ લોન ઉપર રીપેમેન્ટ કરવાનો સમય હાલમાં પાંચથી છ વર્ષનો છે, જે ખૂબ જ ઓછો પડે છે જેની મર્યાદા દસ વર્ષની હોવી જોઈએ તેમ સૂચન કરવામાં આવ્યુ હતુ.

યુરોપિયન યુનિયન જોડે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે આગળ વધવા માટે સરકારને રજૂઆત કરવી જોઈએ તેમ પણ સૂચન કરવામાં આવ્યુ હતુ. હાલમાં ખાસ કરીને અન્ય પાડોશી દેશોમાંથી આયાત થતા તૈયાર ગારમેન્ટ ઉપર નોન ટેરીફ બેરીયર લાદવા સૂચન થયુ હતુ. સર્ટિફિકેટ ઓફ ઓરિજનની ચર્ચા કરવામાં આવી અને તે સંદર્ભે રો મટીરિયલમાંથી ફીનીશ્ડ ગુડ્ઝ પણ જે તે દેશમાં જ બનેલુ હોવુ જોઈએ અને નહીં કે સામાન્ય વેલ્યુ એડીશનને કારણે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો લાભ લે.

એન્ટી ડમ્પીંગ ડયુટીના પ્રશ્નને હલ કરવા માટે પ્રમુખશ્રીના પ્રસ્તાવને ધ્યાનમાં રાખીને ટેક્ષટાઈલના વિવિધ સેકટરના પ્રતિનિધીઓએ એક ખાસ મિટીંગ બોલાવવાનું નકકી કર્યુ હતુ તથા ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાના સૂચનથી એક્ષ્ટર્નલ થર્ડ પાર્ટી એક્ષપર્ટ રાખીને મેમોરેન્ડમ બનાવવાનું નકકી કરવામાં આવ્યુ હતુ.

હાલના જીએસટી રિજીમમાં કાઉન્ટર વેલીંગ ડયુટી તથા સ્પેશિયલ એડવોલેરમ ડયુટી જે ઈપીસીજી લાયસન્સના એક્ષપોર્ટ ઓબ્લીગેશન પરીપૂર્ણ ન કરી શકે તેવા સંજોગોમાં જીએસટી પેટે વેરો ભરી તેની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ મળે તે પ્રકારની સવલત સરકારે સત્વરે જાહેર કરવી જોઈએ.વધુમાં આ મિટીગમાં રાજય સરકારની ટેક્ષટાઈલ પોલિસીમાં જાહેર કરવામાં આવેલી પાવર સબસિડીની ગાઈડલાઈન બનાવવા માટે પણ ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવે તે અંગે ચર્ચા થઈ હતી. વિવિધ મુદ્દાઓ જેવા કે ઈપીસીજી સ્કીમ એ ૩૧ માર્ચ ૨૦૨૦માં એક્ષપાયર થાય છે તેને લંબાવવા તથા એટીયુએફ (એમેન્ડેડ ટેક્ષટાઈલ અપગ્રેડેશન ફંડ) સ્કીમમાં સ્પીનીંગ સેકટરની મશીનરીને પણ આવરી લેવા માટે રજૂઆત કરવામાં આવે તેમ સૂચન કરવામાં આવ્યુ હતુ. 'વન નેશન વન પાવર'ની પોલિસી બનાવવા માટે પણ સૂચન થયુ હતુ. આ અંગે પણ અલગથી મિટીગ બોલાવવાનુ નકકી થયુ હતુ. આ ઉપરાંત સુરતમાં એક વિશાળ ટેક્ષટાઈલ પ્રોસેસિંગ પાર્ક જીઆઈડીસી દ્વારા સ્થાપવામાં આવે તેવો પ્રયાસ કરવામાં આવે તેવો ચેમ્બરને અનુરોધ કરવામાં આવ્યો હતો.રાજય સરકારે જાહેર કરેલી ટેક્ષટાઈલ પોલિસીમાં ઈલેકટ્રીસિટી ડયુટી ટેરીફમાં કન્સેશન આપવાની વાત થઈ હતી. આ હકીકતને ખૂબ લાંબો સમય થઈ ગયો હોવા છતાં સરકાર તરફથી વિવીગ સેકટર તેવો લાભ મળવાથી વંચિત રહેલા છે. આ માટે સરકારમાં તાત્કાલિક રજૂઆત કરી ઠરાવ જાહેર કરવામાં આવે અને તેવો ઠરાવ ટોરેન્ટ પાવર તેમજ જીઈબી સરળતાથી અમલીકરણ કરે અને માહોમાહે તેનો લાભ મળતો થાય તે અંગે રજૂઆત કરવા સૂચન થયુ હતુ.

શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યુ હતુ કે સુરતના ટેક્ષટાઈલ ક્ષેત્ર માટે રાજય અથવા કેન્દ્ર સરકારમાં જે કઈપણ રજૂઆત કરવી પડે ત્યાં તેઓ પોતાનો સંપૂર્ણ સાથ સહકાર આપશે.



સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોન દ્વારા આજે વિવિધ રસ્તાઓ પર માર્જીનની જગામાં બનેલા ઓટલા, રોડ વગેરે સહિતના બાંધકામો તોડી પાડી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા. કતારગામ રોડ ગજેરા સર્કલ પાસેની આ તસ્વીર છે.

સુરતમાં આયોજીત રાજ્ય કક્ષાના એરમેન ભરતી મેળામાં ઉમેદવારો ઉમટી પડયા

સુરત

રાજ્યના ૧૨ સાયન્સ પાસ યુવા અપરિણીત ઉમેદવારો માટે ભારતીય વાયુસેનામાં એરમેન તરીકે જોડાઈ શકે તેવા આશયથી જિલ્લા વહીવટીતંત્ર, દ.ગુ.યુનિ. અને મદદનીશ રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આંગણે આયોજીત ભરતીમેળામાં સૌરાષ્ટ્ર-કચ્છ, અમદાવાદ સહિતના ૧૭ જિલ્લાના ૫૫૦ ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેઓની ફિઝીકલ ફિટનેસ ટેસ્ટ તથા લેખિત પરીક્ષા યોજાઈ હતી. વાયુસેનામાં ગ્રુપ-વાય મેડીકલ આસીસ્ટન્ટર(નોન ટેકનીકલ ટ્રેડ)માં ભરતી યોજાઈ રહી છે.

તા.૧૯મીએ સુરત, આણંદ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, વડોદરા, સાબરકાંઠા, ભરૂચ, ડાંગ, નર્મદા, તાપી, વલસાડ, નવસારી અને ખેડા જિલ્લાના ઉમેદાવારો ભાગ લઈ શકશે. તા.૧૯મીએ સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા દરમિયાન ફિઝિકલ ટેસ્ટ અને લેખિત પરીક્ષા તથા તા.૨૦મીએ એડેપ્ટબીલીટી ટેસ્ટ-૧ અને એડેપ્ટિબિલિટી ટેસ્ટ-૨ લેવામાં આવશે. જેથી દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લાઓના ઉમેદવારોને આ સુવર્ણ તકનો લાભ લેવાનો અનુરોધ કરવામાં આવ્યોછે. ઉમેદવારો ભાગ લેવા માટે https://bit.ly/2tD2JbA લીક પર રજીસ્ટ્રેશન કરાવી શકશે.

ભરતી માટે જરૂરી શૈક્ષણિક લાયકાત, ઉમર અને શારીરિક માપદંડો નિર્ધારિત કરાયા છે. જેમાં મેડિકલ આસિસ્ટન્ટ (નોન ટેક્નિકલ) ટ્રેડ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે સરેરાશ ૫૦ ટકા પાસ અને અંગ્રેજી વિષયમાં ૫૦ માર્ક્સ સાથે પાસ હોવું જરૂરી છે. તા.૧૭/૦૧/૨૦૦૦ થી તા.૩૦/૧૨/૨૦૦૩ (આ બંને દિવસો સહિત) જન્મ થયેલો હોવો જોઈએ. તથા લઘુતમ ઊંચાઈ ૧૫૨.૫ સે.મી. હોવી જરૂરી છે. આ ભરતી પરીક્ષા કમિશન અધિકારી, પાઈલોટ, નેવિગેટર્સ માટે નથી. વાયુસેનાના નિવૃત્ત અધિકારીઓના સંતાનો પણ ભરતીમાં ભાગ લઈ શકશે. વધુ વિગતો માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, સી-બ્લોક પાંચમો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત ખાતે તેમજ એન.સી.એસ.નો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૨૫ ૧૫૧૪ પર પુછપુરછ કરી શકશે. વધુવિગતો માટે આ ભરતી રેલી સંદર્ભે ઇન્ડિયન એરફોર્સની વેબસાઈટ www. airmen-selection.cdac.in પર પ્રસિદ્ધ જાહેરાતમાંથી પણ મેળવી શકશે.

સમૂહ લગ્નમાં એલઆરડી મહિલાઓના સમર્થનમાં જીઆર ઠરાવ રદ કરવા અનોખું વિરોધ પ્રદર્શન

સુરત

લોકરક્ષક દળની ભરતીમાં મહિલા ઉમેદવારોને થયેલા અન્યાયનો મુદ્દો છેલ્લા બે મહિનાથી ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે સુરતમાં એક સમૂહ લગ્નમાં અનોખી રીતે સરકારના જીઆરનો વિરોધ કરવામાં આવ્યો હતો.

સુરતમાં સમૂહ લગ્નમાં એલઆરડી મુદ્દે આંદોલન કરી રહેલી મહિલાને સમર્થન આપવા લગ્નના મંડપ પર સરકારના જીઆરને રદ કરવાની માંગણી કરવામાં આવી હતી. ત્યાં જ આંદોલન કરી રહેલી બહેનોને તન, મન અને ધનથી મદદ કરવા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સાથે જ જો મહિલાની માંગણી નહીં સ્વીકારાય તો આગામી ચુંટણીમાં સરકારને નિર્ણય ભારે પડે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

શ્રી સૌરાષ્ટ્ર તળપદા કોળી સમાજના ૧૭માં સમૂહ લગ્નમાં લોક રક્ષક દળ મુદ્દે ઉપવાસ પર બેઠેલી મહિલાઓને સમર્થન આપવામાં આવ્યું હતું. સ્ટેજ ઉપર અને લગ્ન મંડપ પર સરકારના જીઆરને રદ કરવાની માંગણી કરતા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતાં. સમૂહ લગ્નમાં સરકાર પરિપત્ર પાછો ખેંચે તેવી માંગણી કરવામાં આવી હતી.

હૈદ્રાબાદના ચાર વેપારીઓ દ્વારા રૂા.૯૬.૪૩ લાખની છેતરપિંડી કરાઈ

સુરતના વેપારીએ પેમેન્ટની ઉઘરાણી કરતા ધમકી

સુરત

તેલંગાણાના ચાર વેપારીએ સુરતના વેપારી પાસેથી કુલ રૂપિયા ૯૬.૪૩ લાખની કિંમતનો કાપડનો માલ ખરીદી સમયમર્યાદામાં પેમેન્ટ ચૂકવવાને બદલે જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ એલ.બી. એપાર્ટમેન્ટમાં દુકાન ધરાવતા કાપડ વેપારી સંજય વિષ્ણુપ્રસાદ અગ્રવાલે આરોપી અશ્વિનકુમાર અશોકકુમાર ગુપ્તા (સૂર્યા સાડી, હૈદ્રાબાદ, તેલંગાણા), અજયકુમાર અગ્રવાલ (રીષીકા કોટન પ્રા.લિ., તેલંગાણા), ગોપાલ અગ્રવાલ (રૂપ ક્રિએશન, હૈદ્રાબાદ, તેલંગાણા), પ્રદીપ (અક્ષિતા સાડીઝ, તેલંગાણા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા ૯૬,૪૩૧૧૦ની કિંમતનો કાપડનો માલ ખરીદી સમય મર્યાદામાં પેમેન્ટ ચૂકવવાને બદલે સુરતના વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનાહિત કૃત્ય કર્યું હતું. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વલસાડમાં રેવન્યુ પ્રિમીયર લીગમાં કલેકટર .બી ટીમ ચેમ્પીયન બની

વલસાડ

વલસાડ ડિસ્ટ્રિ કટ ક્રિકેટ એસોસીએશન સરદાર પટેલ ગ્રાઉન્ડા ખાતે યોજાયેલી રેવન્યુ પ્રિમીયર લીગ-૪માં માલતદાર, વલસાડ, પારડી, વાપી, ઉમરગામ, ધરમપુર, કપરાડા અને કલેક્ટિર ઓફિસની બે ટીમ મળી કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી મામલતદાર વલસાડ અને કલેક્ટિર-બી ટીમ વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં મામલતદાર વલસાડની ટીમે ૭૩ રનનો ટાર્ગેટ આપ્યોલ હતો. જે કલેક્ટીર-બી ટીમે ૭.૨ ઓવરમાં પાર પાડી વિજેતા બની હતી. ચિરાગ પટેલને મેન ઓફ ધસીરીઝ અને ગણપત વડેખણીયાને મેન ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો હતો.

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને લોકદ્રષ્ટિ ચક્ષુબેંકની જાગૃતિથી ચક્ષુદાન અને દેહદાન મળ્યું



સ્વ. ગોવિંદભાઇ વિરાભાઈ સાવલિયા

સ્વ.ગોવિંદભાઈ વિરાભાઈ સાવલિયા (ઉ.વ-૮૬)નું અવસાન થતા જેમના પરિવારના સદ્યોગ થી લોકદ્રષ્ટિ ચક્ષુબેંક અને રેડક્રોસ બ્લડ બેંક ના પ્રમુખ એવા ડો.પ્રફુલભાઈ શિરોયા અને દિનેશભાઈ જોગાણી ઉપસ્થિત રહી ચક્ષુદાન- દેહદાન મેળવ્યું હતું .સ્વ.ગોવિંદભાઈ વિરાભાઈ સાવલિયા જેમની ઉમર ૮૬ વર્ષ હતી.જેમનું મુળવતન પીઠવડી જી.અમરેલી છે. જેઓ હાલમાં બી-૬૦૧, નંદનવન એપા.નગીનાવાડી પાસે, કતારગામ, સુરતમાં રહે છે. સ્વ.ગોવિંદભાઈની છેલ્લી ઈચ્છા દેહદાન અને ચક્ષુદાન કરવાની હતી જે ઈચ્છાપૂર્તિ આજ રોજ તેમના પરિવારના સભ્યો ગેસ્વ.રાધાબેન સાવલિયા (પત્ની), ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ સાવલિયા (પુત્ર), વિનુભાઈ ગોવિંદભાઈસાવલિયા (પુત્ર), શાંતીભાઈ ગોવિંદભાઈ સાવલિયા (પુત્ર),મંજુલાબેન મનસુખભાઈ પાંચણી (પુત્રી) તેમજ સાવલિયા પરિવારના સહયોગથી લોકદ્રષ્ટિ ચક્ષુબેંક દ્વારા દેહદાન અને ચક્ષુદાન મેળવીને તેમની છેલ્લી ઈચ્છા પૂર્ણ કરવામાં આવેલ. આ દેહને અગ્નિ સંસ્કાર આપી પંચમહાભૂતમાં વિલિન કરવા કરતા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દેહ ની આંતરિક રચના શીખે તેવા શુભ આશય સાથે સ્વ.ગોવિંદભાઈ દેહનું દાનસિવિલના એનાટોમી વિભાગમાં અર્પણ કરવામાં આવ્યું તેમજ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

આવતા ત્રણ વર્ષમાં સુરતમાં ૩૦ હજાર કરોડનું રોકાણ થવાનું છે : કમિશનર

સુરત

બજેટ માટેની સામાન્ય સભામાં સભ્યો દ્વારા ઝોન કક્ષાએ કરવા યોગ્ય ફરિયાદો રજૂઆતો સાંભળીને કમિશનર બચ્છાનિધિ પાનીએ સભાગૃહને સંબોધતા જણાવ્યું હતું કે, પાલિકાને આવકની જરૂર છે. પ્રોપર્ટી ટેક્સમાં છેલ્લા ૧૦ વર્ષથી વધારો થયો નથી. વાહન વેરામાં વધારો થયો નથી. પાલિકાના ખર્ચમાં ક્યાં ઘટાડો કરી શકાય તે અંગે ચર્ચા થવી જોઈએ. આગામી ૩ વર્ષમાં સુરતમાં ૩૦ હજાર કરોડનું રોકાણ કરીને વિભિન્ન પ્રોજેક્ટો જેવા કે મેટ્રો, રિવરફ્રન્ટ, આઉટર રિંગરોડ, ડુમસ સીફેઝ જેવા પ્રોજેક્ટો સાકાર થવાના છે. ૧૫માં નાણાં પંચની ગ્રાંટ સુરતને કેવી રીતે મળે તે અંગે વિચારણા કરો. વર્લ્ડ બેંકની લોન કેમ મળે તેવી ચર્ચા થવી જોઈએ.

મેટ્રો, આઉટર રિંગરોડ, રિવરફ્રન્ટ અને ડુમસ સીફેઝ પ્રોજેક્ટ સાકાર થશે : બચ્છાનિધિ પાની

ચીખલી ચીલ્ડ્રન હોમની મુલાકાત લેતા કલેક્ટર આદ્રા અગ્રવાલ

તરછોડાયેલા નવજાત શિશુનું નામકરણ કરાયું

નવસારી

નવસારી જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે ચીખલી-ખુંધ ખાતે આવેલી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ અને સ્પેશ્યલ એડોપ્શન એજન્સીની મુલાકાત લીધી હતી. આ અવસરે તેમની સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી અમિતાબેન પટેલ ઉપસ્થિત રહયાં હતાં. ખુંધની ચિલ્ડ્રન હોમ ખાતે એક તરછોડાયેલ નવજાત શીશુને નામ આપવામાં આવ્યું હતું તેમજ આ સંસ્થામાં સંભાળ મેળવતા તમામ બાળકોની મુલાકાત કરી બાળકોની રૂચી અને પ્રશ્નો સાંભળ્યા હતાં. સાથે જિલ્લા બાળ સુરક્ષા સમિતિ અને બાળ કલ્યાણ સમિતિની ત્રિમાસિક બેઠકમાં બાળ વિષયક વિચારણાઓ અને સૂચનો કરવામા આવ્યા હતાં. બેઠકમાં બાળ કલ્યાણ સમિતિના સભ્યો, પોલીસ વિભાગ, સમાજ સુરક્ષા અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા બાળ સુરક્ષા એકમની ટીમ ઉપસ્થિત રહી હતી.

સચીનમાં બે સ્થળો પરથી સેન્ટિંગની પ્લેટો ચોરાઈ ગઈ

સુરત

સચીન કનકપુર અને ગુ.હા. બોર્ડ વિસ્તારમાંથી અજાણ્યા તસ્કરો કુલ રૂપિયા ૧૭૮૦૦ની કિંમતની ૨૬ જેટલી સેન્ટિંગની પ્લેટો ચોરી કરી ગયા હતા. સચીન કનકપુર સાંઈનાથ સોસાયટી ઘર નં.૪ પાસેથી ચોરાયેલી સેન્ટિંગની પ્લેટો અંગે સંજુભાઈ કૈમાનાભાઈ પાટીલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સચીન ગુ.હા. બોર્ડ આશાપુરી સોસાયટીમાં ચોરાયેલી સેટિંગની પ્લેટો અંગે નંદકિશોર બલરામ ગુપ્તાએ ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, નજીક નજીકમાં આવેલા બાંધકામ સ્થળેથી સેન્ટિંગની પ્લેટો ચોરાવાની બે ઘટના બનતા આ વિસ્તારમાં ચોક્કસ ચોર ટોળકી સક્રિય બની હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

સામાન્ય સભામાં બીજા દિવસે બજેટની ચર્ચા

વડોદના જર્જરીત આવાસ ધારકોની વેદના રજૂ કરતા કોર્પોરેટર ભારતીબેન તિવારી રડી પડ્યા

સુરતમાં નજીકના દિવસોમાં બ્રીજ અને ઓવરબ્રીજોની કુલ ૧૪૧ સુધી પહોંચી જશે : સામનાથ મરાઠે

સુરત

સુરત મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બજેટ માટેની વિશેષ સામાન્ય સભામાં મેયર દ્વારા દરેક સભ્યોને પૂરતો સમય ચર્ચા માટે આપ્યો હોવાથી ગતરોજની અધુરી ચર્ચા આજે સવારે શરૂ થઈ.

બીજા દિવસની ચર્ચા દરમ્યાન ડુંભાલ વિસ્તારના કોર્પોરેટર વિજય ચૌમાલ દ્વારા પર્યાવરણ અને સ્મીમેર હોસ્પિટલ સંબંધે પોતાની વાત રજૂ કરી હતી. વિભિન્ન પ્રકારના પ્રદૂષણોની શહેરીજનોના સ્વાસ્થ્ય પર આડ અસર થાય છે. જાગૃત શહેરીજનોએ પર્યાવરણનું રક્ષણ કરવાની જવાબદારી બને છે. સ્મીમેર હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા કેટલાક મહિના દરમ્યાન સ્મીમેર હોસ્પિટલમાં ઓપીડી અને ઈન્ડોર દર્દીઓની સંખ્યાની માહિતી આપવામાં આવી હતી.

ભેસ્તાન વિસ્તારમાંથી કોંગ્રેસના મહિલા સદસ્ય ભારતી તિવારી દ્વારા સામાન્ય સભામાં બજેટની ચર્ચા દરમ્યાન કહ્યું કે અમારા વિસ્તારમાં ગંદકી અને રોગચાળાની સમસ્યા વધુ છે. વડોદ આવાસ ટૂંક સમયમાં જ જર્જરીત થઈ ગયા છે. ડીમોલીશન અસરગ્રસ્તોને ફાળવેલા આવાસો માત્ર ૩ વર્ષમાં જ ખખડધજ થઈ ગયા. ગરીબ શ્રમજીવી પરિવારોની હાલત અત્યંત કફોડી બની છે. આ વાત કહેતી વખતે ભારતી તિવારી સભાગૃહમાં રડી પડ્યા હતા. ત્યારે ડે.મેયર નિરવ શાહે કહ્યું કે આવાસની જાળવણી કરવાની જવાબદારી ફ્લેટ ધારકોની હોય છે. ૨૫ વર્ષ બાદ જ રિડેવલપમેન્ટ થઈ શકે તેમ છતાં વિશેષ કિસ્સામાં રિડેવલોપ અંગે વિચાર કરાશે.

આજે બીજા દિવસે બજેટની ચર્ચામાં કોંગ્રેસના મહિલા સદસ્ય જ્યોતિ સોજીત્રાએ જણાવ્યું હતું કે, શિક્ષણ સમિતિ દ્વારા બાળકોને અપાતુ મધ્યાહન ભોજનનું ગુણવત્તા કથળેલી છે. દર વર્ષે શિક્ષણ માટે બજેટમાં વધારો થાય છે. છતાં પણ વિદ્યાર્થીઓની સંખ્યામાં કેમ ઘટાડો થાય છે. સમિતિની સ્કૂલોમાં બાળકો કેમ ઓછા થયા તેની ચિંતા કેમ નથી કરી? બાળ મજૂરીનું પ્રમાણ ઘટાડવું હોય તો બાળકોને તેમના રસ રૂચીના વિષયમાં મદદરૂપ થવું જોઈએ. વિદ્યાર્થીઓને ફુલ પેન્ટ શર્ટ આપવું જોઈએ. વરાછા ઝોન બીમાં અંગ્રેજી માધ્યમની સ્કૂલ અને સુમન હાઈસ્કૂલ આપો, સરથાણા વિસ્તારમાં ગાર્ડન આપો, ત્રણ વર્ષ અગાઉ સર્કલ બનાવવા માટે ડીમોલીશન થયું ત્યાં સર્કલ ન બન્યું પરંતુ કોલા ઠંડા પીણાની લારીના દબાણો વધ્યા, ટી.પી. ફાઈનલ ન હોવા છતાં વરાછા ઝોન બીની ઓફિસ બની, પરંતુ રસ્તો ખોલવામાં આવ્યો નથી. વરાછા વિસ્તારમાં જુદા જુદા વારે ભરાતા બજાર બંધ કરી સપ્તાહમાં એક જ વારે માત્ર મહિલા માટેનો માર્કેટ ભરાવુ જોઈએ. વરાછા ખાડીમાં આજે પણ ગટરનું ગંદુ પાણી આઉટલેટ ચાલુ છે તેને તાત્કાલિત બંધ કરો. વરાછા ઝોન બીમાં મહિલા સ્વીમિંગ પુલ, વોટર પાર્ક, મ્યુનિસિપલ શોપિંગ સેન્ટર બનાવો, તાપી રિવરફ્રન્ટ અમદાવાદ કરતા પણ સારો બનાવજો.

જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષ સોમનાથ મરાઠેએ બજેટની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે પુણા વિસ્તારમાં બે સ્કૂલો શરૂ કરી એક સુમન હાઈસ્કૂલ શરૂ થવાની છે. બે સ્કૂલોને મંજૂરી આપી છે. ઉધના ઝોનમાં ૧ હિન્દી માધ્યમની સુમન હાઈસ્કૂલ બાદ ભેસ્તાન સિદ્ધાર્થ નગર ખાતે હયાત સ્કૂલ તોડી નવી સ્કૂલનું લોકાર્પણ કર્યું. ભીડભંજન સોસાયટી ખાતે સ્કૂલ બનાવી જલારામનગર ખાતે લાયબ્રેરીનું લોકાર્પણ થયું. છેલ્લા ચાર વર્ષમાં આરડીડી વિભાગ દ્વારા સીસી રોડ બનાવવાને વધારે મહત્ત્વ આપ્યું છે. શહેરમાં નવા બ્રીજોનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં શહેરમાં કુલ બ્રીજોનો આંકડો ૧૪૧ સુધી પહોંચશે. આ ઉપરાંત શહેરના તમામ ૮ ઝોનમાં વિવિધ વિકાસના કાર્યો પ્રગતિ હેઠળ છે. કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી ટેનામેન્ટવાસી માટે ડસ્ટબીન ફાળવવાનું આયોજન કરો. ગ્રાંટમાં વધારો કરો, સોસાયટીમાં પ્રાથમિક સુવિધા સોસાયટી ડેવલોપ, વેલકમગેટ, સુશોભન માટે પણ ફાળવાવી જોઈએ. સુરતથી ઉધના-ભેસ્તાન રેલવે સ્ટેશન સુધી રસ્તાની કનેક્ટીવિટી આપો તોસુરત રેલવેના ટ્રાફિકને હળવો બનાવી શકાય. રેલવે પાટાના સમાંતર ઝુંપડાઓ દૂર હટશે. દારૂ-જુગાર ગાંજાનું દુષણ પણ દૂર થશે.

બીઆરટીએસ રૂટમાં સ્વિંગ ગેટ એજન્સી દ્વારા ૨૭૬ના બદલે ઓછાગેટ લગાવ્યા છે. કોન્ટ્રાક્ટર પર કાર્યવાહી થવી જોઈએ. મને ખોટી માહિતી આપવામાં આવનાર સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

બજેટની ચર્ચામાં ભેસ્તાન વિસ્તારથી કોંગ્રેસના નગરસેવક સતીષ પટેલે ભાગ લેતા જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળામાં શિક્ષિકા વ્યસન કરીને આવ્યા ન હતા. પરંતુ શાળામાં જ વ્યસન કર્યું તે કેટલું યોગ્ય કહેવાય. ઉન, બમરોલી બાદ ભેસ્તાનમાં ફાયર સ્ટેશન આપો. ભેસ્તાન ગાર્ડનની સિક્યુરિટી ખાનગીના બદલે મનપાની સિક્યુરિટી ફાળવો આજે ત્યાં સિક્યુરિટીને શોધવી પડેછે. ભેસ્તાન ગાર્ડનમાંથી બંધ હાલતની ઘડિયાળ કાઢી નાંખો, સુધારવાની શક્યતા ઓછી છે. ડિમોલીશનના અસરગ્રસ્તો માટે દુકાનો એવી જગ્યા પર બનાવવામાં આવે છે કે ત્યાં કોઈ દુકાન લેવા તૈયાર નથી. મનપાના કરોડો રૂપિયાનો વ્યર્થ ખર્ચ થયો. અધિકારીઓ આવી જગ્યા પર દુકાનો બનાવે તે પહેલાં તે વેચાશે કે નહીં તેનો વિચાર કરવો જોઈએ. ૧૧ કરોડનો ખર્ચ થયો પણ નકામો.



ટેન્કર દ્વારા ગેરકાયદેસરના કેમિકલ નિકાલનું કોભાંડ

પાનોલી જીઆઈડીસીની જય-મહાકાલી કેમિકલ કંપનીમાં તપાસનો રેલો







એક જ ટેન્કર બીજી વખત ઝડપાય છે એજ બતાવે છે કે ગુન્હેગારોમાં ડર નથી

અંકલેશ્વર

ગત જાન્યુઆરી ની ૧૩ તારીખે ટેન્કર ન. GJ-15-UU-1733 અંકલેશ્વર/પાનોલી તરફથી કીમ તરફ જતા હાઈવે પર પાલોદ જી.સુરત પાસે કોઈક કારણો સર બિન વારસી હાલત માં મૂકી ડ્રાઈવર ફરાર થયો હતો. સ્થાનિકો દ્વારા ચકાસણી કરાતા ટેન્કર માં કેમિકલ ભરેલ હોવાનું જણાતા તેમજ વાસ આવતી હોવાને કારણે અને હાઈવે ના મુખ્ય રસ્તા પર ટ્રાફિક ને અવરોધ રૂપ મુકાયેલ આ ટેન્કર બાબત ની જાણ સ્થાનિક પોલીસ ને કરાઈ હતી.

જે અંગે ની જાણ જીપીસીબી સુરત ના અધિકારીઓ ને થતા અધિકારીઓ દ્વારા સેમ્પલો લઈ આગળ ની કાર્યવાહી માટે કોસંબા પોલીસ ને જણાવ્યું હતું. જ્યાં પોલીસે તપાસ કરતા ટેન્કર માલીક ની કબૂલાત ના આધારે આ ટેન્કર પાનોલી ની જય મહાકાલી કેમીકલ કપની માંથી ભરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું અને તે વિગત પોલીસ દ્વારા જીપીસીબી સુરતને આપવામાં આવી હતી, જીપીસીબી સુરત દ્વારા રીપોર્ટ ગાંધીનગર ની વડી કચેરી ને મોકલવામાં આવ્યો હતો. ગાંધીનગર ની વડી કચેરી ના અંકલેશ્વર વિસ્તાર ના યુનિટ હેડ ના આદેશ મળતા જીપીસીબી અંકલેશ્વર ના અધિકારીઓ એ પાનોલી ખાતે આવેલ પ્લોટ ન.૪૦૮/૩ માં આવેલ આ શંકાસ્પદ કંપની ''જય મહાકાળી કેમીકલ'' માં તપાસ હાથ ધરી છે. હાલ પાનોલી ની આ કંપની માં તપાસ થઈ રહી છે એ પોલીસ તરફથી મળેલ કંપની ના નામ અને જીપીસીબી સુરત ના રીપોર્ટ ના આધારે તપાસ થઈ રહી છે સાચી હકીકત તો જીપીસીબી અંકલેશ્વર ની અંતિમ તપાસ ના આધારે જ નક્કી થશે હાલ તો તપાસ ચાલુ હોવાથી વધુ વિગત મળી શકી નથી.

જાન્યુઆરી ની ૧૩ તારીખે જે ટેન્કર ન. GJ-15-UU-1733 પાલોદ જીલ્લા સુરત પાસે પકડાયેલ છે એજ ટેન્કર ૮ મહિના પેહલા એટલે કે તારીખ ૨૨-૦૫-૨૦૧૯ ના રોજ પણ પાલોદ ગામ પાસે ટેન્કર માંથી કેમિકલ ખાલી કરતા સ્થાનિકો દ્વારા ઝડપાયેલ હતો અને પોલીસ FIR 125/2019 થી ગુન્હો નોંધી કાર્યવાહી પણ થઈ હતી. તહોમતદાર તરીકે ટેન્કર ના માલિક પ્રદીપ ભાઈ નંદલાલ સરોજ ગામ પાલોદ ને બતાવેલ હતો અને વધુ માં ટેન્કર માલીકે કબુલ કર્યું હતું કે તેમનું અન્ય ટેન્કર પણ વલસાડ પોલીસ હાથે ઝડપાતા પોલીસ ના કબજા છે. જે તે વખતે પણ ટેન્કર ચાલક સ્થળ પર થી ફરાર થઈ ગયો હતો. અને ૧૩ જાન્યુઆરી ની રાત્રે પણ પકડાઈ જવા ના ડર થી ટેન્કર હાઈવે પર જ મૂકી ફરાર થયેલ છે.


અંકલેશ્વર-પાનોલી-વાપી ના ઉદ્યોગો નું ગેરકાયદેસર નું કેમિકલ નિકાલ માટે કીમ વિસ્તાર સલામત સ્થળ માનવામાં આવી રહ્યું છે જ્યાં પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય માટે ગંભીર નુકશાન થઈ રહ્યું છે. સ્થાનિક ધારાસભ્ય શ્રી આનંદ ચોધરી સાહેબ દ્વારા જીલ્લા સંકલન ની સમિતિ ની બેઠક માં જીલ્લા કલેકટર શ્રી ધવલ સાહેબ ને રજૂઆત કરી હતી કે કીમ નદી ના કિનારે આવેલ ગામો માં કેન્સર ના અનેક બનાવો બન્યા છે. જે આધારે સુરતજીલ્લા આરોગ્ય ટીમ દ્વારા પાંચ ગામો માં સર્વે કરવામાં આવ્યું હતું જેમાં ૯ જેટલા કેન્સર ના દર્દીઓ ની સંખ્યા આપવામાં આવી હતી. કેન્સર ના દર્દીઓ ની સંખ્યા માં વધારો થઈ રહ્યો છે જેના અનેક કારણો માં મુખ્ય કારણ કેમિકલ યુક્ત પાણી જે નદી-નાળા માં ગેરકાયદેસર ઠલવાય છે જેનાથી ભૂગર્ભ જળ પણ પ્રદુષિત થયા છે.

''જય મહા કાલી કેમિકલ'' ના નામે ચાલતી આ કમ્પની ના કથિત મહા-કાળા કરતૂતો થી માતા જય મહા કાલી પણ ક્રોધિત થાય તો નવાઈ નહી. ગેરકાયદેસર ના કેમિકલ નિકાલ ના કોભાંડ માં ઓદ્યોગિક એકમો સાથે અનેક અસામાજિક તત્વો આ કોભાંડો માં શામેલ છે. આ બાબતે અનેક ઉચ્ચસ્તરીય ફરિયાદો પર્યાવરણ વાદીઓ તરફથી પણ થઈ છે. જેના અનુસંધાને અનેક પરિપત્રો બહાર પાડવામાં આવ્યા છે. હાલ માજ જાહેર થયેલ પરિપત્ર મુજબ રાત્રી ના સમયે ટેન્કરો ની અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમ છતાં આવા અનેક વખત કિસ્સાઓ બનતા આવ્યા છે જે બતાવે છે કે ગુન્હેગારો માં તંત્ર નું ડર નથી અને એટલેજ તો એક જ ટેન્કર ફરી વખત એજ સ્થળે કોભાંડો કરતા પકડાય છે જેથી તંત્ર ની કાર્યવાહી શંકા ના દાયરા માં આવે છે. ફરિયાદ થાય છે ત્યારે જ કાર્યવાહી થાય છે. અને થતી કાર્યવાહી પણ ધીમી ગતિએ થતી હોય છે. ઉપરોક્ત કિસ્સા માં પણ બનાવ ને એક મહિના થી વધુ સમય વીતી ગયા પછી પણ હજી પણ તપાસ એક ઓફીસ થી બીજી ઓફીસ કાગળ પર જ થઈ રહી છે. અને અંકલેશ્વર જીપીસીબી તરફથી હવે તપાસ શરુ કરી છે અને કંપની પાસે વિગત માંગવામાં આવી છે. જો કે આ વીતેલ સમય દરમ્યાન કથિત ગુન્હેગાર કપની કે જેને બીજે દિવસે ખબર પડી ગઈ હશે કે તેનું ટેન્કર ઝડપાયેલ છે અને તપાસ નો રેલો તેની કંપની સુધી ગમે ત્યારે આવી શકે એમ છે તો બચવા માટે તેણે અનેક પ્રયાસો કર્યા હશે જેમાં કંપની માં પુરાવા નો પણ નાશ કર્યો હશે કે રેકર્ડ માં ફેરફાર કર્યા હોવા ની શક્યતાઓ રહેલી છે. અને આ કમ્પની નો ભૂતકાળ પણ ખરડાયેલો છે અગાઉ પણ જીપીસીબી એ કાર્યવાહી કરી હતી. જોકે માલિકો બદલાયા કરે છે હાલ પણ નવા માલિકો છે. પરંતુ કાર્ય-પદ્ધતિ જૂની જ ચાલતી હોવાનો ગણગણાટ છે.

કેટલાક ઓદ્યોગિક એકમો વધુ ને વધુ નફો કરવાની લાલચ માં પોતાનો વેસ્ટ વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની જગ્યાએ ગેરકાયદેસર નિકાલ કરી પર્યાવરણ ના કાયદાઓ ખુલ્લેઆમ ઉલ્લઘન કરતા હોય છે જેનાથી પર્યાવરણ નું નિકંદન થતું હોય છે.

ભગવાન ના નામે કે ''માતા'' નું નામ આપી પેઢીઓ ચલાવતા લોકો સૃષ્ટી ના સર્જનહાર ભગવાને સર્જેલ સૃષ્ટીના સુંદર કુદરતી પર્યાવરણ ને હાની પોહ્ચાડે ત્યારે ભગવાન પણ ક્રોધિત થતા હશે. અને ભગવાન જયારે ક્રોધિત થશે અને કુદરત ના પ્રકોપ સામે માનવ તાકત ટુકી પડશે જેનો નમુનો ચાઈના નો કોરોના વાઈરસ આપની સમક્ષ છે જેનો બોધપાઠ લેવો જરૂરી છે. માટે આવા કાળા કૃત્યો અંકુશ માં આવે એવી પ્રજા ની લાગણી અને માંગણી છે .અંતે જીપીસીબી કોસબા ના ટેન્કર પ્રકરણમાં તટસ્થ તપાસ હાથ ધરી જવાબદારો સામે કડક માં કડક કાર્યવાહી કરે તે અત્યંત જરૂરી છે નહી તો કેટલાક બેફામ ઉદ્યોગો પર્યાવરણ ને હાની પોહ્ચાડતા અટકશે નહી.

નાંદોદ તાલુકાના કુંવરપુરા સ્થિત કેન્દ્ર પાછળના ખેતરમાં ફરતો દીપડાનો આખરે પાંજરે પુરાતા લોકોમાં રાહત



છેલ્લા ત્રણેક દિવસથી આ વિસ્તાર માં દેખા દેતા દીપડાથી આસપાસ ના ગ્રામજનો ફફડતા હોય વન વિભાગે પાંજરું ગોઠવતા આખરે પાંજરે પુરાયો

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અનેક ગામોમાં અવાર નવાર દીપડા ફરતા જોવા મળે છે જેના કારણે લોકો ફફળી રહ્યા હોય ત્યારે વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવવામાં આવે છે અને જ્યારે દીપડા પાંજરા માં કેદ થાય ત્યારે સ્થાનિકો રાહતનો શ્વાસ લેતા હોય છે.

હાલ છેલ્લા ત્રણેક દિવસ થી નાંદોદ તાલુકાના કુવરપુરા પાસે આવેલા સિત કેન્દ્ર પાછળ ના ખેતર માં એક દીપડો ફરતો જોઈ સ્થાનિક લોકોમાં ફફડાટ ફેલાયો હતો ત્યારે આ બાબતે પરેશભાઈ પટેલ ની ફરિયાદ બાદ RFO સોનજીભાઈ તડવીના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર અક્ષય પંડ્યા તથા બીટગાર્ડ રાજેન્દ્રસિંહ જાદવ અને ટીમે ત્યાં પાંજરું ગોઠવ્યું હતું જેમાં આજે સવારે દીપડો ખોરાકની લાલચમાં આવતા આ પાંજરામાં કેદ થતા સ્થાનિક લોકોએ રાહત મેળવી હતી.

સાગબારાના દેવમોગરા મંદિર પાછળ એક્ટિવા પર લઈ જવાતો વિદેશી દારૂ ઝડપી પાડતી LCB નર્મદા



કુલ રૂ. ૨૮,૮૦૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે દેવમોગરાથી એક્ટીવા ચાલકને ઝડપી લીધો

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહના માર્ગદર્શન હેઠળ એ.એમ.પટેલ,પોલીસ ઇન્સ્પેકટર LCB એ પોલીસ સ્ટાફને જીલ્લામાં પ્રોહીબીશનની બદી નાબુદ કરવા આપેલી સુચના અનુસાર એલસીબી પીએસાઈ સી.એમ.ગામીત તથા એલસીબી પોલીસ સ્ટાફ મારફતે જીલ્લામાં આગામી શીવરાત્રીના તહેવાર બાબતે દેવ- મોગરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમીના આધારે દેવમોગરા મંદિરની પાછળ આવેલ ફોરેસ્ટ કવાર્ટર ની નજીક વિદેશી દારૂ ઉતરેલાની માહીતી મળતા પો.સ.ઈ. એલ.સી.બી.તથા ટીમે ત્યાં રેઇડ કરતા શીવજી ગમાભાઇ વસાવા રહે. ઉમરાણ તા.ડેડીયાપાડાને નંબર વગરની એક્ટીવા પર વિદેશી દારૂ તથા બીયર મળી કુલ કિ.રૂ. ૨૮,૮૦૦/-તેમજ એક્ટીવા કિ.રૂ.૫૦,૦૦૦/- તથા મોબાઇલ-૧ કિ.રૂ.૨૦૦૦/- મળી કુલ રૂ.૮૦,૮૦૦/-ના મુદ્દામાલ સાથે અટક કરી આ બાબતે આરોપી તથા મુદ્દામાલ સાગબારા પો.સ્ટે.ને સોંપી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

સૂર્યા મરાઠી હત્યા કેસમાં ફરિયાદી અમોલની ષડયંત્રમાં સંડોવણી

સુરત

સૂર્યા મરાઠા હત્યા કેસમાં સંકળાયેલા ચાર આરોપીઓની ચોકબજાર પોલીસે ધરપકડ કરી સાંજ સુધીમાં કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માંગવામાં આવશે. એવું ચોક પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવ્યું હતું. જોકે, સૂર્યા મરાઠી હત્યા કેસમાં ખુદ ફરિયાદીનું નામ હત્યા કેસના કાવતરામાં ખુલતા તેની પણ પોલીસે ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચોક વેડરોડ પરનો ખંડણીખોર સૂર્યા મરાઠીની તેની ઓફિસમાં ઘાતકી હત્યા કરવામાં આવી હતી. ચોક પોલીસે આઈપીસી ૩૦૨ મુજબનો ગુનો નોંધી રાહુલ એપાર્ટમેન્ટ તથા સતીષ ધાગડે નામના બે આરોપીઓની ધરપકડ કરી રિમાંડ મેળવ્યા હતા. આ રિમાન્ડ દરમ્યાન પોલીસે તેઓની કડક પૂછપરછ હાથ ધરતા અન્ય ત્રણ નામો કાવતરામાં ખુલ્યા હતા. મૂળ ઉત્તરપ્રદેશ ગોરખપુરના વતની અને હાલમાં વેડરોડ વિશ્રામનગર ખાતે રહેતા શફીઉલ્લાહ મોહંમદ શફી શેખ, ફરિયાદી અમોલ તુકારામ જીતે (સિંગણપોર) તથા યુ.પી.ના સુલતાનપુર જિલ્લાના વતની અને હાલમાં વેડરોડ ત્રિલોકનગર ખાતે રહેતા અને દૂધનો વેપાર કરતા રોહિત ઉર્ફે મુન્નો દૂધવાળા શુકલાની ગત સાંજે ૬.૩૦ કલાક તથા વિકાસ ઉર્ફે વીકીયાની ધરપકડ કરી હતી. આજે તમામને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે. એવું ચોક પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવ્યું હતું.

ગરુડેશ્વર ખાતે આવેલી ઈલેક્ટ્રોનિકની દુકાનમાંથી ૨.૪૮ લાખના મોબાઈલ અને ટીવીની ચોરી

ચોરો એક જીપ માં આવ્યા હોય દુકાન બહારનો સીસીટીવી કેમેરો ઊંચો કરી ચોરીને અંજામ આપ્યો, પાડોશી જાગી જતા બાકીનો સામાન બચી ગયો

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

નર્મદા જિલ્લા માં હાલ એક બાદ એક ચોરીના ગુના પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે છતાં ચોરો હજુ પોલીસ પકડમાં આવતા નથી ત્યાં ગતરાત્રે ગરુડેશ્વર ખાતે વધુ એક ચોરી થતા પોલીસ ના રાત્રી પેટ્રોલિંગ પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

રાજપીપળામાં રહેતા સજ્જદભાઈ મેમણ નામના વેપારી એ ચાર મહિના પહેલાજ ગરુડેશ્વર ખાતે સેલ્સ પ્લાઝા નામની ઈલેકટ્રોનિક ની દુકાન શરૂ કરી હતી આ દુકાન માં ગતરાત્રે કોઈ અજાણ્યા વ્યક્તિઓ જીપ લઈ આવી દુકાનનું સટર વચ્ચે થી ઊંચું કરી અંદર મુકેલા



રાજપીપળા અને ગરુડેશ્વરમાં ઈલેક્ટ્રોનિકની દુકાન ધરાવતા વેપારીની ગરુડેશ્વર ખાતેની દુકાનનું શટર વચ્ચેથી ઊંચું કરી ૧૭ મોબાઈલ અને ૨ એલઈડી ટીવીની ચોરી કરી અજાણ્યા ચોરો ફરાર

મોબાઈલ, ટીવી સહિતના સામાન માંથી ૧૭ નંગ મોબાઈલ જેની કિંમત રૂ.૨,૧૮,૦૦૦/-તેમજ એલસીડી ટિવી-૨ નંગ કિંમત રૂ.૩૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૨,૪૮, ૦૦૦/-ના સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.ચોરો એ દુકાની બહાર લાગેલો સીસીટીવી કેમેરો ઊંચો કરી ચોરીને અંજામ આપ્યો હતો.જીપ લઈ આવેલા ચોરો વધુ સામાનની ચોરી કરે તે પહેલાજ પાડોશી જાગી જતા ૧૭ મોબાઈલ અને ૨ ટીવીની ચોરી કરી ચોરો ભાગી છૂટ્યા હતા.

આ બાબતે દુકાન માલીક સજ્જદભાઈ મેમણની ફરિયાદના આધારે પોલીસે ત્યાંના સીસીટીવી ફૂટેજ ચેક કરી ચોરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી:આદિવાસીઓએ પોતાની સમસ્યાઓ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પને ઉદ્દેશીને લેખિત રજુઆત કરી



(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું જ્યારે ભૂમિપૂજન થયું ત્યારથી લઈ લોકાર્પણ થયું ત્યાં સુધી એ વિસ્તારના આદિવાસીઓ પોતે આ પ્રોજેકટમાં ગુમાવેલી જમીનો, સ્થાનિકોને રોજ ગારીમાં પ્રાથમિકતા સહિત અનેક મુદ્દે લડત ચલાવી રહ્યા છે.પરંતુ એમના પ્રશ્નોનું નિરાકરણ આવતું હોય એમ લાગતું નથી.સ્ટેચ્યુ ઓફ યુનિટી પર જયારે પણ મોદીનો, ગુજરાતના મુખ્યમંત્રીનો અથવા કોઈ પણ મંત્રીનો કાર્યક્રમ હોય એ દરમીયાન આદિવાસી ઓ પોતાની માંગ મુદ્દે વિરોધ પ્રદર્શન કરતા હોય છે.હવે તેઓ પીએમ મોદી,ગુજરાતના સીએમ રૂપાણીને રજુઆત કરીને થાકી ગયા હોય એમ પોતાના વિવિધ પ્રશ્નો મુદ્દે પી.એમ મોદીનો છેદ ઉડાવી સીધો જ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને લેખિત રજુઆત કરી પોતાની સમસ્યા ઓ મુદ્દે ભારત અને ગુજરાત સરકાર વચ્ચે મધ્યસ્થી કરવાની માંગ કરી છે.

ઈન્ડીજિનસ આર્મી ઓફ ઈન્ડિયાના સંસ્થાપક અને ઘણા વખતથી સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર નર્મદા ડેમ વિસ્થાપીતો સાથે લડત લડતા ડો.પ્રફુલ્લ વસાવા,ડો. શાંતિકર વસાવા,લખન મુસાફિર, શૈલેન્દ્ર તડવી સહિત મોટી સંખ્યામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસી ઓ રાજપીપળા ગાંધીચોક ખાતે ધરણાં પ્રદર્શન કરી રહ્યા છે.તેઓની માંગ છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિકાસ સત્તા મંડળ નોટિફિકેશન તુરંત રદ કરો.અને હવે વિકાસના નામે આદિવાસીઓ પાસેથી જમીનો છીનવી લેશો નહિ, અહીંયા સ્થાનિકોને રોજગરીમાં પ્રાથમિકતા આપો.તમામ આગેવાનોએ પીએમ મોદી, ગુજરાત સીએમ રૂપાણીનો છેડ ઉડાવી સીધા જ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પોતાની સમસ્યાઓનું સમાધાન માટે મધ્યસ્થી કરવા લેખિત રજુઆત પણ કરી છે.

એમણે જણાવ્યું છે કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ તરીકે જયારે તમે ભારત આવી રહયા છો ત્યારે દુનિયાની સૌથી ઉંચી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેનાથી આદિવાસી સમુદાય અને પર્યાવરણનો જે વિનાશ થઈ રહ્યો છે તે પણ જોતાં જજો, જાણતાં જજો અને મદદ કરતાં જજો. UNO (યુનાઈટેડ નેશન્સ) પણ માને છે કે જો આ દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવવી હોય તો આદિવાસી જીવનશૈલી દરેક મનુષ્યએ અપનાવવી પડશે.ભારત દેશમા જયાં જયાં આદિવાસી રહે છે ત્યાં તેમણે પર્યાવરણને સાચવી રાખ્યું છે.ભારત માટે શરમજનક વાત એ છે કે કેન્દ્ર અને ગુજરાત રાજય સરકાર આજે આદિવાસી જીવનશૈલીને ભુલી આંધળા વિકાસ પાછળ દોડી રહી છે.

દુનિયાની સૌથી મોટી પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે આદિવાસી સમુદાય અને પર્યાવરણ માટે ખતરારૂપ બની રહી છે.અને આદિવાસીઓ આ ગંભીરતા અંગે ગુજરાત રાજયના રાજયપાલ, મુખ્યમંત્રી, ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વારંવાર લેખિત રજુઆતો કરી ચુક્યા છે.પરંતુ ભારત દેશનું શાસન-પ્રશાસન આદિવાસી જીવનશૈલી અને પર્યાવરણનું મહત્વ સમજતી ના હોય અમે આદિવાસી લોકો આપને વિનંતી કરીએ છીએ કે તમે અમેરીકા રાષ્ટ્રપ્રમુખ તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટીથી જે આદિવાસીઓનો વિનાશ - પર્યાવરણને નુકસાન અને આદિવાસી ઓના બંધારણીય અધિકારો ખતમ થઈ રહયાં છે, જુઠ્ઠા વિકાસના નામે આદિવાસીઓની જમીનો અમારા જ દેશની સરકારો દ્વારા લૂંટવામાં આવી રહી છે.એ અંગે ભારત દેશની સરકાર અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના આદિવાસી ઓના ગંભીર સમસ્યાઓ બાબતે તમે મધ્યસ્થી બનો તેવી અમારી પ્રાર્થના છે.